Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૩૧૬
તા.૨૫-૧૨-૨૦૧૭, સોમવાર
સંવત ૨૦૭૪ પોષ સુદ - ૦૭
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૨૦ સૂર્યાસ્ત : ૦૬:૦૧

તાપમાન
ડીસા ૧૧.૪ | વડોદરા ૧૩.૪
અમદાવાદ ૧૦.૧ | સુરત ૧૪.૮
ગાંધીનગર ૦૯.૫ | નલિયા ૦૭.૬

ચાંદી : ૩૭,૫૦૦ સોનું : ૨૯,૪૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

રખેવાલ

સંચાલક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૩૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

હિમાચલના મુખ્યમંત્રી પદે જયરામ ઠાકુરની તાજપોશી

ચૂંટાયેલા ભાજપ ધારાસભ્યોની બેઠકમાં નેતા ચૂંટાયા : ઠાકુર ૨૭મી ડિસેમ્બરના દિવસે મુખ્યમંત્રી તરીકે શપથ લેશે : વડાપ્રધાન પણ હાજરી આપશે

સિમલા

હિમાચલ પ્રદેશમાં આગામી મુખ્યમંત્રી કોણ બનશે તેને લઈને છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી તમામ અટકળોનો આજે અંત આવી ગયો હતો. હિમાચલ પ્રદેશમાં ધારાસભ્યોની આજે બેઠક યોજાઈ હતી જેમાં જયરામ ઠાકુરના નામ ઉપર મંજુરીની મહોર મારવામાં આવી હતી. આની સાથે જ જયરામ ઠાકુર હિમાચલ પ્રદેશના ૧૩માં મુખ્યમંત્રી બનશે. આ અંગેની સત્તાવાર જાહેરાત મોડેથી કરવામાં આવી હતી. બેઠકમાં ધારાસભ્ય પક્ષના નેતા તરીકે જયરામ ઠાકુરના નામના પ્રસ્તાવ પાર્ટીના વરિષ્ઠ નેતા પ્રેમકુમાર ધુમલ દ્વારા કરવામાં આવી હતી જેનું તમામ ધારાસભ્યોએ સમર્થન આપ્યું

હતું. સર્વસંમતિથી જયરામ ઠાકુર નેતા તરીકે ચૂંટાઈ આવ્યા હતા. પાર્ટીના કેન્દ્રિય નિરીક્ષક નરેન્દ્રસિંહ તોમર અને નિર્મલા સીતારામન પણ વિશેષરીતે ઉપસ્થિત રહ્યા હતા. તોમરે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, રાજ્યપાલને મળીને સરકાર રચવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. રાજ્યપાલના આદેશ મુજબ શપથ લેવામાં આવશે. ૧૮મી ડિસેમ્બરના દિવસે હિમાચલ પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામ જાહેર થયા બાદથી નવા મુખ્યમંત્રીને લઈને અટકળોનો દોર ચાલી રહ્યો હતો. અસમંજસની સ્થિતિ બનેલી હતી. કારણ પૂર્વ મુખ્યમંત્રી અને મુખ્યમંત્રીપદ ના દાવેદાર પ્રેમકુમાર ધુમલ ચૂંટણી હારી ગયા હતા. ત્યારબાદથી જેપી નડ્ડા અને પાંચ વખતના ધારાસભ્ય જયરામ ઠાકુરના નામ સપાટી ઉપર આવી રહ્યા હતા. એમ માનવામાં આવી રહ્યું હતું કે, જેપી નડ્ડાને મુખ્યમંત્રી અને ઠાકુરને નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવી શકે છે પરંતુ અંતે જયરામ ઠાકુરના નામ ઉપર મંજુરીની મહોર લાગી હતી. ભાજપના નેતાઓની ખુબ મોટી સંખ્યા એકત્રિત રહી હતી. કેન્દ્રીયમંત્રી જેપી નડ્ડાને મુખ્યમંત્રી બનાવવાની તરફેણમાં મોટી સંખ્યામાં લોકો હતા. આ નેતાઓનું માનવું હતું કે, પ્રદેશમાં મજબૂત નેતૃત્વમાં આપવામાં નડ્ડા સફળ રહેશે પરંતુ એક વર્ગના લોકોએ જયરામ ઠાકુરને મુખ્યમંત્રી બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

વિચાર વૈભવ

પસ્તીના ઢગલામાંથી

વિટામિન અંગેની સમજ ધરાવનાર માટે ખાવાની ક્રિયા માત્ર ઉદરભરણ માટેની ક્રિયા કરતાં વિશેષ અર્થપૂર્ણ બની જાય છે. મચ્છર અને મેલેરિયા વચ્ચેના કાર્યકારણ સંબંધની ખબર ન હોય એવા કરોડો અભણ લોકોને ઘોતાના શરીર પર બેઠેલા મચ્છરને ઉડાડવાની જરાય ઉતાવળ હોતી નથી. તકિયો તાવ આવે ત્યારે તેણે એ માટે મચ્છરને ગળેવતા નથી. મચ્છરદાની એમને નજરકેદ જેવી લાગે છે પરંતુ તાવ સાથે ત્યારે અમે તેટલા ગોદડા ઓઢવા પડે છે. મચ્છરદાની અને મેલેરિયા વચ્ચેની દુશ્મનાવટ એમની ધ્યાન બહાર જ રહી જવા પામે છે.

સદીઓથી માણસને તાવ આવતો રહ્યો છે પણ એમાં મચ્છર જે ફાળો આપે છે તે અંગેનું ભાન તો માંડ છેલ્લી એકાદ સદીમાં એને થયું. પૃથ્વી સપાટ નથી પરંતુ ગોળ છે અને તે સૂર્યની આસપાસ ફરે છે એવું ભાન આપણને ખૂબ મોડું થયું. પ્રકાશની ગતિ અંગે; પૃથ્વી પરનાં મૂળભૂત તત્વો અંગે; અણુની સંરચના અંગે; પૃથ્વી પરનાં મૂળભૂત તત્વો અંગે; અણુની સંરચના અંગે; વનસ્પતિમાં જીવ છે કે નિર્જી અને વરાળની તથા વિદ્યુતની તાકાત વિશે આપણે સદીઓ સુધી બેભાન રહ્યાં.

મનની અગાધ શક્તિ વિશે આપણે હજી લગભગ અજાણ છીએ. મોટાભાગે કોમ મચાક નથી આવતી તે વિશે પણ આપણે ઝાઝું જાણતા નથી. વાંબા આયુષ્યનું રહસ્ય હજી આપણને પ્રાપ્ત નથી થયું. હજી નવી અને જુની પેઢી વચ્ચેના વિસંવાદનું રહસ્ય આપણે પામી શક્યા નથી. હજી ગરીબી શી રીતે દૂર થાય તે અંગેનું ખરું જ્ઞાન માત્ર પ્રધાનો સુધી જ પહોંચી શક્યું છે. હજી ભેળસેળ કોમ કરવી તે અંગેની પૂરી જાણકારી ઉંચાદીનો પ્રજા સુધી પહોંચાડતા નથી. હજી માણાપણે સમજાતું નથી કે જે બાબત વર્ગમાં ન સમજાય તે વિદ્યાર્થીઓને ટ્યુશન ક્લાસમાં શી રીતે તરત સમજાઈ જાય છે.

વકીલો ગુનેગાર આદમીને નિર્દોષ શી રીતે છોડાવી શકે તે સામાન્ય માણસને નથી સમજાતું. ભરચક ભીડમાંય દિશાની ગતિ શી રીતે જળવાઈ રહે છે તે અંદર બેઠેલા પેસેન્જરને નથી સમજાતું. વળી પેટ્રોલમાં કેરોસીન ભેળવવા છતાંય દિશા શી રીતે ચાલતી રહે છે તે પેટ્રોલપંપના માલિકને નથી સમજાતું. સિમેન્ટની ગંગી હોવા છતાંય કાબાબજારમાં એ જોઈએ તેટલી શી રીતે મળે એ વાતનું રહસ્ય હજી લોકોને સમજાતું નથી.

સમજ અને ગેરસમજ મળીને જે રસાયણ બને તેને લોકો જીવન કહે છે.

- ગુણવંત શાહ

પાલનપુરમાં ફાયરિંગ કેસમાં જમ્મુ કાશ્મીરનું કનેક્શન બહાર આવ્યું

માલણના શખ્સે કાશ્મીરથી ત્રણ હથિયારો ગેરકાયદેસર લાવી રાખ્યા હોવાની રાવ

પાલનપુર

પાલનપુરના રેલવે સ્ટેશન વિસ્તાર માં આવેલી હોટલના કબજાને લઈને આજથી સાડા ત્રણ માસ અગાઉ ધોળા દહાડે લધુમતિ સમુદાયના બે જુથો વચ્ચે ગેંગવોર થઈ હતી. આ ફાયરિંગ કેસમાં ઝડપાયેલ રિવોલ્વરનું કનેક્શન જમ્મુ કાશ્મીર લંબાતા પોલીસે તપાસ હાથ ધરી હતી. જે તપાસ દરમિયાન, રિવોલ્વર સહિત અન્ય બે હથિયારો પણ ગેરકાયદેસરના મળી આવતા પોલીસે માલણના શખ્સ સહિત કુલ ૩ વ્યક્તિઓ સામે આર્મ્સ એકટ મુજબ ગુનો નોંધી વધુ

સંજય જોષી

તપાસ હાથ ધરી છે.

ઘટનાની ભીતરી વિગતો જોઈએ તો, પાલનપુરમાં ગત ૧૧મી સપ્ટેમ્બરના રોજ રેલવે સ્ટેશન રોડ ઉપર

અનુસંધાન પાના નં.૬

બે રાજસ્થાની શખ્સોના નામ ખૂલ્યા

પાલનપુરમાં બનેલી ફાયરિંગની ઘટનામાં માલણા ગામના અફઝલભાન દાસુણા પાસેથી ગેરકાયદેસર ૩જ બોર રિવોલ્વર, પોઈન્ટ ૬ ૬ બોર રાયફલ અને બાર બોર બંદૂક ઝડપાયા હતા. જે તેણે કાશ્મીરમાંથી મેળવ્યા હતા. તેમજ જિલ્લા મેજીસ્ટ્રેટના હથિયારબંધી જાહેરનામામાં પણ આ હથિયારો જમા કરાવ્યા ન હતા. આ હથિયારો પુરા પાડનારા રાજસ્થાનના અજમેરના વતીમહમદ ભાવાઉદ્દીન અને મહમદ ઉસ્માન શેખના નામ ખુલ્યા છે. જેઓને ઝડપી લેવા પોલીસે ચક્રોગતિમાન કર્યા છે.

થરાદના સુમતિનાથદાદાના દેરાસરનો દરવાજો સળગાવી ભંડારામાંથી ચોરી

મંદીરના ભંડારામાં ૫૦ હજારની રોકડ હોવાની આશંકા : પોલીસે તપાસ હાથ ધરી

થરાદ

થરાદ શહેરના રાજેન્દ્રનગર સોસાયટીમાં આવેલા એક જૈનદેરાસરનો દરવાજો સળગાવી તેમાં બાકોરૂ પાડી અંદર પ્રવેશ કરી ભંડારામાંથી રોકડ રકમની ચોરી કરાતાં ચકચાર મચવા પામી છે.બનાવના પગલે દોડેલા પીઆઇ એ વધુ કાર્યવાહી હાથ ધરી હતી.મંદીરના ભંડારામાં ૫૦ હજારની રોકડ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી. થરાદ શહેરની રાજેન્દ્રનગર સોસાયટીમાં સુમતીનાથ દાદાનું જિનાલય આવેલું છે.જેના પુજારી અશોકભાઈ જયદેવરામ ઓઝા શનિવારની સાંજે સાડાસાત વાગ્યે રોકાતા મુજબ દેરાસરના દરવાજા બંધ કરીને ઘેર ગયા હતા. રવિવારની સવારના સુમારે આવતાં મંદીરનો દરવાજો ખુલ્લો જણાતાં તપાસ કરતાં

વિષ્ણુ દવે

કોઈ અસામાજીક તત્વો દ્વારા દરવાજાને સળગાવીને તેમાં બાકોરૂ પાડવામાં આવ્યું હતું.ત્યાર બાદ અંદરથી ખોલીને તેમાં પ્રવેશ કરાયો હતો.અને મંદીરમાં રહેલા ભંડારામાંથી રોકડ રકમની ચોરી કરવામાં આવી હતી. આ અંગે અમરતલાલ કકલદાસ દોશી

અનુસંધાન પાના નં.૬

ધાનેરાના વિવાદીત શોપીંગ સેન્ટરની આગામી શુક્રવારે હરાજી : સ્થાનિક રાજકારણમાં ભડકો

સ્થાનિક આગેવાનોના પેટમાં તેલ રેડાયું : શહેરના વિકાસ કામોમાં રોડા બનતા આગેવાનો : આક્ષેપ પ્રતિઆક્ષેપોનો દોર શરૂ

ધાનેરા,

ધાનેરા શહેરમાં બસ સ્ટેશન અને રેલ્વે સ્ટેશન રોડ ઉપર આવેલા ત્રિકોણીયા બિલ્ડીંગમાં આવેલી દુકનોની આગામી શુક્રવારે હરાજી થવા જઈ રહી છે. ત્યારે વિવાદીત બિલ્ડીંગના લોકાર્પણ પહેલા જ સ્થાનિક આગેવાનો પેટમા તેલ રેડાતા રાજકારણમાં ભડકો થયો છે. શહેરમાં થઈ રહેલા અનેક વિકાસ કામોમાં આગેવાનો રોડા નાંખતા હોવાની વાતોએ પણ લોકમાં ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. તો બીજી તરફ આ હરાજીને અટકાવવા માટે સ્થાનિક આગેવાનો કોર્ટમાં દોડા દોડી કરી રહ્યાં હોવાનું પણ સામે આવ્યું છે.પરંતુ બીજી તરફ આગામી શુક્રવારે આ વિવાદીત બિલ્ડીંગમાં આવેલી દુકાનોની હરાજી થવાના સમાચારથી લોકોમાં આનંદ જોવા મળ્યો છે. ધાનેરા શહેરમાં નગર પાલિકા દ્વારા વર્ષ ૨૦૧૦માં

એન.કે.મોદી

ત્રિકોણ રસ્તા પર શોંપિગ સેન્ટરના બાંધકામનું કામ હાથ ધરવામાં આવ્યું હતું.જ્યારે આ નવ નિર્માણ પામેલા બિલ્ડીંગમાં ૧૩૮ દુકાનોમાં વિવિધ દબાણકારોને પણ દુકાનો ફાળવવામાં આવી છે. પરંતુ જે તે સમયે સ્થાનિક આગેવાનો દ્વારા

અનુસંધાન પાના નં.૬

ચૂંટણી નજીક આવતા ઝડપી નિર્ણય લેવાય છે

આ અંગે નગર પાલિકાના પૂર્વ "મુખ ભગવંતસિંહ રાવનો સંપર્ક સાધવા તેમણે જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં નગર પાલિકાની ચૂંટણીનો આવતી હોવા સંજોગોમાં દ્વારા પોતાની સત્તની "સિદ્ધી મેળવવા માટે ઝડપી નિર્ણય લીધો છે.

નગરપાલીકાને રૂપિયા ૧૦ થી ૧૫ કરોડની આવક થશે

આ અંગે ધાનેરા નગર પાલિકાના ઉપ પ્રમુખ જગદીશભાઈ દવે જણાવ્યું હતું કે, શહેરમાં લોકોને સામને પાંચ વર્ષ માટે ભાજપ સરકારને વહીવટ સોપેલ છે, જે અંગે નિષ્પક્ષ નીભાવીશું શહેરમા બનાવામાં આવેલા શોપીંગ સેન્ટરમાં ૧૩૮ દુકાનો છે. જેમાં ૩૦ ટકા દુકાનો દબાણકારોને, અનામત અને એકનીની ૧૦ ટકા દુકાનો, એકનીની ૧૦ ટકા દુકાનો આવામાં આવશે, આ રકમમાંથી ૧૦ થી ૧૫ કરોડ રુપિયાની બચત થશે. જેનો ઉપયોગ વિકાસ કાર્યોમાં કરવામાં આવશે.

વિકાસમાં વિરોધ શા માટે

ધાનેરા શહેરમાં છેલ્લા સાત વર્ષથી નવુ નિર્માણ પામેલુ શોપીંગ સેન્ટર અનેક સવાલોના ઘેરામાં રહ્યું હતું. પરંતુ ધાનેરા શહેરમાં થઈ રહેલા વિકાસ કામમાં એક યા બીજી રીતે સ્થાનિક આગેવાનો દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. પરંતુ લોકો આ શહેરમાં વિકાસ જોવા માંગે છે કે શહેરમાં રહેલી સ્થિતિને યથાવત રાખવા માંગે છે તે એક પ્રશ્ન છે.

ન.પા.ની આવકમાં વધારો થશે

ધાનેરામાં બનાવામાં આવેલું શોપીંગ સેન્ટર છેલ્લા સાત વર્ષથી વિવાદોના ઘેરામાં રહ્યું છે. ત્યારે આ શોપીંગ સેન્ટરમાં આવેલી ૧૩૮ દુકાનોના વેચાણથી ન.પા.ની આવકમાં પણ વધારો થશે. આ આવક અંદાજે ૧૦ કરોડ રુપિયાને આંબશે તેવી પણ શકયતાઓ જોવા મળી રહી છે.

વડગામના અપક્ષ ઉમેદવારે સાજીસ રચનારાઓને બેનકાબ કરવાની માંગ કરી

અશ્વિન પરમારે ફોર્મ પરત નહી ખેંચવાના બે કરોડ રૂપિયા લીધા હોવાની ઓડિયો કલીપ વાયરલ થઈ હતી

પાલનપુર

બનાસકાંઠા જિલ્લાની વડગામ વિધાનસભાની ચૂંટણી દરમિયાન અપક્ષ ઉમેદવારે રૂપિયા બે કરોડ લઇ પોતાનું ફોર્મ પરત નહી ખેંચે જેના કારણે ભાજપના ઉમેદવારનો પરાજય થશે તેવી ઓડિયો કલિપ સોશિયલ મિડીયામાં વાયરલ થઈ હતી. જે અંગે અશ્વિન પરમારે એલ.સી.બી પી.આઈ.ને રજુઆત કરી આ ઓડિયો કલીપ વાયરલ કરી પોતાની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડનાર તત્વોને બેનકાબ કરવાની માંગ કરી હતી. વડગામ વિધાનસભા બેઠક ઉપર ભાજપે વિજય ચકવર્તીને ઉમેદવાર તરીકે પસંદ કર્યા હતા. જોકે, કોંગ્રેસ દ્વારા અંતિમ સમય સુધી કોઈને મેન્ડેડ આપવામાં આવ્યું ન હતુ. ત્યારે પૂર્વ ધારાસભ્ય સ્વ. દોલતભાઈ પરમારના પુત્ર ડીસાના અશ્વિનભાઈ પરમારે અપક્ષમાંથી ઉમેદવારી નોંધાવી હતી. જોકે, ચૂંટણી પ્રચાર દરમિયાન સોશિયલ મિડીયા ઉપર એક ઓડીયો કલિપ વાયરલ થઈ હતી. જેમાં રમેશ નામનો શખ્સ સામેના શખ્સને ફોન ઉપર અપક્ષ ઉમેદવાર અશ્વિનભાઈ પરમારનું નામ લઈ તેમણે ફોર્મ પરત નહી ખેંચવા માટે રૂપિયા બે કરોડ લીધા

અનુસંધાન પાના નં.૬

બેસણું

સ્વ. ગંગારામ માધુરામ ત્રિવેદી
જન્મ તા.૨૫/૧૨/૧૯૫૭

અમારા પિતાશ્રી સ્વ. ગંગારામ માધુરામ ત્રિવેદી (સમણાવાળા) નું તા. ૨૨/૧૨/૨૦૧૭ ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું સમસ્ત બેસણાનું તા. ૨૫/૧૨/૨૦૧૭ ને સોમવારના રોજ સવારે ૯-૦૦ થી ૩-૦૦ વાગ્યા સુધી સાગેર તે ઠેકાણે સજ્જનોનું બેસણું બપોરે ૩-૦૦ થી ૪-૦૦ વાગ્યા સુધી સાગેર છે.

સ્થાન : ૬૬૬૨ સમાજની વાડી, ૬૬૧૧ કોલોની, પાણીના બોરની પાસે, ડીસા

શ્રી ત્રિવેદી કિશોરકુમાર ગંગારામ (પુત્ર) (કે.ટી.)
ત્રિવેદી ભરતકુમાર ગંગારામ (પુત્ર)
તથા સમસ્ત નાગરાણી પરિવાર

બેસણું



ગુકોલ લધાભાઈ પરબતભાઈ
સ્વ.તા.૨૪-૧૨-૨૦૧૭

અમારા પિતાશ્રી ગુકોલ લધાભાઈ પરબતભાઈ સંવત ૨૦૭૪ પોષ સુદ-૬ ને રવિવાર, તા.૨૪-૧૨-૨૦૧૭ના રોજ દેવલોક પામેલ છે. પ્રભુને ગમ્યું તે ખરું,સદ્‌ગતનું બેસણું પોષ સુદ-૬,તા.૨૬-૧૨-૨૦૧૭ને બુધવારના રોજ (સમાજના રીત રીવાજ મુજબ) રાખેલ છે.

સ્થાન : ફાર્મ હાઉસ કોટડા(ઈ).તા.દીયોદર,જુ.બનાસકાંઠા મો.૯૪૨૮૯ ૯૧૨૩

શ્રી.

ગુકોલ જગમાલભાઈ લધાભાઈ (પુત્ર) | ગુકોલ ભાવરાભાઈ અજમલભાઈ (ભાઈ)
ગુકોલ કલ્યાણભાઈ લધાભાઈ (પુત્ર) | (તા.પં.સદસ્ય,દીયોદર)
ગુકોલ બેમાભાઈ પરબતભાઈ (ભાઈ) | ગુકોલ રમણભાઈ દેવશીભાઈ (ભત્રીજા)
ગુકોલ ધુડાભાઈ ધરમશીભાઈ (ભાઈ) | ગુકોલ દાંનાભાઈ દામાભાઈ (ભત્રીજા)

બેસણું



સ્વ. વાહજીભાઈ ખોડાભાઈ ખટાણા
સ્વ. તા. ૨૪/૧૨/૨૦૧૭, રવિવાર
ચેસ્ટેન : વિઠોદર ફુલ ઈ.સ.મંડળી

અમારા પરમ પુજ્ય પિતાશ્રી
વાહજીભાઈ ખોડાભાઈ ખટાણાનું દુઃખદ
અવસાન તા. ૨૪/૧૨/૨૦૧૭ ને રવિવારના રોજ
થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૨૭/૧૨/૨૦૧૭ ને
બુધવારના રોજ નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : મું. વિઠોદર (ફાર્મ હાઉસ પર) તા. ડીસા જિ. બનાસકાંઠા

સ્વ. દેવજીભાઈ ખોડાભાઈ ખટાણા (ભાઈ)
રામજીભાઈ ખોડાભાઈ ખટાણા (ભાઈ)
નીલાભાઈ ખોડાભાઈ ખટાણા (ભાઈ)
કુરશીભાઈ વાહજીભાઈ ખટાણા (પુત્ર)

શ્રી ઈશ્વરભાઈ વાહજીભાઈ ખટાણા (પુત્ર)
(પ્રભાત ટ્રેડર્સ - પાંથાવાડા)
મગનભાઈ રામજીભાઈ ખટાણા (ભત્રીજો)
અમરભાઈ દેવજીભાઈ ખટાણા (ભત્રીજો)
ઈશ્વરભાઈ નીલાભાઈ ખટાણા (ભત્રીજો)

તથા સમસ્ત ખટાણા પરિવાર

સૂર્યોદય - ૭.૨૦ સૂર્યાસ્ત - ૬.૦૧

તિથિદર્શન

પોષ સુદ-૭ સોમવાર ૨૦૭૪



વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :એમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ પોષ સુદ : સાતમ સોમવાર નક્ષત્ર:પૂર્વભાદ્રપદ રાત્રે ૧.૧૦ પછી ઉત્તર ભાદ્રપદ યોગ :સિદ્ધિ કરણ :ગર આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ.શ.ષ.સ.) સાંજે ૬.૫૩ પછી મીન (દ.ચ.ઝ.થ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

પાલનપુરના માલણ ગામે હુમલામાં ઘવાયેલ આધેડનું મોત

આરોપીને ઝડપી લેવા પોલીસની તજવીજ


સંજય જોષી

પાલનપુર તાલુકાના માલણ ગામે નજીવી બાબતે એક આધેડ ઉપર કુહાડીથી હુમલો કરતાં તેનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. જે અંગે પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આરોપીને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા હતા. પાલનપુર તાલુકાના માલણ ગામે બકરીઓ માટે ચારો લઈને આવતા રીક્ષા સાથે અથડાતાં કરશનભાઈ વાલ્મીકી ઉ.વ.૫૫ અને પકાભા ઠાકોર નામના રીક્ષા ચાલક વચ્ચે મારા મારી થઈ હતી. જેમાં પકાભા ઠાકોરે કરશનભાઈને પીઠના ભાગે કુહાડીના ઘા મારતાં તેમને ગંભીર હાલતમાં સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમિયાન કરશનભાઈ વાલ્મિકીનું મોત નીપજ્યું હતું. આ અંગે પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આરોપીને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા હતા.

ચિંતન - સુરેશ પ્રા.ભટ્ટ

નોરિછષ્ટં કસ્યચિત્ દધાત ન અદ્યાએવં તથાન્તરા ન ચેવાત્યશનં કૃયાન્ન ચોચ્છિષ્ટં ક્વચિત વ્રજેત

આ શ્લોકમાં 'ભોજન' માટેની 'મેનર્સ' રીતભાત સમજાવવામાં આવી છે: 'ભોજન કર્યા પછી કોઈએ 'છાંટણ' મૂકવું નહીં (પોતાની ખાવાની શક્તિથી વધારે લીધેલા પ્રમાણને થાળીમાં બાકી રાખી અનાજનો ભગાડ કરવો એટલે છાંટણ.). બે ભોજન, સવાર - સાંજ, વચ્ચે ત્રીજીવાર ખાવું નહીં. વળી, ભૂખ અને પાચનશક્તિથી વિશેષ પેટમાં ઠાંસ ઠાંસ કરી પેટ ભરવું નહીં, અને ભોજન છોડીને વચ્ચેથી ઊઠી જવું નહી. અનાજ કીમતી છે. આપણે ઘેર તો ખૂબ સાચવીને રસોઈ બનાવીએ છીએ અને જરૂર પૂરતું જ થાળીમાં લઈએ છીએ પણ નાતવરો કે ભોજનપાર્ટીમાં બુફેમાં ખાવા- પીવાની મર્યાદા છોડી અજ્ઞાણી- નવી- ન ભાવતી વસ્તુ- વાનગી લઈ અનાજનો ભગાડ કરીએ છીએ. ઘણાં લોકોને ભૂખ ન હોય તો પણ નાસ્તા ખાવાનું જોઈ પેટમાં 'નાખ-નાખ'ની વૃત્તિ હોય છે. આ બીમાર પડવાનો ઉપાય છે. પેટને અને પાચનશક્તિ પૂછીને જ ખાવું જોઈએ. આપણાં શાસ્ત્રોએ પણ ખાવા- પીવાનાં વિધિવિધાન કહ્યાં જ છે, આયુર્વેદમાં પણ કઈ વાનગી ક્યારે ખાવી- ન ખાવી, કઈ વસ્તુ કોની સાથે ન ખાવી એ બધા નિયમો છે પણ હવે 'ડિઝર્વ' ની સવલતને કારણે બારેમાસ ભક્ષ્યાભક્ષ્ય ખાવાનું ચાલુ જ હોય છે.

ભોજન પણ એક પ્રકારનો ક્રિયાકાંડ છે, તેના વિધિવિધાન જાણી લેવાં ખૂબ જ જરૂરી- મહત્વનાં છે.

આજનો દિન મહાન - યશવંત કડીકર

આપણા દેશની નવી પેઢીનું ચારિત્ર્ય ઘડતર આદર્શોને,સિદ્ધાંતોને અનુરૂપ એક વિશ્વવિદ્યાલય (બનારસ હિંદુ યુનિવર્સીટી)ની સ્થાપના કરનાર ભારતભૂષણ પંડિત મદનમોહન માલવિયાજીની જન્મજયંતી છે.એમનો જન્મ પ્રયાગરાજ (અલ્હાબાદ)માં ૨૫-૧૨-૧૮૬૧ના રોજ થયો હતો. સંસ્કૃત,હિંદી અને અંગ્રેજી ત્રણે ભાષા પર પ્રભુત્વ ધરાવતા માલવિયાજીની વકતૃત્વ શક્તિ જેટલી આકર્ષક અને પ્રભાવકારક હતી તેટલી જ એમની લેખનશકિત ધારદાર અને અસરકારક હતી.

આ મહાન શિક્ષણશાસ્ત્રીનું ૧૨-૧૧-૧૯૪૬ ના રોજ અવસાન થયું.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રમ્યેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેધ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થની કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

ઠંડીના માહોલમાં તસ્કરો બેફામ બન્યા

લાખણીમાં એક જ રાત્રિમાં ૪ મકાન અને ૧ દુકાનના તાળાં તુટ્યા

૪ મકાન અને ૧ દુકાનમાંથી ૧ લાખ ૫૩ હજાર રોકડ અને સોના - ચાંદીના દાગીનાની ચોરી

દિલીપ પુરોહીત

પ્રતિનિધિ લાખણી

લાખણીના લક્ષ્મીપાર્ક સોસાયટીમાં આવેલ ૪ મકાનો અને બજારમાં આવેલ એક જવેલર્સની દુકાને રાત્રિના સુમારે તસ્કરોએ નિશાન બનાવી તાળાં તોડી અંદર રહેલ રોકડ રકમ અને સોના - ચાંદીના દાગીનાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. ભરચક સોસાયટીમાં તસ્કરો ત્રાટકતાં ત્યાં વસવાટ કરતા રહીશોમાં ફફડાટ ફેલાયો છે.

ક્યાં ચોરી થઈ ?

ઠક્કોરભાઈ રમેશભાઈ પ્રજાપતિ-૧.૯૨ લાખ રોકડ - ચાંદીના દાગીના
વિષ્ણુભાઈ રામચંદ્ર પુરોહિત - ૧૫૦૦ રોકડ - બે જોડ કડલા ચાંદીની પાયલ
ભરતભાઈ જયંતિલાલ રાઠોડ - ૧૦૦૦ રોકડ - સોનાની બુઢ્ઢી, ચાંદીની પાયલ
નરપતસિંહ ઠાકોરસિંહ રાજપુરોહિત - ૧૦ હજાર રોકડ - ૫ ગ્રામ સોનાની બટી,
દિનેશભાઈ ધરમાજી સોની (સુજાતી જ્વેલર્સ) ૭૦૦ ગ્રામ ચાંદીનો સામાન

આગથળા પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર તાલુકા મથક લાખણીમાં હાઈવે રોડ ઉપર આવેલ લક્ષ્મીપાર્ક સોસાયટીમાં આવેલ ૪ મકાનોનાં ઘરમાલિકો પોતાના અંગત અકામને સામાજીક કામકાજ અર્થે બહારગામ ગયેલ અને મકાનોને તાળાં મારીને ગયેલ હતા ત્યારે તેનો લાભ લઈને અજાણ્યા ઈસમો રાત્રિના સુમારે બંધ મકાનોને નિશાનમાં લઈને તીક્ષણ હથિયાર વડે ઘરના તાળાં તોડી અંદર પ્રવેશ કરીને ઘરવખરીની ચીજવસ્તુઓ કપડાં અને તિજોરીના તાળા તોડી અસ્તવ્યસ્ત કરી જ્યાંથી જે મળ્યું તે લઈને ફરાર થઈ ગયેલ. જે પૈકી એક ઘરમાંથી તાળા તોડ્યા પણ અંદરથી કશું જ નમળ્યું ત્યારે કોઈના ઘરે બહાર મુકાઈ રહેલ નાહવાના રૂમાલ લઈને ફરાર થયા અને ત્યારે રાત્રિના સુમારે ૩ વાગ્યા આસપાસ હરેશભાઈ રમેશભાઈ પ્રજાપતી જેઓ બહારગામથી પોતાના ઘરે આવતાં તાળું તુટેલ હોવાથી

અનુસંધાન પાના નં.૬

ધાનેરામાં વધતી જતી બાઈક ચોરીથી પ્રજામાં ફફડાટ

બે શખ્સો બાઈકની ચોરી કરતાં સીસીટીવી કેમેરામાં કેદ

એન.કે.મોદી

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા નગર પાલિકા વિસ્તારમાં બાઈક ચોરીઓ વધી રહી છે જેના કારણે આમ પ્રજામાં ભયની લાગણી વ્યાપી છે. છેલ્લા એક માસમાં ચારેક બાઈકોની ચોરી, થઈ હોવાનું જાણવા મળે છે. ધાનેરા નગર પાલિકા વિસ્તારમાંથી મધુ સુદન માર્કેટ, મધુસુદન પ્લાઝા દેવ દર્શન સોપીંગ આગળ, એસ્સાર પેટ્રોલ પંપ નજીક સમર્પણ હોસ્પિટલની આગળથી બાઈકો ચોરાયા છે. જેમાં હીરો હોન્ડનું સ્પ્લેન્ડરની ચોરીઓ આસાનીથી થઈ રહી છે.

જોકે સીસીટીવી ફુટેજ જોતા બે યુવકો બાઈકો પડ્યા હોય ત્યાં આવે છે એક જણા ચોકી કરે છે બીજો લોક તોડીને જતો રહે છે જ્યારે જે ચોકી કરતો હોય છે તે કોઈપણ વિચાર કર્યા વગર બાઈક લઈને જતો રહે છે. તા.૧૦/૧૨/૨૦૧૭ ના રોજ પ્રેરણા હોસ્પિટલ આગળથી પ્રેરણા હોસ્પિટલમાં નોકરી કરતાં પ્રવિણભાઈ ખેમસીભાઈ પ્રજાપતિ નવું હીરો હોન્ડા નં.જીજે.૦૮. ૧૯૦૪ નંબરનું ૩૫૦૦૦ નું હોસ્પિટલના નીચેના ભાગમાં મુકી નોકરી ઉપર ગયા હતા બાદમાં નોકરી કરી નીચે જતાં બાઈક ગુમ સીસીટીવી ફુટેજમાં ઉપર મુજબ દશ્ય જોવા મળતાં તેની શોધખોળના અંતે ધાનેરા પોલીસમાં ફરીયાદ નોંધાવી છે.

જ્યારે અન્ય મોટર સાઈકલ ડ્રે.લાખાભાઈનાં ત્યાં સર્વિસ કરતાં પ્રજાપતિ માનસંગભાઈ ખાનાજી પોતાનું મોટર સાયકલ સમર્પણ હોસ્પિટલ આગળ મુકી ઉપર કામકાજ અર્થે ગયા હતા. બાદમાં નીચે આવીને જોતા બાઈક હીરોહોન્ડા સ્પ્લેન્ડર જીજે.૦૮. બી.એ.૭૨૧૮ નંબરનું પણ ઉપરોક્ત રીતેજ બે યુવકો ચોરી ગયા હતા. આ રીતે અન્ય મોટર સાયકલ પણ ચોરી થઈ હતી. આ બાબતે પોલીસને પૂછતાં પોલીસે નામ ન આપવાની શરતે જણાવેલ કે ધાનેરા તાલુકાના ૧૮ ગામોમાં પોલીસ કર્મીઓની ઘટવર્તાય છે. કેવી રીતે પહોંચી વળવું તે સમજતું નથી. સરકારમાં રજુઆત કરી નવીન મહેકમમાં વધારો થાય તો અમે કંઈક કરી શકીએ. બાકી નેતાઓના બંદોસ્ત, ચૂંટણી, કોર્ટ હાજરી જેલ ઉપર તથા પી.એસ.ઓ.ના ચાર્જમાં ઘણી વખત સતત ચોવીસ ચોવીસ કલાક નોકરી કરવી પડે છે.

પાલનપુરમાં બાઇક ચાલકને પી.એસ.આઈ.એ ધમકી આપી હોવાની રાવ

મહિલા કાર ચાલકે યુવકનો ફોન નંબર લઈ ઘરે જઈ પી.એસ.આઈ ભાઈ પાસે ફોન કરાવ્યો હોવાની ચર્ચા

પાલનપુર

પાલનપુરના કલ્યાણતંત્ર ભવન પાસે એક મહિલાની કારને પાછળ થી ટક્કર મારનાર બાઈક ચાલકને મહિલાના પી.એસ.આઈ.ભાઈએ ધમકી આપતા ચકચાર મચી જવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, પાલનપુરની સ્ટેટબેંક સોસાયટી બેચરપુરા ખાતે રહેતા બાબુભાઈ સૈનીની પુત્ર તેજસ ગત ૧૭મી ડિસેમ્બરના રોજ બાઈક લઈને કલ્યાણતંત્ર ભવન (લાલ બંગલા) સામેથી પસાર થઈ રહ્યો હતો. દરમિયાન, આગળ જતી કારના મહિલા ચાલકે ઓચિંતી બ્રેક કરતાં બાઈક કારની પાછળ અથડાયું હતુ. ત્યારે મહિલાએ કારને થયેલા સામાન્ય નુકશાન માટે નાણાંની માંગણી કરી રકઝકના અંતે યુવકનો મોબાઈલ નંબર લઈ ઘરે ગઈ હતી. દરમિયાન, થોડીવાર પછી સામેથી ફોન આવ્યો હતો. જેમાં હું પોલીસ ઈન્સપેકટર બોલું છુ. ખર્ચો આપે છે કે ફરિયાદ કરૂ તુ મને ઓળખતો નથી. તને ગમે ત્યાંથી ઉપાડી જઈશ. આવી ધમકી આપતાં યુવકના પિતા બાબુભાઈ સૈનીએ ટર્બુકોલરમાં નંબર તપાસતાં આ નંબર પી.એસ.આઈ નિલેશ ચૌધરીના નામનો હોવાનું જાણવા મળ્યું હતું. આ પી.એસ.આઈ પાટણમાં ફરજ બજાવતાં હોઈ અને કાર ચાલક તેમની બહેન થતા હોવાનું જાણવા મળ્યું હતુ. આથી પોતાના પુત્રને કોઈ ખોટા ગુનામાં ન સંડોવી દે અને અત્યાચાર ન કરે તે માટે ઘટતી કાર્યવાહી કરવા માટે જિલ્લા પોલીસવડાને રજુઆત કરી હતી.

બાઈક ચાલક સામે જ ફરિયાદ !

કાર ચાલક મનીષાબેન ચૌધરીએ બાઈક ચાલક તેજસ સૈની સામે ધમ્મિક પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી જેમાં કારને ૨૬૬૬ મારતાં થયેલ નુકશાન મુદ્દે કહેવા જતાં યુવકે ધમકી આપી હોવાનો ઉલ્લેખ કરાયો હતો. આ અંગે પોલીસે યુવક સામે ગુનો નોંધી વધુ તપાસ કાર્ય ધરી છે.

ડીસામાં તબીબ પાસે ખંડણી માંગનાર ફરાર આરોપી ઝડપાયો

ડીસા

પોલીસ અધીક્ષક નીરજ કુમાર બડગુજરની ખિલ્લત સંબંધી ગુનાઓ અટકાવવા અને ડીસા ટાઉનમાં તાજેતરમાં થયેલ મોટી ધરફોડ ચોરીઓ શોધી કાઢવા સારું એલ.સી.બી. પોલીસની અલગ અલગ ટીમો બનાવી ગુનો કરનાર ઈસમો શોધી કાઢવા સુચના કરેલ જે આધારે જે એચ સિંધવ પોલીસ ઈન્સ્પેકટર એલ.સી.બી.તથા એલ.સી.બી. ટીમના રઘુવીરસિંહ, ગણપતલાલ, દિગ્વિજયસિંહ, મહેશભાઈ, જયપાલસિંહ, નરેશભાઈ, નિકુલસિંહ, છેલખાન, મિલનભાઈ, વિગેરેની ટીમે ધરફોડ ચોરીઓના ગુનાઓની તપાસમાં હતા જે દરમ્યાન ચોકકસ હકીકત મળેલ કે ડીસા શહેર ઉત્તર પો.સ્ટે. ફર્સ્ટ ગુ.રે.નંબર ૬૩/૧૭ ઈ.પી.કો. કલમ ૩૮૬,૫૦૬(૨),૧૧૪ ના ગુનામાં તપાસ બાબતે પાસે ધંધી ખંડણી માંગી ધમકી આપી ટેલિફોન ઉપર આપી ફરાર આરોપી પાલનપુર ફરતો હોવાની માહિતી આધારે આરોપી ભાવેશભાઈ દીપાજી માળી રહે.માલગઢ કુડાવાળી વાણી તા.ડીસાવાળાની આજરોજ તા.૨૪/૧૨/૨૦૧૭ ના ક.૧૨/૩૦ વાગે પાલનપુર મુકામે અટક કરેલ છે અને તેની પૂછપરછ કરતા તે આ ગુનો કરી ફરાર થયેલ તે પછી અમદાવાદમાં યોગેશ માળીની ગેંગમાં સામેલ થઈ અમદાવાદ તથા નડીઆદ વિસ્તારમાં સાતેક જગ્યાએ ધરફોડ ચોરીના ગુનાઓ આચરેલની કબૂલાત કરતાં તેને પકડી પાડી વધુ તપાસ માટે ડીસા શહેર ઉત્તર પો.સ્ટે. સોંપવામાં આવેલ છે.

પાલનપુરમા પિયર્ષ કંપનીના ઉઠમણાની રાવ

અંદાજે જિલ્લાના ત્રણ કરોડ રૂપિયા ફસાયા હોવાની ચર્ચા

સંજય જોષી

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં કંપનીઓનો ઉઠામણાનો સીલસીલો યથાવત રહેવા પામ્યો છે. જેમાં જિલ્લામાં પાંચમી કંપનીનું ઉઠામણું થતાં કંપનીમાં રોકાણ કરનાર અનેક ગરીબ લોકોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે. પાલનપુરમાં પિયર્ષ કંપનીમાં જિલ્લામાંથી ૧૦૦ જેટલા એજન્ટોએ રોકાણ કરાવ્યું હતું. અંદાજે ૩ કરોડ રૂપિયાનું ઉઠામણું થયાની ચર્ચાએ જોર પકડ્યુ છે. પિયર્ષ કંપનીના સંચાલકો કંપનીને તાળા મારી ફરાર થઈ જતાં રોકાણ કરનાર લોકો ભારે ચિંતામાં મુકાઈ જવા પામ્યા છે.

ડીસા ગાયત્રી શક્તિપીઠ ખાતે બનાસકાંઠા જિલ્લા સ્તરની ગુરૂ ગરિમા શિબિર અને છાત્ર સન્માન


નરસિંહ રબારી

પ્રતિનિધિ વડાવળ

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર, શાંતિકુંજ હરિદ્વાર પ્રેરિત ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા સમગ્ર ભારતમાં વીસ ભાષાઓમાં લેવાય છે. ચાલુ વર્ષે ગુજરાતમાં પો.પ થી કોલેજ સુધીમાં પ લાખ વિદ્યાર્થીઓ અને બનાસકાંઠા જિલ્લામાં લગભગ ૨૫ હજાર વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

બનાસકાંઠા જિલ્લામાં તાલુકા સ્તરે ધોરણવાર પ્રથમ અને દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓમાંથી જિલ્લા સ્તરે ક્રમ નક્કી કરવા પુનઃ મૂલ્યાંકન કસોટીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા સ્તરે પ્રથમ અને દ્વિતીયક્રમ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પારીતોષિક આપીને સન્માનવામાં આવ્યા હતા. આ ઉપરાંત તાલુકા સ્તરે પ્રથમ અને દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ તથા તાલુકામાં અને જિલ્લામાં સૌથી વધુ વિદ્યાર્થીઓ બેસાડનાર શાળાઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ સન્માન સમારંભના કાર્યક્રમની સાથે શિક્ષકો અને આચાર્યઓ માટે જિલ્લા કક્ષાની એક ગુરૂ ગરિમાં શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ડીસા કોલેજના નિયામક છગનભાઈ પટેલ ડીસા તાલુકાના કેળવણી નિરીક્ષક અશ્વિનભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ગુરૂ ગરીમા શિબિર દિનેશભાઈ વ્યાસ ઉપઝોનલ મહેસાણાના પ્રભારીએ સંચાલન કર્યુ હતું અને શિક્ષકોને ભારતીય સંસ્કૃતિ અને માર્ગદર્શન આપીને બાળકોને પ્રોત્સાહિત કરવા અંગે જણાવ્યું હતું. આ ઉપરાંત છગનભાઈ પટેલ અને અશ્વિનભાઈ પટેલે પણ કામગીરીને બિરદાવીને ધન્યવાદ વ્યક્ત કર્યો હતો.

અનુસંધાન પાના નં.૬

મગરવાડા ખાતે પાંત્રીસી બ્રહ્મસમાજના વેલફર ટ્રસ્ટની સાધારણ સભા યોજાઈ



પ્રતિ. સીસરાણા

મગરવાડા મલિષદ્ર વીરદાદાના મંદિરે ગતરોજના પાંત્રીસી બ્રહ્મ સમાજની વેલફેર ટ્રસ્ટ (સામાજિક સુરક્ષા યોજના)ની સાધારણ સભા યોજાઈ હતી આ સભામાં સમાજિક સુરક્ષા અંતર્ગત એજન્ડાની ચર્ચા કરવામાં આવી. ટ્રસ્ટના પ્રમુખ-મંત્રી વિનોદભાઈ રાવલ, પાંત્રીસી સમાજના ઉપપ્રમુખ અશ્વિનભાઈ રાવલ, શરાફી મંડળીના ચેરમેન ચંદ્રકાન્તભાઈ જોષી, બીખાલાલ રાવલ, વાડીલાલ રાજગોર વગેરે હાજર રહ્યા હતા. આ સભાનો હેતુ સમાજના માણસોને સામાજિક અને આર્થિક સુરક્ષા આપવાનો હતો. આ સભામાં સભાસદ ભાઈઓ અને બહેનો બહોળી સંખ્યામાં હાજર રહેલ હતા.

આ સભામાં અન્ય આગેવાનોમાં અમરતલાલ રાવલ, કનુભાઈ ત્રિવેદી (જગાણા), વેલફર ટ્રસ્ટના સભ્યો જગદીશભાઈ જોષી, નટવરલાલ રાવલ, રાજુભાઈ રાવલ, દુષ્યંતભાઈ જોષી,રાજુભાઈ જોષી (ધોરીયાલ), દિનેશભાઈ જોષી અને કનુભાઈ જોષી, ગણપતકાકા વ્યાસ, સુભાષભાઈ વ્યાસ, શૈલેષભાઈ રાજગોર, પ્રભોધભાઈ વ્યાસ, મુકેશભાઈ જોષી વગેરે તેમજ મોટી સંખ્યામાં સભાસદ ભાઈઓ અને બહેનો મોટી સંખ્યામાં હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો અને સમાજના વિકાસ અંગેની ચર્ચાઓ થયેલ હતી.

રવેલ નવા પ્રા.શાળામાં રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમનો પ્રારંભ

એ.જી.ઠોકણી

પ્રતિ. લુદરા

દિયોદરની રવેલ પ્રા.શાળામાં રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ ૨૦૧૭-૧૮ અંતર્ગત ૨૧-૧૨-૨૦૧૭ ને ઉદ્ઘાટન કરવામાં આવ્યું. રવેલ નવા પ્રા.શાળામાં આગામી સમયમાં રવેલ પ્રા.આ કેન્દ્ર દ્વારા ૧૨ ગામોના ૨૦ પ્રા.શાળા તથા ૨૫ આંગણવાડી કેન્દ્ર તથા ૪ માધ્યમિક શાળાના કુલ ૫૭૨૬ બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવશે. જેનું શુભ ઉદ્ઘાટન રવેલ નવા પ્રા.શાળામાં કરવામાં આવેલ જેમાં રવેલ આર.બી.એસ.કે ડૉક્ટર અવનીબેન પંચાલ, કિ.હે.સુ. શાંતાબેન શાળાના આચાર્ય, અંજનાબેન રાઠોડ, મ.પ.હે. સુપરવાઈઝર હાર્દિકભાઈ ત્રિવેદી તથા સ્ટાફગણ હાજર રહેલ.

વાવના સણવાલ પ્રા.આ. કેન્દ્ર ખાતે શિબિર યોજાઈ

વિષ્ણુ પરમાર

તા.પ્રતિનિધિ વાવ

વાવના સણવાલ પ્રા. આ. કેન્દ્ર ખાતે જિ.પંચાયત બ.કાં. પાલનપુરના ઉપક્રમે વ્યસનમુક્તિ તમાકુ નિયંત્રણની એક શિબિર યોજવામાં આવી હતી.

જે ધો.૯ શાળામાં ભણતા સણવાલ હાઈસ્કુલના વિદ્યાર્થીઓ દ્વારા વ્યસનમુક્તીના વિષય ઉપર વકતૃત્વ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં પ્રથમ દ્વિતીય નંબરે આવેલા વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા.

આ પ્રસંગે સણવાલ પ્રા. કેન્દ્રના ડ્રે. પારસભાઈ સુથાર, સુપરવાઈઝર રાજુભાઈ ભરવાડ, રાણાભાઈ ચૌધરી તેમજ આરોગ્ય સ્ટાફ મિત્રોએ હાજરી આપીહતી શિબિરનું સફળ આયોજન અને સણવાલ પ્રા. કેન્દ્રના સ્ટાફ મિત્રો દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે કાર્યક્રમની આભાર વિધિ સણવાલ પ્રા.કેન્દ્રના સુપરવાઈઝર રાજુભાઈ ભરવાડે કરી હતી.

વડગામના મહેશ્વરી પરિવાર દ્વારા ચક્ષુદાન કરાયું

પુષ્કર ગોસ્વામી

તા પ્રતિ. વડગામ

તાલુકા મથક વડગામમાં વર્ષોથી ધંધા-વ્યવસાય સાથે સ્થાયી ખજુરમલ રાઠીનું તાજેતરમાં તા.૯-૧૨-૨૦૧૭ ના રોજ અવસાન થતાં તેમના પરિવાર દ્વારા મૃતકની બન્ને આંખોનું આઈ બેંકને દાન કરી સમાજમાં પ્રેરણાદાયી કાર્ય કર્યું છે પ્રિન્ટીંગ વ્યવસાયમાં તાલુકામાં વિનોદભાઈ કે. રાઠી ખ્યાતી ધરાવે છે અને ગાયત્રી પરિવાર સહિત સામાજીક સેવાની પ્રવૃત્તમાં કાર્યરત છે જેથી તેવોએ પિતાના મૃત્યુ બાદ ચક્ષુદાનનો સંકલ્પ કર્યો હતો.

અનુસંધાન પાના નં.૬

રોયલ સ્કૂલ ઓફ સાયન્સ ધાનેરામાં સાયન્સ મોડેલ્સનું પ્રદર્શન યોજાયું


એન.કે.મોદી

તા પ્રતિ. ધાનેરા

તા.૧૬-૧૨-૨૦૧૭ ના રોજ રોયલ ગુજરાતી મિડીયમ સ્કૂલ, ધાનેરામાં વિદ્યાર્થીઓમાં પડેલી વિશેષ શક્તિઓનો બહાર લાવવા માટે દર શનિવારે અવનવા કાર્યક્રમો યોજાય છે. આ કાર્યક્રમોના ભાગરૂપે આ વખતે સાયન્સ મોડેલ્સનું પ્રદર્શન યોજાઈ ગયું. શાળાના મેનેજિંગ ડિરેક્ટર નારણસિંહ વાઘેલા હાજર રહીને વિદ્યાર્થીઓ ડિરેક્ટર પ્રેરણા અને પ્રોત્સાહન આપ્યું હતું. આ પ્રસંગે પર વિદ્યાર્થીઓ કે જેમને બાળવિજ્ઞાનિકો કહી શકાય એમણે અવનવા મોડેલ્સ પોતાની રસ અને રૂચીથી સ્વ-પ્રયત્નોથી તૈયાર કરી લાવ્યા હતા. આ તમામ મોડેલ્સ વિજ્ઞાનના સિદ્ધાંતો પર આધારિત હતા. જેમાં ખાસ કરીને કાચની બોટલથી ફૂગ્ગો ફૂલાવવો, વેક્યુમ ક્લીનર, ઝટકા મશીન, ચોકલેટ એટીએમ વગેરે મોડેલ્સોએ વિદ્યાર્થીઓને મંત્રમુગ્ધ કરી દીધા. આ કાર્યક્રમ શાળાના પ્રિન્સિપાલ જિતેન્દ્રભાઈ ત્રિવેદીના ખાસ માર્ગદર્શન હેઠળ યો જાયો હતો.

વાવના ધારાસભ્યના વિડીયોના મુદ્દે થરાદ પોલીસને ઠાકોર સમાજનું આવેદનપત્ર

સંડોવાયેલ યુવકો સામે કડક કાર્યવાહી કરવાની માંગ

અન્યથા આંદોલનની ચિમકી

વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

તાજેતરમાં વાવની બેઠક પરથી વિજય મેળવનાર કોંગ્રેસના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરના ખોટા નામે એક અશ્લિલ વીડિયો વોટ્સએપ ગ્રૂપમાં શેર કરવામાં આવ્યો હતો.જેની નિચે અભદ્ર શબ્દોમાં લખાણ પણ લખાતાં ઠાકોરસમાજમાં રોષની લાગણી ફેલવા પામી હતી.જેના પ્રત્યાઘાત રવિવારે પોલીસમથકમાં આવેદનપત્ર સ્વરૂપે પડ્યા હતા.કોંગ્રેસના ઉમેદવારના કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ સમાજ અને ઠાકોરસેનાના પ્રમુખ ભુરાજી ઠાકોર સદારામ યુવક મંડળના પ્રમુખ પ્રધાનજી ઠાકોર,જીલ્લાના ઉપપ્રમુખ હેમજીભ ઠાકોર, ભરતજી ઠાકોર (મઝલ), તાલુકાના સંગઠનમંત્રી ડાયાજી (મોરથલ), અરજણજી ઠાકોર (ધોડાસર), ભમરાજી ઠાકોર (પઠામડા), પીરાજી ઠાકોર, પારસીજી ઠાકોર, દેવાજી ઠાકોર, વિરચંદજી ઠાકોર સહિત કાર્યકરો હજારોની સંખ્યામાં પોલીસ મથકમાં ધસી આવ્યા હતા. જેમણે રાજયના તમામ ઠાકોરસમાજ અને મહિલા પ્રતિનીધીઓ વતી પીઆઈ કે એસ ચૌધરીને આવેદનપત્ર આપ્યું હતું. જેમાં સમાજની મહિલાઓની ઈજ્જત સાથે ચેડાં કરવાનું અધમકૃત્ય કરનાર શખસ સામે કડકકાર્યવાહી કરવાની માંગણી પણ કરવામાં આવી હતી.અન્યથા ૩૧ ડિસેંબર પછી ઉગ્ર આંદલન છેડવાની ચિમકી પણ આપવામાં આવી હતી. પીઆઈ કે એસ ચૌધરીએ સમાજ વચ્ચે આવેદનપત્ર સ્વીકારી આવો વિડીયો વાયરલ કરનાર તાલુકાના ડોડગામના શખસ સામે ઠોસ ચાર્જશીટ કરીને તેની અટકાયત કરી કોર્ટમાં રજુ કરવાની કાર્યવાહી કરવામાં આવી હોવાનું પણ જણાવ્યું હતું.

પટેલ સમાજની મહિલાઓ વિરૂધ્ધ અભદ્ર ટીપ્પણી કરાતાં રોષ

બે ગણ દિવસ પહેલાં ૧૮૩૬૧૭૦૪૬ નંબર પરથી એક અભદ્ર મેસેજ કોઈ ગ્રૂપમાં કરવામાં આવ્યો હતો.જેનો સ્ક્રીનશોટ ઘોઘરીબેનના ગ્રૂપમાં મુકવામાં આવતાં આ સમાજ પણ ભારે રોષ સાથે આક્રોશની લાગણીમાં જોવા મળ્યો હતો.સમાજના યુવક દ્વારા આ અંગે થરાદ પોલીસમથકમાં લેખિત રજુઆત પણ કરવામાં આવી હોવાનું પીઆઈ ઘોઘરીએ જણાવ્યું હતું જોકે દલિત નેતા જીગ્નેશ મેવાણી વિશે પણ કોઈએ ટીપ્પણીન કરાતાં પણ પોલીસમથકમાં અરજી કરવામાં આવી હતી.

ચડોતરની યુવતી પર પ્રેમીએ દુષ્કર્મ આચર્યું હોવાની રાવ

ચાર વર્ષ બાદ દુષ્કર્મ કરી સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચરનાર પ્રેમી સામે ફરિયાદ

પાલનપુર

પાલનપુર તાલુકાના ચડોતર ગામની એક યુવતીએ ચાર વર્ષ બાદ તેના પ્રેમી ઉપર દુષ્કર્મ તેમજ સૃષ્ટિ વિરૂધ્ધના કૃત્યની ફરિયાદ નોંધાવતાં ચકચાર મચી જવા પામી છે. આ અંગે પોલીસે સામઢીનાઢાણીવાસના શખ્સ સહિત ચાર સામે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, ચડોતર ગામની એક યુવતી સાથે સામઢી (નાઢાણીવાસ)ના મનીષકુમાર અંબારામભાઈ પ્રજાપતિએ પ્રેમ સબંધ બાંધ્યો હતો. અને નોકરીની લાલચ આપી ઓર-જિનલ લીવીંગ સર્ટી તથા અન્ય દસ્તાવેજ કાગળો લાગવગ માટે આપવા પડશે તેમ કહી આ કાગળોના આધારે લગ્ન નોંધણી કરાવ્યા હતા. અને ગત નવરાત્રીમાં રાત્રીના સમયે ખાનગીવાહનમાં આવી નેલેષભાઈ વિરચંદભાઈ પ્રજાપતિ, કલ્પેશભાઈ વિરચંદભાઈ પ્રજાપતિ, વિરચંદભાઈ શંકરભાઈ પ્રજાપતિની મદદથી અપહરણ કર્યુ હતુ. અને બાર દિવસ સુધી અજ્ઞાત સ્થળે લઈ જઈ મનીષ પ્રજાપતિએ તેણીની ઉપર અવાર-નવાર દુષ્કર્મ આચર્યું હતુ. તેમજ સૃષ્ટિ વિરુધ્ધનું કૃત્ય કર્યુ હતુ.

આ અંગે તેણીએ પાલનપુર મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ચારેય શખ્સો સામે ગૂનો નોંધી વધુ તપાસ પાલનપુર સી.પી.આઈ એન. ડી. અસારીએ હાથ ધરી છે.

દીઓદરમાં કોંગ્રેસની બેઠક યોજાઈ

અશોક શેઠ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

આજરોજ આરામગૃહ ખાતે દીઓદર તાલુકા કોંગ્રેસની એક બેઠક તાલુકા પ્રમુખ નરસિંહભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને મળેલ.આ બેઠકમાં પુર્વ સાંસદ જગદીશભાઈ ઠાકોર તથા દીઓદરના નવ નિર્વાચીત ધારાસભ્યશ્રી શીવાભાઈ ભુરીયા ઉપસ્થિત રહેલ.

દીઓદર તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા નવ નિર્વાચીત ધારાસભ્યશ્રી શીવાભાઈ ભુરીયાનું શાલ ઓઢાડી સન્માન સહ સ્વાગત કરવામાં આવેલ.આ પ્રસંગે શીવાભાઈ ભુરીયાએ જણાવેલ કે આ પંથકની પ્રજાએ કોંગ્રેસ તરફ વિશ્વાસ દર્શાવી મને વિજેતા બનાવેલ છે.આ ચુંટણીમાં કોંગ્રેસના આગેવાનો,કાર્યકરોએ જે જહેમત કરી તેનું આપણે પરિણામ મેળવી શકયા છીએ.

પૂર્વ સાંસદ જગદીશભાઈ ઠાકોરે જણાવેલ કે ઘણા સમય પછી દીઓદરની સીટ કોંગ્રેસને કોંગ્રેસના કાર્યકરોની આગવી જહેમત થકી મળી છે.જે બદલ કોંગ્રેસના તમામ આગેવાનો,કાર્યકરોને જેટલા ભિરદાવીએ એટલા ઓછા છે.ટુંક સમયમાં યોજનાર જીલ્લા પંચાયત,તાલુકા પંચાયતની ચુંટણીમાં કોંગ્રેસ તરફી વ્યાપક મતદાન કરાવી અહી સત્તા હાંસલ કરવા સૌ કાર્યકરોને મહેનત કરવા લાગી જવા અનુરોધ કરેલ.દીઓદર તાલુકા કોંગ્રેસ પ્રમુખ નરસિંહભાઈ દેસાઈએ સૌને આવકારેલ અને કોંગ્રેસને વિજયી બનાવવા બદલ સૌને ભિરદાવેલ.

આ પ્રસંગે જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ બી.કે.જોષી,યુવા મોરચાના રાજય ઉપપ્રમુખ ભરતસિંહ વાઘેલા,

અનુસંધાન પાના નં.૬

રજવાડી ઠાઠ માઠ સાથે

માઉન્ટઆબુ ખાતે ઢીમા ઠાકોર સાહેબની "બાઈશા" નો લગ્ન સમારોહ યોજાયો

લગ્ન પ્રસંગે રાજા - મહારાજાઓની વિશેષ હાજરી

વિષ્ણુ પરમાર

તા. પ્રતિનિધિ વાવ

વાવ તાલુકાના ઢીમા નગરનારાજવી પરિવારના ઠાકુર સાહેબ વિક્રમસિંહજી રામસિંહજી ચૌહાણની સુપુત્રી "મીનાક્ષીકુંવર" નો લગ્ન સમારોહ રાજસ્થાનના માઉન્ટ આબુ મુકામે રજવાડી ઠાઠ માઠથી યોજાયો હતો.મીનમાલ (રાજસ્થાન) ના થુર નિવાસી ઠાકુર સાહેબ રાજશ્રી કમલવીરસિંહજી ના સુપુત્ર હિતેન્દ્રસિંહજી સાથે તા.૧૧/૧૨/૧૭ ના રોજ લગ્ન યોજાયા હતા. જે અંગે વિધવાન પંડીતોએ તેમજ રાજા - મહારાજાએ નવદંપતિને આશીર્વાદ પાઠવ્યા હતા. લગ્ન પ્રસંગે માઉન્ટઆબુ ખાતે રજવાડી ઠાઠ માઠથી શાહી સવારી સાથે ભવ્ય શોભાયાત્રા (વરઘોડો) નીકળ્યો હતો. જે સમગ્ર માઉન્ટઆબૂમાં આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો હતો. આ અંગે રાજા મહારાજાઓમાં ચિત્તોડગઢ, મધ્ય પ્રદેશ, નગર, રાણીવાડા, શિહોરી, બાલી, વાવ, દિયોદર, થરાદના રાજા મહારાજાઓ તેમજ રાજવી પરિવાર ગણ તેમજ રાજસ્થાન સરકારના મંત્રીઓની વિશેષ હાજરી રહી હતી. લગ્ન પ્રસંગે માઉન્ટની આર.ટી.ડી.સી. હોટલને રોશનીથી સજાવી હતી. લગ્ન પ્રસંગે જાનૈયાઓ મુક્ત મને સંગીતના નાદ સાથે ઝૂંમી ઉઠ્યા હતા.

વિધાનસભાની હારનો બદલો જિલ્લા અને તાલુકાપંચાયતની ચૂંટણીઓ જીતીને લઈશું

થરાદના ઉમેદવારના આભાર મહાસંમેલન કાર્યક્રમમાં કોંગ્રેસના નેતાઓનો હુંકાર

વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ ખાતે ગત વિધાનસભામાં હારેલા કોંગ્રેસના ઉમેદવારના ફાર્મ હાઉસ ખાતે રવિવારે તાલુકાના મતદારોનો આભાર વ્યક્ત કરવા મહાસંમેલન યોજાયું હતું.જેમાં વિધાનસભાની હારનો બદલો આગામી સ્થાનિક સ્વરાજયની જીલ્લા અને તાલુકાપંચાયતની ચુંટણીઓ જીતીને લેવાની હાકલ નેતાઓ દ્વારા કરવામાં આવી હતી.કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં સમર્થકો ઉમટી પડ્યા હતા.

તાજેતરની વિધાનસભાની ચુંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર ડીડીરાજપુતના ફાર્મ હાઉસ ખાતે રવિવારે યોજાયેલ મહાસંમેલનમાં હજારોની સંખ્યામાં તાલુકાના મતદારો અને સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા. ભાજપ સામે હાર મેળવનાર ડીડી રાજપુતે ચુંટણીમાં હારજીત થતી રહેતી હોયછે તેમ જણાવી પ્રજાલક્ષી કોઈ પણ કામ માટે કાયમ તત્પર રહેવાની નેમ વ્યક્ત કરી તમામનો જાહેર આભાર વ્યક્ત કર્યો હતો.જ્યારે પુર્વ સાંસદ જગદીશભાઈ ઠાકોરે જ્યાં જ્યાં પણ કોંગ્રેસ હારીછે ત્યાં આગામી મહીનાઓમાં યોજાઈ રહેલી સ્થાનિક સ્વરાજયની જીલ્લા અને તાલુકા પંચાયતોની ચુંટણી જંગી મતોથી જીતવાની હાકલ કરી હતી.સાથે સાથે ભાજપ સરકાર પર આકાર પ્રહારો કરી સંગઠનને વધુ મજબુત બનાવવા કાર્યકર્તાઓને આજથી જ એકજુટ થઈ કામ કરવાની વિનંતી પણ કરી હતી.આ પ્રસંગે વાવના પુર્વ ધારાસભ્ય હેમાજી રાજપુત, વર્તમાન ધારાસભ્ય ગેનીબેન ઠાકોર, થરાદ તાલુકા કોંગ્રેસ સમિતીના પ્રમુખ આંબાભાઈ સોલંકી, થરાદ પાલિકાના પુર્વ પ્રમુખ પથુભાઈ રાજપુત,વાવ તાલુકાપંચાયત પ્રમુખપતિ અમીરામભાઈ જોષી, તુલસીભાઈ ધુમડા, વિક્રમભાઈ જોષી સદારામ યુવક મંડળના પ્રધાનજી ઠાકોર સહિત બહોળી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

ભાભરમાંથી ધો.૧૦ ના વિદ્યાર્થીનું અપહરણ થતાં ચકચાર

તા પ્રતિ. ભાભર

ભાભર શહેરના દિનેશભાઈ દેવાભાઈ માળી અસ.ટી.ડ્રાઈવર તરીકે ફરજ બજાવે છે. તેમનો કિશોર વયનો પુત્ર ગઈકાલે બપોરે ઘરેથી કહ્યા વગર નીકળી જતાં તેનુ અપહ-રણ થયુ હોવાની ફરીયાદ ભાભર પોલીસ મથકે નોંધાઈ છે. વિપુલ દિનેશભાઈ માળી ઉ.વ ૧૫ જે ભાભરમાં ૧૦ માં ધોરણમાં અભ્યાસ કરે જે તેના ઘરેથી તા.૨૩-૧૨-૧૭ ના બપોરે રઘી નીકળી ગયો છે. આજ સુધી ના મળતા તેના પિતા દિનેશભાઈ માળીએ ભાભર પોલીસ મથકે અજ્ઞાત્યા ઈસમો વિરૂધ્ધ અપહરણ કર્યાની ફરીયાદ નોંધાવી છે. ધો-૧૦ ના વિદ્યાર્થીનું અપહરણ થયાની જાણ ભાભર પંથકમાં થતાં ચકચાર મચી છે. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

વડગામના કોદરામ ગામે યુવતી ઉપર દુષ્કર્મ આચર્યાની ફરીયાદ

પાંચ ઈસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવારી કરાઈ

તા પ્રતિ. વડગામ

વડગામના કોદરામ ગામની એક ૨૧ વર્ષીય યુવતીને તેની મરજી વિરૂધ્ધ અવાર-નવાર બળાત્કાર ગુજારી લગ્ન કરવાની લાલચ આપવા બદલ ભગાડી જનાર ખેરાલુ તાલુકાના ગોરીસણા ગામના ભાવેશ શંકરભાઈ ચૌધરી તથા વિજાપુર તાલુકાના રાહુલ ઉર્ફે જેઠો વાસુભાઈ ભરવાડ અને અપહ-રણ કરવામાં મદદરૂપ થનાર અન્ય ત્રણ ઈસમો કુલ પાંચ ઈસમો વિરૂધ્ધ કલમ ૩૭૬ કલમ ૩૬૧ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી આગળની વધુપાસ વડગામ પી.એસ.આઈ. આર.પી.ઝાલા ચલાવી રહેલ છે.

વાવ ખાતે ચાર દીક્ષાર્થીઓના "વરસીદાન" ની શોભાયાત્રા નીકળી

વિષ્ણુભાઈ પરમાર

તા. પ્રતિનિધિ વાવ

વાવ નિવાસી અરવિંદભાઈ પુડાલાલ વાહેરા પરિવારના તેમના ચાર ભત્રીજ આગામી ફેશ્નુઆરીમાં ભીલડીયાજી મુકામે દીક્ષા ગ્રહણ કરનાર હોઈ ગતરોજ વાવ મુકામે મુમુક્ષ જેવીલબાઈ ઉ.૨૦, મુમુક્ષુ પુજાબેન ઉ.૨૫, મુમુક્ષુ મોક્ષુબેન ઉ.૨૩, મુમક્ષુ વૈરાગીબેન ઉ.૨૩ની શોભાયાત્રા નીકળી હતી. આ શોભાયાત્રા સંગીતના નાદ સાથે વાવ શહેરના વિવિધ વિસ્તારોમાં ફરી હતી. મુમુક્ષુ દીક્ષાર્થીઓની શોભાયાત્રા સમગ્ર નગરમાં આકર્ષણનું કેન્દ્ર બની હતી. આ બાબતે પ્રતિકભાઈ વોહરાએ મીડીયા સમક્ષ જણાવ્યું હતુ કે ચાર ચાર મુમુક્ષુ દીક્ષાર્થીઓના તેમના માદરે વતન ખાતે વરસીદાનની શોભાયાત્રા નીકળી છે. આગામી ફેશ્નુ. માસમાં ભીલડીયાજી મુકામે આ ચાર મુમક્ષુઓ દીક્ષા ગ્રહણ કરશે.

થરાદમાં નહેર પર દારૂની મહેફીલ માણી રહેલા ભાભરના ચાર યુવકો ઝડપાયા

નર્મદા મુખ્ય નહેરપરથી બોલેરોમાં બેસી દારૂ પીતા ડીવાયએસપીએ ઝડપી લીધા

વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદની નર્મદા નહેર પર બોલેરો જીપમાં બેસીને દારૂની મહેફીલ માણી રહેલા ભાભર તાલુકાના ચાર યુવકોને ડીવાયએસપીએ ઝડપી લીધા હતા.જે પૈકી વધારે પડતો પીવાથી તબીયત કથળતાં એકને સારવાર અર્થે શહેરની સરકારી હોસ્પીટલમાં ખસેડાયો હતો.

એડવાન્સમાં ૩૧ ડીસેંબરની ઉજવણી કરવા રાજસ્થાનના સાંચોરથી આવી રહેલા ચાર યુવકો થરાદ ખાનપુર નહેરપર બોલેરો ગાડીમાં બેસીને દારૂની મહેફીલ માણી રહ્યા હતા.જેમને થરાદના ડીવાયએસપી એ એચ ચૌધરીએ બોલેરો જીપ સાથે રંગેહાથે ઝડપી લીધા હતા.જેઓ ભાભર તાલુકાના ગામના ઠાકોર સમાજના હોવાનું જાણવા મળ્યું હતું.જે પૈકી એકની હાલત વધારે પડતો પીવાના કારણે કથળવાના કારણે શહેરની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયો હતો.જેઓ હેસાજી કરશનજી (વજાપુર), દિલીપ ઠાકરાજી ઠાકોર,(તનવાડા) પ્રવિણ દેવાજી ઠાકોર (તનવાડા), કેતનજી માનાજી ઠાકોર રહે.અબાસણા તા. ભાભરના હોવાનું પોલીસે જણાવ્યું હતું.

ડીસા નજીક એલ.સી.બી. પોલીસે વિદેશી દારૂ ઝડપ્યો

ભરત સુંદેશા

ડીસા

બનાસકાંઠા પોલીસ અધિક્ષક નીરજકુમાર બડગુજર જિલ્લામાં દારૂ જુગારની પ્રવૃતિ નેસ્તનાબૂદ થાય તે અંગે કડક અમલવારી કરવા સૂચના કરતા જે એચ સિંધવ, પોલીસ ઈન્સ્પેકટર, એલ.સી.બી તથા ટીમના ગણપતલાલ, બીલાલભાઈ, રઘુવિરસિંહ, જયપાલસિંહ, નરેશભાઈ, દિગ્વીજયસિંહ, પ્રકાશચંદ્ર, મીલનકુમાર, ભરતભાઈ, ધેગાજીની ટીમે ડીસા રૂરલ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન બાતમી હકીકત આધારે આખોલ ચાર રસ્તા થી ડીસા બનાસ નદીના પુલ ઉપર નાકાબંધી કરી સેન્ટ્રો કાર ગાડી નં GJ-1-HM- 0114 ની પકડી પાડતા તેનો ચાલક અતુલસિંહ રજુભા સોલંકી રહે-કુકવાવ તા.દેત્રોજ, જી-અમદાવાદ વાળો પકડાઈ જઈ તેની ગાડી માં જોતા વિદેશી દારૂ ની નાની મોટી બોટલ નંગ-૧૯૨ કી.રૂ ૨૮,૮૦૦ /-નો તથા સેન્ટ્રો કાર ગાડી કિ. રૂ.૧,૦૦,૦૦૦ /- તથા મોબાઈલ એમ કુલ મુદ્રા માલ કિ.રૂ ૧,૨૯,૩૦૦/ મળી આવેલ હોઈ ડીસા તાલુકા પો.સ્ટે પ્રોહિબિશન એકટ હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ છે.

લાખણી, ભીલડી તથા દિયોદર વિસ્તારમાંથી ભાજપ તથા કોંગ્રેસના ઉમેદવારોને મળેલ મત

પ્રતિ. લાખણી

તાજેતરમાં યોજાયેલ ૨૦૧૭ની દિયોદર વિધાનસભા મત વિસ્તારની એકદમ રસાકસીવાળા ચું્ટણી જંગમાં પરીણામોના અંતિમ તબક્કા સુધી દિલધડક રોમાંચભરી ગણતરી થયેલ. દિયોદર વિધાનસભા ત્રણ વિભાગના મત વિસ્તારમાં વહેચાયેલી છે. જેમાં લાખણી વિભાગના ૪૨ ગામોમાં ૮૨ બુથ ભીલડી વિભાગના ૧૭ ગામોના ૩૨ બુથ તથા દિયોદર વિસ્તારના ૬૬ ગામોના ૧૧૯ બુથોમાંથી ભાજપ તથા કોંગ્રેસના ઉમેદવારોને મળેલા મતોની છણાવટ કરીએ તો લાખણી વિસ્તારના ૪૨ ગામોમાંથી ભાજપના ઉમેદવાર કેશાજી ચૌહાણને ૩૦૨૧૬ મતો મળેલ છે. અને કોંગ્રેસના ઉમેદવાર શીવાભાઈ ભુરીયાને ૨૭૫૪૩ મતો મળેલ છે ભીલડી વિસ્તારમાંથી ૧૭ ગામોમાંથી કેશાજી ચૌહાણને ૧૦૭૦૪ મતો મળેલ છે. જ્યારે શીવાભાઈ ભુરીયાને ૧૧૪૮૬ મતો મળેલ છે અને દિયોદર વિસ્તારની ૬૬ ગાળોમાંથી કેશાજી ચૌહાણને ૩૮૫૪૦ મતો મળેલ છે જ્યારે શીવાભાઈ ભુરીયાને ૪૧૪૦૩ મતો મળેલ છે. કેશાજી ચૌહાણને કર્મચારીઓના ટપાલ દ્વારા થયેલ મતદાનમાંથી ૪૧૩ અને શીવાભાઈ ભુરીયાને ૮૩૩ મતો મળેલ. તેમજ અપક્ષ ઉમેદવારો હીરાજી વાઘેલાને ૨૦૪૮ તથા જીવણભાઈ પુજાભેન ૧૬૯૭ મતો મળેલ જ્યારે નોટામાં આ વખતે નોંધપાત્ર વધારે ૨૯૮૮ વોટ પડેલ છે જે ઉમેદવારની હાર-જીત કરતાં પણ ત્રણ ઘણા વધારે મત થાય છે.

પાલનપુરમાં આશાવર્કરોની મીટીંગ યોજાઈ

માંગણીઓને લઈને લડત ઉગ્ર બને તેવા એંધાણ

પાલનપુર

પાલનપુરમા આશાવર્કરોની પડતર માંગણીઓને લઈ મિટિંગ મળી હતી. જેમાં ગુજરાત કોન્ટ્રાક્ટ અને સંઘર્ષ સમિતિ ના મહિલા પ્રમુખ હાજર રહ્યા હતા અને આશા વર્કરોની માંગને લઈ લડત ઉગ્ર બનાવવાના અણસાર આપ્યા હતા.

આશા વર્કરો ની લડત હવે ઉગ્ર રૂપ ધારણ કરે એવા અણસાર વર્તાઈ રહ્યા છે. સરકારે આશા વર્કરોને માત્ર લોલીપોપ આપી હોવાની બુમરાણ સાથે પાલનપુર જિલ્લા પંચાયત પ્રાગણમાં આશા વર્કરોની માગણીઓને લઈ મિટિંગ મળી હતી.જોકે, અગાઉ પણ આશા વર્કરો દ્વારા રાજ્ય વ્યાપી આંદોલન ચલાવાયું હતું. જેમાં ચૂંટણીને લઈ સરકારે આશાઓ ના વેતન મા વધારો કર્યો હતો. પરંતુ આશા વર્કરો આ સહાય ને સરકાર ની લોલીપોપ ગણાવી કાયમી કરવાની માંગ સાથે લડાયક મુડ મા છે. જોકે, આજે મળેલી મિટિંગ મા આશા વર્કરોએ આગામી જિલ્લા પંચાયતની ચૂંટણીઓ પર પણ વિપરીત પરિણામ આપવાની ચીમકી સાથે આશા વર્કરોની માંગણી નહી સંતોષાય તો ઉગ્ર આંદોલન ની ચીમકી ઉચ્ચારી હતી.

વડગામ કોલેજમાં ચિત્રકલા મહોત્સવ યોજાયો

તા પ્રતિ. વડગામ

વડગામ તાલુકા આંજણા કેળવણી મંડળ સંચાલિત આટર્સ અને કોમર્સ કોલેજ વડગામ દ્વારા કોલેજના સાંસ્કૃતિક વિભાગ દ્વારા ગઈકાલ તા.૨૩-૧૨-૧૭ શનિવારે ચિત્રકળા મહોત્સવ ૨૦૧૭નું આયોજન કરાયું હતું જેમાં તાલુકાની શાળાઓના વિદ્યાર્થી ભાઈ-બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા, માણસના મનમાં અવ્યક્ત રૂપે શિલ્પ,ચિત્ર, નૃત્ય, સંગીત, સાહિત્ય વગેરે કળાઓ પડેલ છે. તેને અભિવ્યક્ત કરવા માટે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હોવાનું પ્રિન્સીપાલ ડૉ.લક્ષ્મણભાઈ વી.ગોળ અને પ્રિન્સીપાલ ડી.બી. જગાણીયાએ જણાવ્યું હતું.

દીઓદરની ૨૨ સીટ, જીલ્લા પં.ની ૪ સીટનો સમાવેશ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

બનાસકાંઠા જીલ્લાના દીઓદર તાલુકા પંચાયતની હાલે ૧૭ સીટો હતી જેના સીમાંકનમાં ફેરફાર સાથે જીલ્લા પંચાયતની દીઓદર તાલુકામાં ૪ સીટ અને તાલુકા પંચાયતની ૨૨ સીટો થવા પામેલ છે.જેમાં ૧ અનુ.જાતિ સ્ત્રી,૧ અનું જાતિ સામાન્ય,૧ આદિજાતિ સ્ત્રી અને ૧-૧ સ્ત્રી એ સામાન્ય સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ તથા સામાન્ય સ્ત્રી ૮ તેમજ બિન અનામત ૯ સીટો થવા પામેલ છે.

(૧) ભેંસાણા તાલુકા પંચાયત સીટ (સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ સ્ત્રી) જેમાં ભેંસાણા, પ્રાંન્ડવ, પ્રાંન્ડવડા, (૨) ચીભડા તાલુકા પંચાયત સીટ (સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ) જેમાં ચીભડા, સણાવ, મખાણું, (૩) દિયોદર-૧તા.પં.સીટ (સામાન્ય સ્ત્રી) જેમાં દિયોદર વોર્ડ નં.૧ થી ૮,(૪) દિયોદર-૨ તા.પં.સીટ (સામાન્ય સ્ત્રી) જેમાં દિયોદર વોર્ડ નં.૯ થી ૧૬,(૫) ધનકવાડા તા.પં.સીટ (સામાન્ય સ્ત્રી) ધનકવાડા, લીલાધર, ચગવાડા, કુંવારવા, (૬) ડુચકવાડા તા.પં. સીટ (સામાન્ય સ્ત્રી) ડુચકવાડા, કોટડા(ફો), (૭)ફોરણા તા.પં.સીટ (અનુસુચિત આદિજાતિ સ્ત્રી) ફોરણા, ઓડા, ગાંગોલ, (૮) ગોલવી તા.પં.સીટ (સામાન્ય સ્ત્રી) ગોલવી, ગોલવો,કુંવાળા, (૯)જાડા તા.પં.સીટ (સામાન્ય સ્ત્રી) જાડા, ખાણોદર, ભગવાનપુરા, (૧૦) જાલોઢા તા.પં.સીટ (સામાન્ય સ્ત્રી) જાલોઢા, નરાણા,વાતમ નવા,વાતમ જુના, (૧૧)કોતરવાડા તા.પં.(સામાન્ય સ્ત્રી) કોતરવાડા, ડાઉઆ, (૧૨) કોટડા (દી.) તા.પં.સીટ (બિન અનામત સામાન્ય) કોટડા(દી), દેલવાડા, ચમનપુરા, (૧૩) લુદરા તા.પં.સીટ (બિન અનામત સામાન્ય) લુદરા, બોડા, સામલા(વ.), (૧૪) મોજરૂ જુના તા.પં.સીટ (બિન અનામત સામાન્ય) મોજરૂ જુના, મોજરૂ નવા, સેસણ નવા, સેસણ જુના, (૧૫) પાલડી તા.પં.સીટ (બિન અનામત સામાન્ય)પાલડી, સરદારપુરા(ર.), (૧૬) રૈયા તા.પં.સીટ (અનુસુચિત જાતિ સ્ત્રી) રૈયા, સણાદર, સાલપુરા,(૧૭)રાંટીલા તા.પં.સીટ (અનુસુચિત જાતિ)રાંટીલા, મકડાલા,(૧૮) રવેલ તા.પં.સીટ (બિન અનામત સામાન્ય) રવેલ, રામપુરા(પૂ.),પુણસોલ (૧૯) સોની તા.પં.સીટ (બિન અનામત સામાન્ય) સોની, જસાલી, નવાપુરા, માનપુરા(જ.),(૨૦) સુરાણા તા.પં.સીટ (બિન અનામત સામાન્ય) સુરાણા,મુલકપુર,નવા (૨૧) વડીયા તા.પં.સીટ (બિન અનામત સામાન્ય) વડીયા,નોખા,માનપુરા(પૂ.)(૨૨)વખા તા.પં.સીટ (બિન અનામત સામાન્ય) વખા,ગોદા,ઓગડપુરા,મેસરા,ભડકાસર ગામનો સમાવેશ થાય છે.

તંત્રી સ્થાનેથી ...

પ્રાર્થના આત્માને સ્વચ્છ કરતી સાવરણી છે.

ટેલિકોમ ઈન્ડસ્ટ્રીને રાહત

રજી સ્પેક્ટ્રમ ફાળવણી ઘોટાળામાં સીબીઆઇ કોર્ટે નિર્ણયની સુનાવણી કરી છે. આ મામલામાં ફસાયેલ દરેક આરોપીઓને નિર્દોષ છોડી દેવામાં આવ્યા છે. આશરે ૧ વર્ષ બાદ આ મામલે નિર્ણય આવ્યો છે. આ ૧ વર્ષ દરમિયાન ટેલીકોમ સેક્ટર પણ ઘણુ બદલાઇ ગયું છે. રજી સ્પેક્ટ્રમે ટેલીકોમ સેક્ટરને લઈને સરકારને પોતાની નીતિ બદલવા પર મજબૂર કર્યા છે.ત્યાં કોર્પોરેટ્સે પણ તેમની કંપનીની રણનીતિમાં પણ મોટો બદલાવ કર્યો છે.રજી સ્પેક્ટ્રમથી જોડાયેલ આ કૌભાંડ સામે આવ્યા બાદ સરકારે પોતાની નીતિઓમાં મોટો બદલાવ કર્યો છે અને સ્પેક્ટ્રમ ફાળવણીની રીતમાંપણ બદલાવ કર્યા છે. હવે સ્પેક્ટ્રમ નિલામી દ્વારા વેંચવામાં આવે છે.

૨૦૧૨માં સુપ્રીમ કોર્ટે અનેક ટેલિકોમ કંપનીના લાયસન્સ રદ કર્યા હતા. જેના કારણે વિદેશી ટેલીકોમ કંપનીઓએ પણ ભારતમાં તેમનો વેપાર ઓછો કર્યો હતો. આ કૌભાંડની અસર બેંકો તરફથી ટેલીકોમ કંપનીઓને મળનારી લોન પર પણ પડી છે. આ વર્ષની શરૂઆતમાં ભારતીય રિઝર્વ બેંકે ટેલિકોમ સેક્ટરને લઈને રેડ ફ્લેગ રજૂ કર્યો હતો.તે દરમિયના બેંકોથી કહ્યું હતુ કે ટેલિકોમ સેક્ટરને લઈને પોતાના રુઝાનની સમીક્ષા કરે. તે સિવાય સરકારે અંતર-મંત્રાલયી સમિતિનું ગઠન પણ કર્યું છે. જે ટેલિકોમ સેક્ટરનું દબાણ ઓછુ કરવા માટે ઉપાય શોધવામાં લાગી છે.

૨૦૧૨માં જ્યારે સુપ્રીમ કોર્ટે ૧૮ ઓપરેટર્સનુ લાયસન્સ રદ કરી દેવામાં આવ્યું હતું. વર્તમાનમાં ૧૧ ઓપરેટર્સ દેશમાં મોબાઇલ સર્વિસ ઉપલબ્ધ કરતાં હતા. ૨૦૧૨ બાદથી ટેલિકોમ સેક્ટર પર જે ઝડપથી દબાણ વધ્યું છે, તેની સાથે જ રિલાયન્સ જીઓની એન્ટ્રીએ આ દબાણ વધારી દીધુ છે. જો પ્રસ્તાવિત મર્જર થાય છે, ભારતમાં પણ વિક્સિત દેશની જેમ ૫ પ્રમુખ ટેલિકોમ ઓપરેટર્સ રહી જશે. જેમા ભારતી એરટેલ, વોડાફોન-આઇડિયા, રિલાયન્સ જીઓ, બીએસએનએલ અને એમટીએનએલ જેવા મુખ્ય પ્લેયર હોય શકે છે.આ નિર્ણયથી ટેલિકોમ સેક્ટરમાં ઘણા દિગ્ગજોને રાહત મળી છે. કોર્ટના જજ ઓ.પી.સૈનીએ પૂર્વ દૂરસંચાર મંત્રી એરાજા અને એમ. કરુણાનિધિની પુત્રી અને રાજ્યસભા સાંસદ કનિમોઝી સિવાય એસ્સાર ગ્રુપના પ્રમોટર્સ રવિકાંત રઇયા અને અંશુમાન રુઇયા સહિત અન્ય લોકોને નિર્દોષ જાહેર કર્યા છે. કોર્ટ આ લોકો સિવાય લૂપ ટેલિકોમ પ્રમોટર્સ આઇ.પી.ખેતાન અને કિરણ ખેતાનને પણ આરોપ મુક્ત કર્યા છે. તેની સાતે જ એસ્સાર ગ્રુપના એક ડિરેક્ટર વિકાસ સરાફ, લૂપ ટેલિકોમ લિમિટેડ, લૂપ મોબાઇલ અને એસ્સાર ટેલિહોલિંગ્સ લિમિટેડને પણ રાહત મળી ગઇ છે.આ લોકો પર ક્રિમિનલ ષડયંત્રનો આરોપ લાગ્યો હતો. વિકાસ સરાફ વિરુદ્ધ છેતરપિંડીનો સૌથી મોટો આરોપ લાગ્યો હતો.

સીબીઆઇએ ૧૨ ડિસેમ્બર ૨૦૧૧એ ચાર્જશીટમાં આ લોકોને સામેલ કરતા કહ્યું હતું કે તેમણે ૨૦૦૮માં રજી લાયસન્સ હાંસલ કરવા માટે લૂપ ટેલિકોમને વચ્ચે રાખતા ટેલિકોમ ડિપાર્ટમેન્ટને ઠગો આપ્યો છે.એસ્સાર ગ્રુપના પ્રવક્તાએ નિર્ણય બાદ કહ્યુ અમે આ નિર્ણય માટે માનનીય કોર્ટનો આભાર માનીએ છીએ. કોર્ટે તત્કાલિન ટેલિકોમ સચિવ સિદ્ધાર્થ બેહુરા, કલાઈનગર ટીવીના મેનજિંગ ડિરેક્ટર શરદ કુમાર, ડીબી રિયલ્ટી પ્રમોટર્સ શાહિદ બલવા અને વિનોદ ગોયનકા અને યુનિટેકએમડી સંજય ચંદ્રાને પણ નિર્દોષ જાહેર કર્યા છે.

"ધ ડ્રામા કંપની સુપરનાઈટ્સ ૨૦૧૮"

ધર્મેન્દ્ર, મિકા, નોરહ ફતેહી, હાર્દી સંધુ, શ્રીવર્ધન અને અન્ય બીજા ઘણાં લોકોએ "ધ ડ્રામા કંપની" ટીમ સાથે નવા વર્ષની ઉજવણી કરી.આ એપિસોડ ખૂબ જ મસ્તીભર્યો રહ્યો હતો. ધર્મેન્દ્ર સુગંધા સાથે રોમાન્સ કરતાં નજરે પડ્યા, જ્યારે સુદેશ લહેરીની કોમેડી એ લોકો ને હસવાં પર મજબૂર કરી દીધાં.

વાયા લાઈફ દરેક વ્યક્તિત્વ ને અનુકૂળ કરવા માટે ૩ અનન્ય સ્વરૂપો રજૂ કરે છે

વાયા લાઈફ પ્રા. લિમિટેડ, વર્તમાન સમયની હોમ વેર કંપની, હાલ માં ૩ નવા વેરીએન્ટસના નવીન અને સ્ટાઈલિસ્ટ ડિઝાઈન વાળા લંચબોક્સ રજૂ કરે છે. આ ૩ નવા વેરિએન્ટ્સ માં બ્લ્યૂ અને પર્પલ મેટાલિક કલેક્શનના અને સુપર ઓટો ફન્ડી સેક્શન માંથી છે, જે વિવિધ વ્યક્તિત્વ નો પડઘો પાડે છે અને ગ્રાહકો ને પસંદગી કરવા માટે વિવિધ વેરાઈટીઓ આપે છે.

https://vaya.in/ વેબસાઈટ માંથી વાયા ટીફીન મેટાલિક કલેક્શનની શ્રેણી 1000ml (૩ કન્ટેઈનર) માં સરળતા થી ઉપલબ્ધ છે, અને વાયા ટીફીન સુપર ઓટો 1000ml (૩ કન્ટેઈનર) અને 600ml (૨ કન્ટેઈનર) બંનેમાં સરળતા થી ઉપલબ્ધ છે.

'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યક્તિગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

હથિયાર..

આપણને કોઈ દેવ-દેવી હથિયાર વગરના જોવા મળતા નથી. આપણને સહજ પ્રશ્ન જરૂર થાય કે ભગવાનને વળી હથિયાર રાખવાની જરૂર કેમ ઉભી થઈ..? આ પ્રશ્નનો જવાબ મેં આનંદમૂર્તિજી મહારાજના સત્સંગમાંથી મળી રહ્યો. તેમને કહ્યું કે હથિયાર ઉપાડવાનો હેતુ વિશ્વકલ્યાણ અને બીજાનો મંગળ કરનારો હોવો જોઈએ. બીજાને ભયભીત કરવા માટે હથિયાર ઉપાડવાનો હેતુ હોય તો તે હિંસા કહેવાય છે. જે શસ્ત્ર બીજાને નિર્બળતા આપે છે, તેવા શસ્ત્રની આ દેશે પુજા કરી છે.

રામ અને કૃષ્ણ હથિયાર વગર ક્યાંય ગગલું ભરતા નથી.. વનમાં જાય ત્યાં પણ હથિયાર સાથે જ છે. હિમાલયની ટોચ ઉપર શિવજી પણ હાથમાં ત્રિશૂળ લઈને બેઠા છે. પાર્વતી લગ્ન કરીને આવ્યા ત્યારે શરૂઆતમાં પ્રથમ દિવસે જ તે શિવજીને પૂછે છે... કે રાંધવા માટે વાસણ છે..? તમને ના મળ્યા દેવી..? પાછળ જ છે. પાર્વતીએ કહ્યું, મને તો દેખાયાં નહી. ઉભા રહો દેવી, હું લઈને આવું છું. ભગવાન શિવજી તો ચાર ખોપરી લઈને આવ્યા. લો દેવી. એકમાં લાપસી બનાવો.. એકમાં દાળ બનાવો.. એકમાં ભાત બનાવો અને આમાં આપણે બંનેને ખાવાનું. પાર્વતી નવાઈ પામીને આવેશમાં બોલ્યા, તમે આવી ખોપરી રાખો છો..? મારે વળી આ ખોપરીમાં રાંધવાનું..? શંકર કહે છે કે,'હા દેવી અહીં તો ખોપરી છે. તે અમારા વાસણ જ છે એમાં જ તમારે રાંધવું પડશે. શિવજી પાસે ખોપરી જ છે તો પણ ત્યાં ત્રિશૂળની જરૂર શી પડી હશે..? જ્યારે જ્યારે આ પૃથ્વી ઉપર અધર્મ વધી જાય છે ત્યારે ભગવાન તે હથિયાર વડે ધર્મની રક્ષા કરે છે. અને ભક્તોને રાજી કરે છે.

રાક્ષસોની પાસે પણ હથિયાર હતાં. આ રાક્ષસોએ હથિયારનો ઉપયોગ બીજાને અધિકારમાં લાવવા માટે કર્યો છે. અને રામ-કૃષ્ણ જેવા અવિનાશી પુરૂષોએ શસ્ત્રોનો ઉપયોગ વિશ્વમંગલની ભાવનામી જ કર્યો છે. જ્યારે જ્યારે શસ્ત્રોનો ઉપયોગ કરીને જે જીત્યું છે તે ક્ષણ ભરમાં બીજાને સોંપી દીધું છે. ભગવાન રામ જો અધિકાર કરવા માગતા હોત તો આખી લંકાને તે અધિકારમાં લઈ શકે તેમ હતા. અને અયોધ્યાનું રાજ્ય કબ્જું નહી એ લંકા આગળ..તો પણ એક મિનિટમાં આખી લંકા વિભીષણને આપી દીધી છે. અને રાજા બનાવી દીધો છે. વાલીને મારીને કિષ્કિન્ધા રાજ્ય સુગ્રિવને આપી દીધું છે પોતે રાખ્યું નથી. નહિતર કિષ્કિન્ધાનું રાજ્ય એટલે આજનું કર્ણાટક.. ખુબ જ સમુદ્ર પ્રદેશ. ધાર્યું હોત તો એક એક ભાઈ મુકતા જાત. કે આ ભરતનું રાજ્ય, આ લક્ષ્મણનું રાજ્ય. આ શત્રુઘનનું રાજ્ય.પણ પોતે એવું કર્યું નથી. જેને અહંકાર નથી ને જેને અધિકાર બીજાનો ઉપર કરવાનું મન નથી આવા જ વ્યક્તિઓ સાચા અર્થમાં અહિંસક છે.

ભગવાન શ્રીકૃષ્ણે પણ પોતાનો અધિકાર પ્રાપ્ત કર્યો નથી. જે જે જીત્યુ તે બીજાને આપતા આપતા જ આવ્યા છે. ભીમ અને અર્જુનને લઈ કૃષ્ણ પહેલાં મળવા ગયા છે. અને કૃષ્ણની ચાલાકીથી તે જરાસંધ મરાય છે. જરાસંધનો પુત્ર ભગવાન કૃષ્ણને પગે લાગવા આવે છે. અને જેવો પગે લાગ્યો કે તરત કૃષ્ણ કહે છે કે"ઉભા થાવ "મગધ નરેશ.." તમે તો મગધના રાજા છો." કૃષ્ણને લેવું હોત તો તે રાજ્ય લઈ શકે તેમ હતા. પણ તે મગધ રાજ્ય જરાસંધના પુત્રને આપી દીધું. નહિતર દાંતમાં તણખલું આપીને તે મગધના દીકરાને હેરાન કરી દે પણ કૃષ્ણે એવું નથી કર્યું. અને ઢારકા તો તે મગધ આગળ કબ્જું નહી. સાવ નાનું છે. બીજો કોઈ હોય તો તેને ખંડણીયો રાજા કરે.. ખંડણી માગે.. પોતાનો માણસ મૂકી દે.. જેલમાં પૂરી દે. પણ કૃષ્ણે એવું ના કરીને મગધ રાજ્ય પરત આપી દે છે. કોઈ વસ્તુનો અધિકાર લેવા માટે ભગવાન કૃષ્ણની હીંસા નથી. જ્યાં બીજા ઉપરથી અધિકાર અને દેહમાંથી અહંકાર છૂટી જાય પછી સાચા અર્થમાં દેખાય તે અહિંસા છે. તે અહિંસાને બહારની ક્રિયાથી માપી શકાતી નથી.

મહાભારતના યુધ્ધ બાદ પણ કૃષ્ણ હસ્તિનાપુર પાંડવોને આપીને ત્યાંથી નીકળી ગયા છે. આપણને ખબર છે કે કૌરવ પાંડવોના યુધ્ધમાં જે પાંડવોનો વિજય થયો તે કોના લીધે થયો.! તો પણ અધિકાર પાંડવોને આપીને ધર્મની રક્ષા કરીને કૃષ્ણ ત્યાંથી જતા રહ્યા..પણ ત્યાં ન રોકાયા. જેની પાસે શસ્ત્રો છે તેઓ માટે એવું માની લેવાની જરૂર નથી કે એ ડરપોક અને ભયભીત છે એટલે શસ્ત્રો રાખે છે. શસ્ત્રો રાખવાનો હેતુ એ જ કે જ્યારે અસામાજીક તત્વો વધી જાય... અધર્મનો ફેલાવો થાય ત્યારે બીજાની રક્ષા કરવા માટે હથિયારો રાખી શકાય છે. સરહદ ઉપર લડતા જવાનો એવું માની લે કે અમે હિંસામાં માનવા વાળા નથી.. અમારે વળી હથિયારો શુ કામ રાખવા પડે તો એનું પરીણામ ખરાબ આવે છે. સૈન્ય શસ્ત્ર અને બળની જ ઓળખાય છે. વર્તમાન સમયને પહોંચી વળવા આધુનિક ટેકનોલોજી વાળા શસ્ત્રો રાખી શકાય.. એ સ્વાભાવિક છે. વર્તમાન સમય લોકશાહીવાળો છે, પણ પહેલાં રાજાશાહી ચાલતી હતી. ત્યારે રાજા શસ્ત્રો અને બળની ઓળખાતો હતો. જે રાજા પાસે સૈનિકો, હથિયારો વધારે તે વધુ શક્તિશાળી કહેવાતો. અને ખુદ રાજા પાસે પણ તલવાર રાખવાનું કારણ એ જ હતું કે જ્યારે નગરમાં ભોળી પ્રજાને કોઈક હેરાન પરેશાન કરે તો એને યોગ્ય દંડ આપી શકાય.

ગાયોની રક્ષા કરવી, ગરીબોની મદદે આવવું, લાજ લૂંટાતી હોય તો દોડી આવવું.. આવું બધું જ્યારે પહેલાંના સમયમાં થતુ ત્યારે શૂરવીર માણસો પોતાના ઘરે રહેલા ઘાતક હથિયારો લઈને બહાર નીકળી જતા. અને સામનો કરતા. એમાં ઘીંગાણું કરતાં કરતાં શહીદી પણ સ્વીકારી લેતા. આવી બાબતમાં જેને જેને માથા સાટેનો ખેલ ખેલ્યો છે તેઓના પાળીયા આજે પણ પુજાય છે. લગ્નમાં સપ્તપદીના ફેરા ફરી રહ્યા હોય અને કોઈક સમાચાર આપે કે આપણા નગરમાંથી ગાયોના ઘણ બાજુના નગરના લોકો લઈને જઈ રહ્યા છે ત્યારે એ સપ્તપદીના ફેરા અધુરા મૂકીને ખુલ્લી તલવારે એ નરાધમો સામે લડવા વાળા અને ગાયોની રક્ષા કરતાં કરતાં મોતને વ્હાલું કરનારાઓનો આ દેશ છે. અને સ્ત્રીઓ પણ કેવી..! સપ્તપદીના ફેરા અધુરા રહ્યા હોય તો પણ..પોતાના સ્વામીને ઓળખતી પણ ન હોય તો પણ.. જીવનપર્યંત બીજી જગ્યાએ લગ્ન ન કરીને ગાયોના રક્ષણ માટે મરનાર એ પુરૂષને સાત જન્મ સુધી પતિ તરીકે સ્વીકારનાર સ્ત્રીઓ પણ આ ધરા ઉપર થઈ છે. ટુંકમાં એટલું જ કહેવાય કે, આપણી પાસે રહેલાં શસ્ત્રો વડે બીજાને અધિકારમાં લેવાને બદલે એ શસ્ત્રો બીજાને રક્ષણ આપી શકે.. ભયભીત થયેલાને મદદ કરી શકે.. અસામાજીક તત્વોને યોગ્ય દંડ આપી શકે એવાં હોય તો શસ્ત્રો સાચા અર્થમાં શસ્ત્રોની ગરજ સારે છે એવું કહેવાય.

એન સંતમાં,

શસ્ત્રોમાં માત્ર તલવાર, બંદુક, ભાલો , ત્રિશૂળ, ગદાચક્ર.. પુરતું મર્યાદીત નથી, પણ વાણી રૂપી શસ્ત્ર, કલમ રૂપી શસ્ત્ર પણ હોય જ છે તેનો પણ યોગ્ય સમયે સદુપયોગ થાય તો જ તેની મહત્તા વધે છે.

પ્રવીણ એમ.નાઈ સ્ત્નગઢ (તા.કાંકરેજ)

સંવેદના

પ્રવીણ એમ. નાઈ

ધ વોઈસ ઈન્ડિયા કિડ્સ રના સેટ્સ પર મોટી આગ ફાટી નીકળી

&TVપર લોકપ્રિય શો ધ વોઈસ ઈન્ડિયા કિડ્સના સેટ્સ પર મંગળવારે શોર્ટ સરકિટેની લીધે મોટી આગ ફાટી નીકળી હતી. નવા વર્ષનો સ્પેશિયલ એપિસોડ શૂટ કરાતો હતો ત્યારે જ આ આગ ફાટી નીકળી હતી. નેહા કક્કર અને બાદશાહ પણ આ વર્ષાતના સ્પેશિયલ એપિસોડમાં જજ તરીકે જોવા મળવાનાં છે. નેહાએ કાલા ચશ્માં ગીત પર પરફોર્મ કર્યા પછી અજુગતી ઘટનામાં તેના એક્ટ દરમિયાન આગ ફાટી નીકળી હતી. આ દુર્ઘટના વેઈટિંગ એરિયામાં બની હતી, જે પીસીઆર અને મંચની જમણી બાજુ આવે છે. શૂટ ચાલુ હતું, પરંતુ સદનસીબે કોઈને ઈજા થઈ નહોતી. મિનિટોમાં બાળકો અને જજો તથા ક્રુને આગના સ્થળેથી દૂર કરાયા હતા. શૂટ લગભગ ૨ કલાક ૦૫ રહ્યું હતું. સદનસીબે ધ વોઈસ ઈન્ડિયા કિડ્સનો સેટ અગ્નિ સુરક્ષા યંત્રણાની સુસજ્જ છે આથી સ્થિતિને સમયસર કાબૂમાં લેવાઈ હતી.ટીમ આગથી સેટ પર કેટલું નુકસાન થયું છે તેનું આકલન કરી રહી છે ત્યારે કોચ અને સેલિબ્રિટી મહેમાને કાંઈક આવું કહ્યું.

&TVના કલાકારો ક્રિસમસની ઉજવણી વિશે શું માને છે!

દરેકનો મનગમતો તહેવાર ક્રિસમસ આવી ચૂકી છે અને



સાંતા પાસેથી પોતાને શું જોઈએ તેની યાદી સોકોઈએ તૈયાર કરી રાખી છે. આથી સાંતા પાસેથી તમારા ફ્રેન્ડના મનગમતા કલાકારો શું ચાહે છે? અમે તેમને બે સીધા પ્રશ્નો પૂછ્યો- આ વર્ષે સાંતા પાસેથી તેઓ શું ઈચ્છા રાખે છે? તેઓ કોને માટે સિક્રેટ સાંતા બનવા માગશે? આ સામે તેમને રસપ્રદ ઉત્તરો આપ્યા

ધ વોઈસ ઈન્ડિયા કિડ્સનો કોચ શાનઆ ક્રિસમસમાં મારી માતા ઝડપભરી સાજી થાય એવી પ્રાર્થના કરું છું. તેણે ઘૂંટણનું પ્રત્યારોપણ કરાવ્યું છે અને છેલ્લા બે સપ્તાહથી અસહ્ય દર્દથી પીડાય છે. તેનું દર્દ ઝટપટ ભાગી જાય તો અમે ખુશી ખુશી નવું વર્ષ ઊજવી શકીશું. આથી સાંતા મારી માતાનાં બધાં દર્દો લઈ જાય એવી મારી ઈચ્છા છે. જો મને સિક્રેટ સાંતા બનવાનો મોકો મળશે તો હું લોકોને તેઓ ચાહે છે તે કરવાથી રોકતી બધી સંસ્થાઓના મનમાં અમુક જ્ઞાન ભરવા માગું છું. હું તેમને કહેવા માગું છું કે જીવો અને જીવવા દો. હું તેમને આપણા દેશમાં કોમી અને ધર્મ આધારિત હિંસા રોકવા માટે પૂછીશ અને આપણા દેશને ખરા અર્થમાં લોકશાહી બનાવવા કહીશ.વાસ્તવમાં મારો હૃદયભંગ થયો છે, કારણ કે હમણાં સુધી હું એવું માનતી હતી કે સાંતા મોજૂદ છે, મારા વાલીઓએ મને તેવું માનવા પ્રેરિત કરી હતી. હાલમાં મને ફેસબુક પર એક સંદેશ મળ્યો, મને ઓળખે છે? મને યાદ નહીં આવ્યું ત્યારે તેણે મને કહ્યું કે ગયા વર્ષે સાંતા તરીકે પહેરવેશમાં તે મારા સ્થળે આવ્યો હતો. આથી એક રીતે મારો હૃદયભંગ થયો છે અને હું ભાંગી પડી છું

રશીયા વર્લ્ડ યુથ (યુ-૧૬)ચેસ ઓલિમ્પીયાડનું ટાઈટલ જીત્યું

અમદાવાદ

કર્ણાવતી કલબ અમદાવાદ ખાતે યોજાયેલ વર્લ્ડ યુથ (યુ-૧૬) ચેસ ઓલિમ્પીયાડનો ખિતાબ રશીયા જીત્યું. તા.૧૮ મીએ યોજાયેલ ઈનામ વિતરણ સમારોહમાં ચેસ જગતના મહાનુભાવો ડી.વી.સુંદર, વાઈસ પ્રેસી.ભરતસીંહ ચૌહાણ, સેક્રેટી ઓલ ઈન્ડીયા ચેસ ફેડરેશન અજય પટેલ, પ્રમુખ ગુજરાત સ્ટેટ ચેસ એસો.જયેશ મોદી, પ્રમુખ કર્ણાવતી કલબ અને ભવેશ પટેલ, સચીવ ગુજરાત સ્ટેટ ચેસ એસો.ઉપસ્થીત રહ્યા હતા.

રશીયાનું ૮ મા રાઉન્ડના અંતે એક રાઉન્ડ બાકી હોવા છતાં ટાઈટલ સિદ્ધિ કર્યું હતું. જ્યારે તેઓ આર્મેનીયાથી ૩-૧ ની સરખામણીએ અવીરત કુચ ચાલુ રાખી હતી. ઈન્ડીયા ગ્રીન અને ઈરાને પણ તેમના બીજા અને ત્રીજા સ્થાનો અનુક્રમે અકબંધ રાખવા સમાન પરીણામો સાથે જીત મેળવી હતી. રશીયાએ ગોલ્ડ સાથે ૧૨૫૦ યુરો જીત્યા, ઈન્ડીયા ગ્રીનએ સીલ્વર સાથે ૧૦૦૦ યુરો જીત્યું અને ઈરાને બ્રોન્ઝ મેડલ સાથે ૮૦૦ યુરો જીત્યા હતા.

અંતીમ રાઉન્ડ રોમાંચક હતો રશીયન ટીમ, જે પહેલાંથી જ ગોલ્ડમેડલ જીતી હતી અને ૧૬.૦ ૧૬ નો સ્કોર ધરાવતી હતી. તે આશ્ચર્યજનક રીતે ઈન્ડીયા રેડ ટીમ સામે હારી ગયો હતો. ઈન્ડીયા ગ્રીન ૩.૫-૦.૫ ના માર્જીન દ્વારા ફઝાખસ્તાન સામે સીલ્વરથી જીત્યું, ઈરાન બ્રોન્ઝ જીત્યો.

લોકાફલીનું અમદાવાદમાં ઓફલાઈન એક્ઝિબિશન યોજાયું

અમદાવાદ લોકાફલી એ એક મોબાઈલ અને વેલ માર્કેટ છે જ્યાં ભારતભરનાં લોકો યુનિક માલસામાનનું ખરીદ-વેચાણ કરી શકે છે. આ એક એવું માર્કેટ છે જ્યાં થયેલી દરેક પ્રોડક્ટનું પ્રમોશન સમગ્ર ભારતમાં થાય છે.

લોકાફલી એ અમદમવાદ સ્થિત કંપની વેન્ચર પ્રા.લિ.નું એક વેન્ચર છે જે એક ઓનલાઈન વ્યવસાયિક કેન્દ્ર છે જ્યાં ખાસ આવડત વાળા કારીગરો અને દરેક કરાંના વ્યાપારીઓને મોટી સંખ્યામાં ભારતભરમાં ગ્રાહક વર્ગ મળી રહે છે. લોકાફલીનું બીજું એડમિશન વિન્દરજમ હાલમાં અમદાવાદમાં યોજાયું છે. જે પોતાનાં સમર્થકોને ફક્ત ઓનલાઈન માર્કેટ નહીં પરંતુ ફલીમાર્કેટનાં રૂપે ઓફલાઈન માર્કેટની તક પણ પૂરી પાડે છે.જેમાં ૧૭૦થી પણ વધુ શોપ્સ હતી જ્યાં તેઓ પોતાની નવી પ્રોડક્ટન બ્રાન્ડિંગ અને પ્રમોશન કર્યું. જેમાં સ્વાદિષ્ટ વાનગીઓનાં ૩૦ જેટલા ફૂડ સ્ટોલ હતાં અને બબાળકો માટે સાયન્સ લેબસ,૧૨ ફૂટનો રોબોટ અને પ્રથમવાર પ્રિમિયમ મેન્સ એસેસરીઝનું લોન્ચ પણ કરવામાં આવ્યું છે.

દર્દ હોતા નહીં દુનિયા કો બતાને કે લિયે હર કોઈ રોતા નહીં દિખાને કે લિયે...

સંબંધને સંયમ સાથે સીધો 'સંબંધ' છે.. જય



અને તમારા પપ્પા મેહુલભાઈની ઘમઘમતી પરોઠા -શાક અને પાનના ગલ્લા પર કામ અને કાવાદાવા શરૂ થયા અને મેહુલભાઈને ઘરે બેસવાનો વારો આવ્યો.. જય. ત્યારે તમે કોલેજના બીજા વર્ષમાં હતા.

પ્રથમ વર્ષમાં તમે તમારા મિત્ર વર્તુળ માટે સારો ખર્ચ કરી શકતા હતા. પરંતુ બીજા વર્ષમાં તેમાં કાપ આવ્યો.

આ કાપની સાથે જ મિત્રો પણ કાચા દોરથી ઉડતા પતંગની જેમ સંબંધ કાપીને બીજી પાકી દોર જેવા સંજય સાથે વળગી ગયા. તમને પહેંલા દુઃખ થયું. પરંતુ જિંદગીની વાસ્તવિકતા પણ સમજાઈ ગઈ કે પૈસો પરમેશ્વર છે આ જીવનમાં..

હા, એક પિતા એવી છોકરી હતી. જેણે તમારી સાથે દોસ્તી નિભાવી હતી.

પિતા જાણાવા માગતી હતી કે કોલેજમાં બીજા વર્ષમાં આવો બદલાવ કેમ આવ્યો જય માં ? પણ જય તમારા વર્તન વાણી પર મૌનરૂપી તાળા લાગ્યા હોવાની એ જાણી શકતી ન હતી. એ સવારે કોલેજના છેલ્લા બે પિરિયડ ફ્રી હોવાથી તમે બંને કોલેજથી થોડે દૂર આવેલા બાગમાં જઈ બેઠા હતા. ત્યારે..

'જય, તું શું વિચારે છે ?'

'એ જ કે.. કોલેજ પછી બાપોરે ક્યાંક પાર્ટ ટાઈમ જોબ કરવી જોઈએ.. આપણે લોકોએ..'

અરે,યાર કોલેજના દિવસો તો ગોલ્ડન પિરિયડ કહેવાય જિંદગીના એમાં મોજ મસ્તી જ હોય જીવનમાં ઢસરડા જ છે ને ?'

'ના પિતા એ ખોટી માન્યતા છે.. અત્યારથી જ જોબ શરૂ કરવાનું આવશે ત્યારે આપણે સારી રીતે એડજસ્ટ થઈ શકીશું...

જયના આવા ઉમદા વિચાર પ્રત્યે પિતા તમને નવાઈ લાગી હતી. પણ ખબર નહીં જયને જોતા જ તમે શાન ભાન ભૂલી જતા. અંતરના ઉંડાણમાંથી જયનું રટણ સંભળાતું પણ જય તમારી સાથે હોવા છતાં એણે ક્યાંય પણ તમને.. એજ તો એનો પ્લસ પોઈન્ટ હતો.

બસ પછી તો જયે નોકરી શોધી લીધી. અને નોકરી સાથે ડબલ ગેજ્યુએશન કરી સાથે આઈ એ એસની પરીક્ષા આપી. ત્યાં સુધી તમે પણ યેનકેન પ્રકારે તમારા લગ્ન માટે આવતા માગા પાછા ઠેલતા રહેલા.. પિતા

અને આઈ એ એસ ઓફિસર તરીકે જય ટ્રેઈનીંગ લઈને નજીકના જ શહેર એપોઈન્ટ થયો.

એના મહિના પછી જ તમારે ત્યાં મેહુલભાઈ અને રાધાબેન આવ્યા હતા અને તમારા પિતા પાસે તમારા હાથની માગણી કરી હતી. જે દીકરીની ખુશી જોઈને તમારા પપ્પાએ સહર્ષ વધાવી હતી.

બસ એ પછીના ખરા ગોલ્ડન પિરિયડમાં તમે જયના પપ્પાની સાથે થયેલા કાવાદાવાની વાત જાણી હતી.

અને તમે સવારે કહ્યું હતું.. તમારે આ વાત મને જણાવવી હતી તો ખરી ?'

ત્યારે જય બોલી ઉઠ્યો હતો. કે

'દર્દ હોતા નહીં દુનિયા કો બતાને કે લિયે..

હર કોઈ રોતા નહીં દિખાને કે લિયે ત્યારે તમારૂ તમારા 'એ જી ઓજી' પ્રત્યેનું માન દસગણુ વધી ગયું હતું.

આ અર્ધસત્ય ઘટના વિષે આપના અભિપ્રાય મને મેઘવર્ષા, ૧૪ સપ્તગિરિ સોસાયટી વિભાગ-૩, સાંઈ મંદિર બગીચા પાછળ, વિશ્વામિત્રી કૉસિંગ, માંજલપુર, વડોદરા-૩૬૦૦૧૧ અથવા મો.૯૯૨૫૬ ૨૮૪૯૮ પર જાણવા હોં કે !

સંવેદના:

પહેલવાન એકવારમાં કેટલા લોકોને ઉપાડી દે છે ?. દસ.. બસ..?

મારો દીકરો રાત્રે રડે એટલે આખા મહોલ્લાને ઉઠાડી દે છે.

મનીષ જોષી"મીન"

મૈજિકબ્રિક્સના "મૈજિકબેગ" અભિયાને ફરીથી ફેલાવી ગર્માહટ



પહેલા વર્ષમાં દિલ્લી એનસીઆરમાં હતાશા પછી મૈજિકબ્રિક્સની અનુઠી પહેલ મૈજિકબેગ એક વાર ફરીથી બેઘર લોકો માટે ગરમીનો અહેસાસ લઈને આવી છે. આ વખતે આ પહેલ ૨૦ ડિસેમ્બર ૨૦૧૭ના રોજ બેંગલોર અને મુંબઈના બેઘર લોકો સુધી પહોંચી.

ભારતની નંબર ૧ પ્રોપર્ટી સાઈટ મૈજિકબ્રિક્સએ પોતાની એનજીઓ પાર્ટનર ઉદય ફાઉન્ડેશનની સાથે મળીને મૈજિકબ્રિક્સનું વિતરણ કર્યું. મૈજિકબેગ એડવરટાઈઝિંગ હોર્ડિંગ ફ્લેક્સ(એક પ્રકારની જૂટ)થી બનેલા કસ્ટમાઈજડ સ્લીપિંગ બેગ છે જે દિલ્લીમાં એમ્સ અને મુંબઈના ટાટા મેમોરિયલ હોસ્પિટલમાં બેઘર સમુદાયોમાં પહોંચ્યાં હતાં. બેંગ્લોરમાં આના જેવા બેગ શશાદ્રીપુરમ અને નેતાજી રોડની ઝુંપડપટ્ટીઓમાં વિતરણ કર્યાં.

મૈજિકબ્રિક્સના માર્કેટિંગ હેડ પ્રસૂન કુમારે કહ્યું, "ગયા વર્ષે અમે દિલ્લી / એનસીઆરની ભરપુર સર્દીમાં બેઘર લોકો સુધી ગર્માહટ પહોંચાવવા માટે આ પહેલ ચાલુ કરી હતી. ગયા વર્ષમાં મળેલી પ્રતિક્રિયાને જોઈને અમે આ વર્ષે બેંગ્લોર અને મુંબઈમાં પણ અમે અભિયાનને વધારવાનો વિચાર કર્યો. અમારા કર્મચારીઓ અને લાભાર્થીઓનો ઉત્સાહ પોતાનામાં વધારે હતો. અમે ઉદય ફાઉન્ડેશનના પ્રતિ વિશેષરૂપે આભારી છીએ. જેના સહયોગથી અમારા આ અભિયાનમાં કામયાબી મળી છે. મૈજિકબેગ્સ મેળવવાવાળા લોકોનું સ્મિત અમને એક અનોખી ખુશીનું અહેસાસ કરાવે છે."

પાચન તંત્રને મજબૂત કરવા નિયમિત કરો 3 આસન

જો તમે તમારૂ પાચન તંત્ર યોગ્ય રાખવા માંગતા હોવ કે પાચનની સમસ્યાઓથી છૂટકારો ઈચ્છતા હોવ તો કેટલાક યોગાસન અત્યંત કારગર હોઈ શકે છે. તેમના નિયમિત અભ્યાસથી તમારૂ પાચન તંત્ર મજબૂત બની જશે. તમે પણ તેમના વિશે જાણો અને કરો તેમનો અભ્યાસ

પાચનશક્તિને લગતી સમસ્યા કબજિયતાનો અર્થ થાય છે પેટનું સાફ ન હોવું. આ કોઈ બીમારી નથી પરંતુ લાંબા સમય સુધી તેનો ઈલાજ કરાવવામાં ન આવે તો અન્ય અનેક બીમારીઓનું કારણ બની શકે છે. પેટના સાફ ન હોવાના અનેક કારણો હોય છે જેમ કે ખાવામાં પૌષ્ટિકતાનો અભાવ, જંક ફૂડનું વધારે પડતુ સેવન, મેદામાંથી બનેલી વસ્તુઓનું સેવન અને ઓછુ પાણી પીવુ. તેનાથી છૂટકારો મેળવવા માટે ખાણીપીણીમાં સુધારો કરવા ઉપરાંત કેટલીક યૌગિક ક્રિયાઓનો નિયમિત અભ્યાસ જરૂરી છે. પશ્ચિમોત્તાસન આ આસન કરવા માટે સૌથી પહેલા જમીન પર બન્ને પગને સામેની તરફ ફેલાવી બેસી જાઓ. બન્ને પગની એડીઓ અને અંગૂઠા પરસ્પર જોડીને રાખો. લાંબો ઊંડો શ્વાસ લેતા બન્ને હાથને ઉપરની તરફ લઈ જાઓ. હવે શ્વાસ છોડતા સામેની તરફ ઝૂકી જાવ તથા બન્ને હાથથી પગના અંગૂઠા પકડી થોડી વાર સુધી રોકાવાનો પ્રયાસ કરો. માથાને કે પછી નાકને ઘૂંટણ પર

.અનુસંધાન પાના નં.૬ ઉપર

હોમિયોપેથી વિશે માહીતી તેમજ તથ્યો

હોમીયોપેથીક એક સરળઉપાર — ડૉ. જગદીશ ઘોળકીયા

જીજ્ઞાસુ મિત્રો,

ઘણા લાંબા સમયથી આપને રખેવાળ માધ્યમ દ્વારા 'હોમિયોપેથીક ચિકીત્સા પદ્ધતિ હોમિયોપેથીથી અસાધ્ય રોગોમાં ફાયદો થયાના રસપ્રદ કિસ્સાઓ વિશે ખુબ જ રૂચિપુર્વક અને જ્ઞાનવર્ધક લેખમાળા પીરસવામાં આવી અને વર્ષોથી અનેક સુજ્ઞવાંચકો, જિજ્ઞાસુમિત્રોએ ખુબ જ રસપુર્વક આ લેખમાળાઓને રસપુર્વક વાંચી તેમજ અનેક પત્રો દ્વારા 'હોમિયોપેથીક એક સરળ ઉપચાર' ને હૃદયપુર્વક સ્વીકારી. અમને વાંચક મિત્રોએ હોમિયોપેથી વિશે જે ઉત્સાહ, જીજ્ઞાસા સાથે પ્રતિભાવો મળ્યા તેનું ખુબ જ આનંદ થયો. વર્ષોથી 'રખેવાળ' દ્વારા આપણે એકબીજાના સંપર્કમાં રહેવા તેનો આનંદ અને સંતોષ થયો.

મિત્રો અમારી વ્યસ્તતાને લીધે આ લેખથી અમે વિદાય લઈ રહ્યા છીએ. આ અમારી છેલ્લી લેખમાળા રહેશે, ભવિષ્યમાં હોમિયોપેથી વિશે સલાહ, સુચનની જરૂરત લાગે તો અમને અવશ્ય યાદ કરશો અમે તમારા પ્રશ્નો તેમજ રોગોનું 'હોમિયોપેથી' દ્વારા નિરાકરણ કરવાના પ્રયત્નો કરીશું.

'હોમિયોપેથી'ની એક ઝલક તેમજ તથ્યો'

વર્ષોથી આ કોલમમાં અમે વારંવાર હોમિયોપેથીક ચિકિત્સા પદ્ધતિ તેમજ તેના તથ્યો વિશે માહિતી આપી છે પણ આજે વિદાય વેળા 'સંક્ષિપ્ત' માં થોડાં રજુ કરીએ છીએ.

૧.હોમિયોપેથી ચિકિત્સાનો આવિષ્કાર આજથી ૨૫૦ વર્ષ પહેલાં જર્મનીની એલોપેથીક ડૉક્ટર સેમ્યુઅલ હનેમાને કરેલો તેથી એલોપેથીની એમ.ડી.ડીગ્રી ધરાવતા હતા.

૨. હોમીયોપેથી 'સીમીલીયા' સીમાલીબસ કયુરેન્ચેર ના સિદ્ધાંત ઉપર કામ કરે છે.

૩. કોઈપણ પદાર્થ, ધાતુ, વનસ્પતિ કે મીનરલના અર્કના સુક્ષ્મ અણુ દ્વારા આ દવા માનવ શરીરમાં જ્ઞાનતંતુઓ દ્વારા કાર્ય કરે છે.

૪. આ દવા શરીરના અંગોમાં ઉત્પન્ન થતા 'સાઈન્સ અને સીમ્પટન્સ' (જેને લક્ષણો) કહેવામાં આવે છે તેના ઉપર કામ કરે છે.

૫. રોગોના પગથી માથા સુધી જે લક્ષણો ઉત્પન્ન થાય તેને તથા દર્દીની રૂચિ, સ્વભાવ, માનસિક લક્ષણો, દર્દીની સંવેદનશીલતાનો સંપૂર્ણ અભ્યાસ કરી દવાની પસંદગી કરવામાં આવે છે.

૬. આ દવા નિર્દોષ છે. આ દવાની આડઅસર થતી નથી. આ દવા કોઈપણ ચિકિત્સા પદ્ધતિ કે જે એલોપેથીક આયુર્વેદિક યુનાનીની દવાઓ સાથે પેરેલલ દવા આપવામાં આવે છે. પેરેલલ દવા આપવાથી કોઈ જ આડઅસર કે નુકશાન થતું નથી.

૭. આ દવા લેતી વખતે મોંઢામાં કોઈ અન્ન કે સુગંધી ખાદ્ય પદાર્થોની ગંધ હોય તો આડઅસર થતી નથી પણ દવાનું જે પરીણામ જલદી જોઈતું હોય તેમાં વિલંબ થાય છે.

૮. હોમિયોપેથીક દવા લેતા સમયે લસણ, ડુંગળી કાંચા તેમજ કોફી કે ચોકલેટ ન લેવાય.

૯. હોમિયોપેથીક દવા ફકત બહારથી દબાવતી નથી પણ રોગને અંદર મુળમાંથી બહાર કાઢી પછી મટાડે છે.

દાખલા તરીકે ૧. જે લોકો વર્ષોથી ચામડીના રોગોથી પીડાતા હોય અને બહારથી આઈન્ટમેન્ટ કે પ્રવાહી લગાવવાથી ટેમ્પરરી દબાયેલું હોય તેને શરૂઆતમાં દવા મુળમાં જઈ રોગને બહાર કાઢે, શરૂઆતમાં ચામડીનો રોગ બહાર નીકળે ત્યારબાદ નિયમિત કોર્ષ કરવાથી સંપુર્ણ મુળમાંથી મટે છે.

આજ રીતે વા, સંધિવા, પેટના રોગો કે જે વર્ષોથી હોય

અનુસંધાન પાના નં.૬ ઉપર

શિયાળામાં જાણો ખાન-પાનના ટીપ્સ

આરોગ્ય સંહીતા

શિયાળાના મૌસમ આરોગ્ય બનાવવા માટે બહુ જ મહત્વપૂર્ણ ગણાય છે. આ મૌસમમાં જેટલા ફળ અને શાકભાજી બજારમાં આવે છે , આ સારી હોય છે જે તમારી ભૂખ અને પાચનશક્તિ પણ . આ મૌસમમાં સ્વસ્થ રહેવું અને શરદીથી બચવા માટે ખાન-પાનના ૫ જરૂરી ટિપ્સ -બનાવે આરોગ્યને હેલ્દી

૧. આ મૌસમમાં શરદી-ખાંસી હોવાની શકયતા વધારે રહે છે. એમાં તમારા શરીરની રોગ-પ્રતિરોધક ક્ષમતાને વધારવા માટે એકસપર્ટ એમના ભોજનમાં નેચરલ એંટીઓક્સીડેંટને શામેળ કરવાના ઉપાય આપે છે. ઠંડના મૌસમમાં તમારા ભોજનમાં આમળાને શામેળ કરો સીધા નહી ખાઈ શકતા તો મુરબ્બાના રીતે કે કઈ પણ રીતે દરેક દિવસ ખાવા-પીવામાં ઉપયોગ કરો.

૨. જો તમે ડાઈટ ચાર્ટના પાલન કરી રહ્યા છો તો આમળાના મુરબ્બા લેવાની જગ્યા કોઈ બીજા રૂપમાં લો. એની સાથે અજમો પણ શરીરને ગર્મી આપવાનો સારું સ્ત્રોત છે. એનાથી પણ તમે કોલ્ડ એંડ ફ્લૂથી બચાવ કરી શકો છો. ગોળ અને મધ પણ શિયાળાના દિવસોમાં સારું ગણાય છે.

૩. તલ કે ગોળના લાડું શિયાળાથી બચાવ માટે સારો ઉપાય ગણાય છે. ઠંડના મૌસમમાં સૂકા મેવા, બદામ વગેરેનો પણ સેવન પણ લાભદાયક હોય છે. એને પલાળી કે દૂધમાં મિક્સ કરીને કે પછી સૂકા મેવાના દરદરું પાવડર બનાવી લો અને એને દૂધમાં મિક્સ કરી પ્રોટીન શેક જેવું બનાવી લો.

હાર્ટ બ્લોકેજમાં આયુર્વેદ

આયુર્વેદનું અમૃત — વૈદ્ય મહેશ અખાણી

ભગવાન કહે છે કે, હું બધાના હૃદયમાં રહેલો છું. તેથી જેમ આપણા સાચા-ખોટા કાર્યો ના પ્રભુ સાક્ષી છે તેમ આપણી ચિંતા, ભાગ દોડ કે સારું ખરાબ ખાવાની ટેવ અને રહેણી કરણીની બધી જ અસર-આડઅસર પણ ભગવાનને દુઃખી કે સુખી કરે છે અને તેના કારણે હૃદયના કાર્ય અને તેની સાથે જોડાયેલા શરીરના અંગો ફેફસાં, મગજ ના રોગો થાય છે. આજે થતા મૃત્યુ માં ૧૫% થી વધુ મૃત્યુ હૃદયના કારણે થાય છે જેમાં હાર્ટ એટેક મુખ્ય છે. હાર્ટ એટેક થવા માં મુખ્ય કારણ – મહેનત, શ્વાસ રોગ કે લોહી ની ઉણપતા કદાચ ઓછુ હશે. પરંતુ વિશેષ કારણ છે – આળસ, ઓછી મહેનત, ચિંતા, ભૂખ વગર નું ભોજન, સંચય નો અભાવ, વિરુદ્ધાહાર, મગજ અને સમય પછી પણ ખાવાની ટેવ, અપચો, વધુ પાણી પીવાની ટેવ, વ્યાયામ નો અભાવ, ગળું – ખાટું – મવાહી – ચીકણું – તલ + ગોળ વધુ ખાવા ની ટેવ, મહેનત વધુ ને ખોરાક ઓછો, ચિંતા, ભય, ખોટી દવાઓ, પંચકર્મ ના પણ ખોટા ઉપચાર કે અયોગ્ય પધ્ધતિ થી થતા પંચકર્મ ની આડઅસર, મળ – મૂત્ર ના વેગ રોકવામાં આવે, વધુ પ્રમાણમાં થતા ઉપવાસ કે શારીરિક – માનસિક આઘાત થી હૃદયરોગ – હાર્ટ એટેક થઈ આવે છે.

હૃદયરોગ ના સામાન્ય લક્ષણો - શરીરનો રંગ બદલાઈ જાય, મુર્છા કે બેભાનપણું થાય, તાવ, ઉપરસ, હેડકી, શ્વાસ, મોઢામાં બેસ્વાદ પણું, વધુ પડતી તરસ લાગે અને અતિશય ગભરામણ થાય, ઉલટી થયા કરે, કફ વારંવાર બહાર નીકળે, હૃદય માં પીડા થાય, બેચેની થાય, કંઈપણ કામ કરવું ગમે નહિ... આ હૃદય રોગમાં થતા સામાન્ય લક્ષણો છે.

કારણો- હૃદયમાં લોહી નું વહન કરનારી ધમની કે જે હૃદયમાંથી બહાર નીકળે છે તે હૃદય ની દીવાલો, મગજ અને આખા શરીર માં શુધ્ધ લોહી પૂરું પાડે છે તે ધમની જે હૃદય ની દીવાલોને લોહી પૂરું પાડે છે તેમાં બ્લોકેજ થવાથી હૃદય નો દુઃખાવો થાય છે જેને croonary thrombosis કહે છે તથા હૃદય માં જ્યારે તીવ્ર દુખાવો થાય છે - સોંય ભોંકવા જેવી પીડા થાય છે તેને M.I. એટલે કે Mayocardial Infraction કહે છે જેને આયુર્વેદ દ્રષ્ટિ એ કૃમિ જ હૃદય રોગ કહી શકાય.

મહર્ષિ ચરક હૃદયરોગ ના વાતજ, પિતજ, કફજ, ત્રિદોષ જ અને કૃમિ જ હૃદયરોગ એમ પાંચ પ્રકાર કહે છે.

તેમાં કૃમિ જ હૃદયરોગ માં લખે છે કે, તિવ્ર અરતી તોદ કૃમિનં,

આજે જોવા મળતા હાર્ટ એટેક ના દર્દીઓમાં દર્દીને છાતી માં તીવ્ર દુખાવો થઈ ને ડાબી બાજુ હાથ, ગળું, પીઠ અને પેટ માં હૃદય તરફ ની બાજુ દુખાવો થાય છે, આરામ પણ ન કરી શકે, છાતી માં બળતરા અને ઉલટી થઈ આવે, પરસેવો ખુબ થાય અને બીપી એકદમ ઘટી જાય, હૃદય ના ધબકારા વધી જાય છે.

અનુભવ – આજે ઘણા તબીબ મિત્રો કહે છે કે, અમને એટેક ની તકલીફ છે ક્યારેક ચાલવા થી શ્વાસ ચડે, છાતી માં દુખાવો થયો હોય તપાસ કરતા ખબર પડે કે હાર્ટ બ્લોકેજ છે, ઓપરેશન ની સલાહ મળે છે ત્યારે અમે પણ અમારી ડિસ્પેન્સરીન જેવી દીકડી ની સાથે અર્જુન છાલ નું ચૂર્ણ પાણી કે દૂધ સાથે સવારે –સાંજે નિયમિત લઈએ છીએ. તો કેટલાક વર્ષ થઈ ગયા હજુ અમને દુખાવો કે શ્વાસ રોગ થયો નથી, ગભરામણ કે બળતરા કે સોંય ભોંકવા જેવી વેદના થઈ નથી અને ચાર દાદરા ચડી જઈએ છીએ, અહી એમની ડિસ્પેન્સરીન નો ફાળો ઓછો અને અર્જુન છાલ ના કારણે વધુ લાભ થયો છે તેવું ચોક્કસ થી સૌ સ્વીકારી રહે છે આયુર્વેદમાં અર્જુન છાલ ઉપરાંત ચોક્કસ નિદાન ના આધારે કૃમિ દૂર કરનાર લસણ, ખાખરા નાખી જ , વાવડીંગ, ઈન્દ્રજાવ, કમ્પીલક, આદુ , સુંઠ, હળદર, ત્રિફળા ઉપરાંત હૃદય ને બળ આપનાર પંચગવ્ય, સુવર્ણ, મધ, મરી અને દ્રાક્ષમુલ જેવી અનેક વિવિધ ઔષધીઓ નિષ્ણાત વૈધ અભ્યાસ અને અનુભવ થી આપે છે.

હૃદય ની તંદુરસ્તી માટે મહર્ષિ ચરક કહે છે કે

હૃદં યત સ્નાતૃ ઔજસ્ય સ્રોતસાં તત્ પ્રસાદનમ્ ।

તત્ સેવ્યં પ્રયત્નેમ્ પ્રશમો જ્ઞાનમેવ ચ ॥

શરીરના સોતાસ ખુલ્લા થાય અને મન પ્રસન્ન રહે તેવું જ્ઞાન અને ઔષધીઓ હૃદયને સ્વસ્થ રાખનાર છે.આજે દહી, અડદ, દિવસની ઊંઘ, ભાગ દોડ અને જંકફૂડ આ બધું જ સોતસ અવરોધ કરનાર છે, જયારે માત્ર ભૂખથી ઓછા પ્રમાણમાં ફળોના રસ ઉપર રહેવા થી સોતસ પ્રસન્ન કરનાર છે જે હૃદય ની તંદુરસ્તી માટે શ્રેષ્ઠ છે.

વૈદ્ય મહેશ અ. અખાણી, વૈદ્ય પરાશર મ. અખાણી
અમૃત આયુર્વેદ કેન્દ્ર, તાલુકા પંચાયત સામે. પાલનપુર .
મો. ૯૪૨૬૩૯૯૧૨૫

સજગતાથી ઉલેચો મનને કરો ખાલી તો ઉતરશે પરમાત્માને પરમાનંદ...!

માનસ — ડૉ. પ્રવીણ પટેલ

ગતાંકથી ચાલુ

અંદરની સજગતા બળવાન બનતાં જ તેના પ્રકાશમાં મનનો અંધકાર વિલય પામે છે અને તે જ પ્રમાણે જો મન શાંત હોય, વિચારશુન્ય થાય તો પછી અંદરની સજગતા દ્રશ્યમાન બને છે. સજગતા સર્વસ્વ છે તે જ પરમતત્વ અથવા પરમ આનંદમયતા છે. આનંદની પરાકાષ્ઠા છે તેમાં કોઈ ઘુવીયતા નથી કે નથી તે કોઈ ગુણાત્મક ચીજ, તે તોમાત્ર હોય છે અને તે જ આપણું 'હોવું માત્ર છે.'

હરમન હેસ પ્રસિદ્ધ નવલકથાકાર અને 'સિદ્ધાર્થ' ના રચયિતાના મતે 'આપણે ચારે બાજુથી ઘેરાઈ ગયા હોઈએ અને કેમે કર્યું શું સહેવાતું ન હોય ત્યારે વૃક્ષ પાસે આપણને કહેવા લાયક થોડુંક જ હોય છે..' જરા ધીરજ ધરો, થોડા સ્થિર થાઓ,સ્વસ્થ થાઓ, જીવન કંઈ બહુ સહેલું નથી પણ જીવન મુશ્કેલ પણ નથી ! તમારી ભીતર રહેલા પરમાત્માને બોલવા દો, તમારા વિચારો શાંત થશે.' તમે બેચેન છો કારણ કે તમારો રસ્તો તમને તમારી માતાથી અને ઘરથી દુર લઈ જાય છે.પણ પ્રત્યેક પગલું અને પ્રત્યેક દિવસ ફરી પાછો તમને તમારી માતા તરફ જ વાળે છે. ઘર નથી, અહીંયા કે નથી ત્યાં..ઘર તો ભીતર છે યા પછી ક્યાંય નથી !'

તેમના કહેવા પ્રમાણે જીવન ગુંચવાડો છે, સમગ્ર જીવન આવું જ છે. અનેક વિરોધાભાસી વસ્તુઓ, બનાવો, ઘટનાઓ ઘટતી જ રહે છે અને આ જોઈને આપણું આંતરીક મન જાણે અંદરથી તુટતું માલુમ પડે છે. તો આવા સમયે શાંત થાઓ, ધીરજ ધરો, રાહ જુઓ. હજુ વધારે શાંત થાઓ અને હવે પુર્ણ આંતરિક કેન્દ્રસ્થનો અનુભવ કરો. તેનો અનુભવ કે જે આપણું અસ્તિત્વ છે અંદરનો પરમાત્મા છે આપણું 'શુદ્ધ' હોવાપણું છે તેનાં દર્શન થાય છે અને ત્યારબાદ જેમ 'હરમન હેસ' કહે છે તેમ 'પ્રત્યેક પગલું અને પ્રત્યેક દીવસ ફરી પાછો તમને તમારી માતા તરફ જ વાળે છે. ઘર નથી અહીંયાં કે નથી ત્યાં.

અનુસંધાન પાના નં.૬ ઉપર

હાઈટ નાની હોય કે વધતી ન હોય તો અજમાવી લો ૩૦ દિવસનો ખાસ ઉપાય

સાઈકોથેરાપીસ્ટ

હાઈટ વધારવા અને કર્વી ફિગર માટે કેટલાક ખાસ અને કારગર નુસ્મા અને સાથે જ સરળ આસન નિયમિત કરવાથી તમે તમારી હાઈટમાં વધારો કરી શકો છો.

દરેક છોકરી હોય કે છોકરો સરખી ઊંચાઈ અને સપ્રમાણ શારીરિક બાંધો ધરાવવાનું ઈચ્છતા હોય છે. જો કે હાઈટ ન વધવી એ તો શરીરના જીન્સ-ક્રોમોસોમ્સ પર આધાર રાખે છે, કેટલાક લોકોની હાઈટ સમયથી પહેલાં જ વધતાં રોકાઈ જાય છે. જેનું મુખ્ય કારણ શરીરને પર્યાપ્ત માત્રામાં પોષક તત્વોનું ન મળવું અને હોર્મોન્સમાં ફેરફાર થવા હોઈ શખે છે. હકીકતમાં આપણી લંબાઈ વધવામાં સૌથી મોટું યોગદાન હ્યૂમન ગ્રોથ હોર્મોન એટલે કે એચજીએચનું હોય છે. એચજીએચ પિટ્યુટરી ગ્લેન્ડથી નિકળે છે. આ જ કારણ છે કે યોગ્ય પ્રોટીન અને ન્યૂટ્રીશિયન્સ ન મળવાને કારણે શરીરનું વિકાસ રોકાઈ જાય છે. જો તમારી સાથે પણ આ સમસ્યા થાય છે તો આજે અમે તમને હાઈટ વધારવા અને કર્વી ફિગર માટે કેટલાક ખાસ અને કારગર નુસખા અને સાથે જ સરળ આસન બતાવીશું. જેથી તમે તમારી હાઈટમાં વધારો કરી શકો છો. - અશ્વગંધા અને સૂકી નાગોરી બન્નેને આયુર્વેદમાં શારીરિક વિકાસ માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. સામગ્રી- ૨૦ ગ્રામ નાગોરી, ૨૦ ગ્રામ અશ્વગંધા અને ૨૦ ગ્રામ ખાંડ બનાવવાની વિધિ- સૂકી નાગોરી અને અશ્વગંધાની જડને બારીક પીસી લેવું. આ ચૂર્ણમાં બરાબર માત્રામાં ખાંડ મિક્ષ કરવી. આ મિશ્રણ કાંચની બાટલીમાં ભરી લેવું. આ રીતે કરો સેવન- રાતે સૂતી વખતે દરરોજ બે ચમચી ચૂર્ણ લેવું. ત્યારબાદ ઉપરથી ગાયનું દૂધ પીવું. આનાથી હાઈટ વધવાની સાથે હેલ્થ પણ સારી થાય છે. આ ચૂર્ણને સતત ૪૦ દિવસ લેવું. ઠંડીમાં આ ચૂર્ણ વધુ ફાયદો કરે છે, આ ઉપાયથી તમારી હાઈટ ચોક્કસ વધશે. કાળા તલ અને અશ્વગંધાનો આ યોગ નિયમિત રીતે સેવન કરવાથી પણ હાઈટ ઝડપથી વધવા લાગે છે.

સામગ્રી- અશ્વગંધા ચૂર્ણ, કાળા તલ, ખજૂર, ગાયનું ઘી બનાવવાની વિધિ- ૧ ચી ૨ ગ્રામ અશ્વગંધા ચૂર્ણ અને ૧ કે ૨ ગ્રામ કાળા તલ પીસીને ચૂર્ણ બનાવી લેવું. આ રીતે કરવું સેવન- આ ચૂર્ણને ૩ ચી ૫ ખજૂરમાં મિશ્રણ કરીને પની ૨૦ ગ્રામ ગાયના ઘીમાં એક મહિના સુધી નિયમિત સેવન કરવાથી તમારી હાઈટ ચોક્કસથી વધવા લાગશે. માત્ર અશ્વગંધાનો પાઉડર લેવાથી પણ હાઈટ વધે છે. સામગ્રી- અશ્વગંધાની જડ. ખાંડ, દૂધ બનાવવાની વિધિ- થોડીક માત્રામાં અશ્વગંધાની જડ લઈને તેનું ચૂર્ણ બનાવી સલેવું. આ ચૂર્ણમાં સરખા પ્રમાણમાં ખાંડ મિક્ષ કરીને રાખી દેવું. આ રીતે સેવન કરવું- આ મિશ્રણને ચમચી માત્રામાં એક ગ્લાસ દૂધમાં નાખીને પી જવું. આ ઉપાય રોજ રાતે સૂતા પેલ્લાં ૪૫ દિવસ સુધી કરવું. શરીર સુડોળ બનશે અને કદ વધશે. સાવધાની - ફાસ્ટ ફુડ અથવા જંક ફુડનું સેવન ન કરવું. ખાટું ન ખાવું. વધુ પડતું મરચું ન ખાવું. આ દવાઓનું સેવન ગાયના દૂધ સાથે કરવું. - વજન ઉઠાવવાની કસરત સતત કરતા રહેવાથી હાથ-પગની નસ મોટી અને ઘેરી દેખાય છે. રોડ પર લટકવાની કસરત કરવાથી હાઈટ નથી વધતી. માત્ર હાથનું સ્ટ્રેચિંગ થાય છે. શરીરનો નીચલો ભાગ યથાવત રહે છે. એટલે જ શરીરના બધા અવયવોને આવરી લે તેવી કસરત કરવી જોઈએ. સ્ટ્રેચિંગમાં બાઈસેપ્સ, ટ્રાઈસેપ્સ, કોબરા સ્ટ્રેચિંગ હાથ, પગ અને પેટની કસરત કરવી જોઈએ. એવી રીતે પીઠ, જાંઘ, પગની પિંડીની પણ કરસત કરો. કેલ્શિયમવાળો આહાર લેવાથી હાઈટ વધે છે એવી માન્યતા ભૂલભરેલી છે. કારણ કે કેલ્શિયમ માત્ર હાડકાંને મજબૂત કરે છે. શારીરિક વિકાસ માટે પ્રોટીન અને વિટામિનનું કોમ્બિનેશન લેવું જોઈએ. આહારમાં દાળ, માછલી, ઈંડાં, કાળાં ચણાં, વટાણા, સફેદ ચોખી, સોયાબીનનો વિકલ્પ અપનાવવો જોઈએ. હાઈટ વધારવા માટે બે ખાસ આસનો જે લોકોની હાઈટ ન વધી રહી હોય તો તેમને રોજ તાડાસન અને ભુજંગાસન કરવું જોઈએ.

તાડાસનની વિધિ - સીધા સ્થાન પર ચાદર રાખી સીધા ઊભા રહો અને પ્રયાસ કરો કે તમારા પગ એક બીજાને અડતા રહે. સાથે હાથને પોતાની બાજુમા રાખવા. પુરા શરીરને સ્થિર રાખવું

અનુસંધાન પાના નં.૬ ઉપર

હેલ્થ ટિપ્સ - બદામ પલાળીને જ કેમ ખાવી જોઈએ

મન બિલોરી કાચ — [redacted]

સુકા મેવા મતલબ કાજૂ, બદામ, અખરોટ અને કિશમિશ કૈલોરી અને પોષક તત્વોથી ભરપૂર હોય છે. પણ આ ખૂબ ગરમ હોય છે. જો તમને બદામ ખાવી પસંદ છે તો તમે આ વાતનુ ધ્યાન રાખવુ પડશે કે બદામ પલાળીને ખાવામાં આવે કારણ કે પલાળેલા બદામ સ્વાદમુજબ જ નહી પણ સ્વાસ્થ્યની દ્રષ્ટિએ પણ કાચા બદામથી વધુ સારા રહે છે.

બદામને આપણા સ્વાસ્થ્યપ્રદ લાભ માટે ખાવામાં આવે છે. તેનાથી યાદગીરી પણ તેજ થાય છે. બદામમાં વિટામિન ઈ, ઝિંક, કેલ્શિયમ અને ઓમેગા-૩ ફૈટી એસિડથી ભરપૂર હોય છે. પણ આ બધા પોષક તત્વોને અવશોષિત કરવા માટે બદામને ખાતા પહેલા રાત્રે પલાળવી જોઈએ.

બદામ પલાળીને કેમ ખાવી જોઈએ ?

- બદામને પલાળીને ખાવા પાછળ એ કારણ છે કે બદામના સોનેરી રંગના બદામી રંગના છાલટામાં ટનીન હોય છે

જે તેના પોષક તત્વોને અવશોષિ કરવાથી રોકે છે.

- પલાળેલી બદામ પાચનમાં પણ મદદ કરે છે. આ લાઈપેજ નામના એંજાઈમની જાહેરાત કરે છે જે વસા માટે ફાયદાકારી હોય છે. આ ઉપરાંત પલાળેલી બદામ આપણા સ્વાસ્થ્ય માટે અન્ય અનેક પ્રકારના ફાયદા કરી શકે છે.

- બદામ વજન ઘટાડવામાં પણ મદદ કરે છે. તેમા મોનોઅનસેચુરેટ-ડ ફૈટ તમારી ભૂખને રોકવા અને તેને પુર્ણ અનુભવવામાં મદદ કરે છે.

- પલાળેલા બદામમાં વિટામિન મ્ઇ અને ફોલિક એસિડ કેસર સામે લડવા અને જનમદોષ માટે મહત્વપૂર્ણ હોય છે.

- ભારતમાં સૌથી સામાન્ય બીમારીઓમાંથી કોલેસ્ટ્રોલની સમસ્યા પણ છે. ઉચ્ચ કોલેસ્ટ્રોલ હૃદયરોગ અને દિલની

ધમનીઓમાં અવરોધ સહિત અનેક રોગોનુ એક કારક છે. આ સમસ્યા માટે બદામ તમારી મદદ કરી શકે છે. બદામ

- શરીરમાં સારા કોલેસ્ટ્રોલની માત્રાને વધારવામાં ખરાબ કોલેસ્ટ્રોલના સ્તરને ઓછુ કરવામાં ખૂબ મદદરૂપ હોય છે.

- બદામ હાઈ બ્લડ પ્રેશર માટે પણ સારી હોય છે. બદામનુ સેવન કરવાથી બ્લડમાં અલ્ફા ટોકોફેરોલની માત્રા વધી જાય છે જે કોઈના પણ બ્લડપ્રેશરને કાયમ રાખવા માટે મહત્વપુર્ણ હોય છે.

- રાત્રે પાણીમાં પલાળીને સવારે છાલટા ઉતારીને ખાવી વાંચનારા બાળકો માટે ફાયદાકારી છે. તેનાથી સ્મરણ શક્તિ ઝડપી હોય છે.

- બદામ જમ્યા પછી શુગર અને ઈંસુલિનનુ લેવલ વધતા રોકે છે. જેનાથી ડાયાબિટીસથી બચી શકાય છે.

સવારે બ્રેકફાસ્ટ લેવાથી માનસિક પર્ફોમન્સ સુધરે છે

આરોગ્ય

અત્યાર સુધી વજન ઘટાડવા, હાર્ટ-ડિસીઝ કે ડાયાબિટીઝનું જોખમ ઘટાડવા માટે સવારનો બ્રેકફાસ્ટ લેવો જ જોઈએ એવું આપણે સાંભળ્યું છે. વિકાસના સમયમાં પણ મોર્નિંગ બ્રેકફાસ્ટ ઈઝ મસ્ટ છે. જોકે સવારના નાસ્તાનો હજી એક વધુ ફાયદો લંડનના રિસર્ચરોએ શોધ્યો છે: એ છે સ્ટ્રેસથી મુકિત, સંશોધકોનું કહેવું છે કે સવારનો બ્રેકફાસ્ટ લેવાથી આપણો માનસિક પર્ફોર્મન્સ સુધરે છે. વોલન્ટિયર્સને નાસ્તો કરાવ્યા પહેલાં અને નાસ્તો કરાવ્યા પછી એમ અલગ-અલગ સમયે ચેલેન્જિંગ પરિસ્થિતિઓમાં મૂકીને બ્રેકફાસ્ટ રિસ્પોન્સ તેમજ તેમના શરીરમાં થયેલા બદલાવોને નોંધવામાં આવ્યા હતા.

સતત ચાર વીક સુધી પ્રયોગ કરીને સંશોધકોએ નોંધ્યું હતું કે સવારે હેલ્થી બ્રેકફાસ્ટ કરનારાઓની કમ કરવાની ઝડપ, નિર્ણયો લેવાની ગતિ અને સંકુલ વિચારોને સમજવા અને

સમસ્યાઓને ઉકેલવાની ક્ષમતા આખા દિવસ દરમ્યાન વધુ હતી. બીજી તરફ જે લોકો સવારે ભૂખ્યા રહીને ઝટપટ દિવસનું કામ આટોપવાની ઉતાવળમાં રહેતા હતા તેમનામાં બપોર પછી કામની ગતિ ધીમી પડી જતી હતી. બ્રેકફાસ્ટ કરનારાઓના શહીરમાં સ્ટ્રેસ-હોર્મોન્સ પેદા થવાનું પ્રમાણ બ્રેકફાસ્ટ ન કરનારાઓ કરતાં ઓછું હતું.

સાઈકોથેરાપીસ્ટ

અનુસંધાન પ નુ ચાલુ..

અને એ ધ્યાન રાખવુ કે પુરા શરીરનો વજન બન્ને પગ બરાબર રૂપથી આવે. બન્ને હાથની આંગળીઓને મેળવીને માથા પર રાખવી.હથેળીઓની દિશા ઉપરની તરફ હોવી જોઈએ. શ્વાસ લેતા-લેતા પોતાના હાથને ઉપરની તરફ ખેંચો, તમારા ખભા અને છાતીમા પણ ખેંચાવ આવશે. સાથે જ પગની એડીને પણ પગની આંગળીઓ પર સંતુલન રહે તેમ કરવું. આવું થોડી વાર માટે રાખવું. થોડા સમય પછી હાથને ફરીથી માથા પર લઈ જવા. આ આસનને ઓછામા ઓછા ૫ થી ૧૦ વાર કરી શકો છો. આ ક્રિયા ૧૦ મિનિટ કરવી. ભુજંગાસન વિધિ- પેટના બળે સૂઈ જવું. બન્ને પગને મિલાવી લેવા. માથું જમીન પર, આંખો ખુલ્લી અને બન્ને ખભાને કોણી તરફ વાળવા, હાથોને ખભાની નીચે રાખવા. કોણી બહારની તરફ ન હોવી જોઈએ. પંરતુ શરીરને સ્પર્શીલી હોવી જોઈએ.એક જ વારમાં શ્વાસ ન ભરવું પરંતુ ધીરે ધીરે આસન કરતાં કરતા શ્વાસ ભરવો.ધીરે ધીરે શ્વાસ લેવાનું શરૂ કરો અને પછી માથું ઉઠાવવું. ગરદન પાછળ તરફ વાળવી. પીઠના સ્નાયુઓને બળ લગાવતા ખભાને ઉપર ઉઠાવવા. હથેળીઓ પર થોડો દબાણ રાખી છાતી અને નાભિ સુધી ભાર ઉઠાવવું. દરેક સ્થિતિમાં નાભિને જમીનથી ૩૦ સેન્ટીમીટરથી ઉપર ઉઠાવવું જોઈએ. વધુ નહી તો કમર પણ ઉપર ઉઠશે. આ સ્થિતિમાં કોણી સીધી રહેશે નહીં. ત્યારબાદ આકાશ તરફ જોવું. આ અવસ્થામાં શ્વાસ રોકવું જેથી કમરના નીચેના ભાગમાં ખેંચાણ આવશે. જેને તમે અનુભવશો. આ સ્થિતિ ૩-૪ સેકન્ડ સુધી કરવી અને ત્યારબાદ સામાન્ય સિગ્નિતિમાં આવી જવું.આ સાથે જ તમારા ડાયટ ચાર્ટમાં ફળ અને મેવાનો વધુ ઉપયોગ કરવો જેથી તમારી હાઈટ ચોક્કસ વધશે.

હોમીયોપેથીક

અનુસંધાન પ નુ ચાલુ...

તેને મુખમાંથી રોગ બહાર કાઢી સંપુર્ણ મટાડે છે.

૧૦. હોમિયોપેથી કે ચિકિત્સામાં માનસિક લક્ષણોને પહેલાં મહત્તા આપવામાં આવે છે પછી બીજા લક્ષણો ઉપર ધ્યાન આપવામાં આવે છે.

દરેક જીજ્ઞાસુ મિત્રોનું આરોગ્ય સારૂં રહે, શરીર સ્વસ્થ રહે તેવી અભ્યર્થના સાથે આપ સૌની આજે વિદાય લઈ રહ્યા છીએ..આભાર...

રાજકોટના ડૉ. આલાપ ધોળકિયા જુના હઠીલા રોગો માટે દર શુકવારે સવારે ૧૦ થી ૧ વ્રજ કોમ્પલેક્ષ પહેલે માળે, ત્રણ હનુમાન મંદિરના બાજુમાં, હાઈવે ડીસા મુકામે મળે છે. વિશેષ નોંધ : અમારા દવાખાનાનું કાયમી શીરનામું ઉપર મુજબ છે. અમારો મો.નં.૯૮૨૪૪૪૭૨૧૨છે.

ડૉ. જગદીશ ધોળકિયા
ડૉ.આલાપ ધોળકિયા ડીસા

પાચન તંત્ર

અનુસંધાન પ નુ ચાલુ..

અડાડવાનો પ્રયાસ કરો. ધ્યાન રહે કે ઘૂંટણ જમીન પરથી ઉપર ઉઠવુ ન જોઈએ. થોડી વાર સુધી તમારી ક્ષમતા અનુસાર થોભો. ત્યારબાદ પરત આવી જાવ. આ આસનનું એક ચક્ર થયું. ઓછમાં ઓછા ત્રણ ચક્રનો અભ્યાસ કરો. વજ્રાસન આ આસન ખાધા બાદ પણ કરી શકાય છે. સૌની પહેલા પંજા કે એડીઓ પર બેસી જાવ. નિતંબ પંજાને સ્પર્શ કરતાં હોવા જોઈએ. કમર અને ગરદન એકદમ સીધી રાખો તથા બન્ને હાથ બન્ને ઘાંસ પર રાખો. આ અવસ્થમાં થોડી વાર બેસો અને પછી પરત આવી જાવ.

આ ઉપરાંત સૂર્ય નમસ્કાર, પ્રાણાયમમાં કપાળ, ભ્રાંતિ, નાડીશોધન અને ભ્રસ્ત્રિકાનો અભ્યાસ કરી શકાય છે. આ તમામ આસનો કરવાની સાચી રીત પહેલા કોઈ યોગ્ય અને અનુભવી યોગાચાર્ય પાસેથી શીખી લીધા પછી જ તેનો અભ્યાસ કરો. ધનુરાસન સૌપ્રથમ પેટ પર જમીન પર સીધા જાવ. હવે બન્ને પગને ઘૂંટણીમાંથી વાળી લો તથા બન્ને હાથથી બન્ને પગના અંગૂઠા પકડો. ત્યારબાદ હાથની મદદથી પગને ઘૂંટણ, જાંઘ તથા ઘડના ઉપરના ભાગને કમર સુધી કે પછી યથાસંભવ ઉભા થવાનો પ્રયાસ કરો. શ્વાસની ગતિ સામાન્ય રાખો. આ અવસ્થામાં થોડી વાર સુધી રહ્યા બાદ પરત પહેલાની સ્થિતિમાં આવી જાવ. આ આસનનું એક ચક્ર થયું. આ આસનનો અભ્યાસ બે ચક્રથી લઈને પાંચ ચક્ર સુધી કરી શકાય છે.

માનસ..

અનુસંધાન પ નુ ચાલુ...

ઘર તો ભીતર છે અથવા પછી ક્યાંય નથી. આ જ ભીતરનું ઘર કે તમારી માતા કે કંઠીપણ ગણો તે જ તમારો અંતરાત્મા છે તે જ તમારી પરમાનંદમયતા છે તમે સદાય તેમાં ઉપસ્થિત છો.

હુઈ નેંગ કહ્યું છે: સત્યને મેળવવાનો માર્ગ અનાભ્યાસ દ્વારા અભ્યાસ છે. અભ્યાસમાં પણ આકમણ ન કરીએ એટલા માટે એમાં અભ્યાસની શરત રાખી છે. તે ક્રિયા નથી અક્રીયા છે, અભ્યાસ નથી અનાભ્યાસ છે. મેળવવાનું નહીં, ગુમાવવાનું છે પણ આજ તેને મેળવવાનો માર્ગ પણ છે. હું જેટલો તેને ખાલી કરી દઉં છું તેટલો જ તેને મેળવી લઉ છું. વર્ષામાં પાણી ક્યાં પહોંચી જાય છે, ઉંચી ટેકરીઓ ઉપર નહીં, ખાલી ખાડાઓમાં તે આવે છે, સત્ય પણ પાણી જેવું જ છે. સત્ય ઈચ્છતા હો તો પોતાને તદ્દન ખાલી શુન્ય કરી લો. શૂન્ય થતાં જ પુર્ણ તેને ભરી લે છે.'

સત્ય તો હંમેશા છે જ. તે કયારેય જરા પણ આઘું ગયું નથી પરંતુ જુઠનાં આવરણો નીચે ઢંકાઈ ગયું છે. આવરણો દુર કરવાના છે અને જુઠાં આવરણો હટશે કે તરત જ સત્યનું પ્રત્યક્ષીકરણ થશે. જેમ વરસાદનું પાણી નીચેના ખુલ્લા ઢોળાવો, ભાગો તરફ વહે છે તેમ તમે પણ તમારી અંદર રહેલા 'અહંકાર' ને નકલી હું ને નમ્રતાથી

નારાયણને જીવમાત્રને નમન કરતાં મનમાંથી વહાવીને દુર કરો ! જેમ છલોછલ ભરેલા ચાના કપમાં વધુ કંઈ રેડી શકાતું નથી તેમ અહમથી છલકાતા અંતરને ખાલી કરશો તો જ પરમતત્વનું અવતરણ થશે અને ખરેખર તે અવતરણ નથી પરંતુ 'જે' હંમેશા અંદર છે જ તે જ અનાચ્છાદિત કે અનાવૃત્ત થશે.

ડૉ. પ્રવિણ પટેલ

નિયમિત એક્સરસાઈઝ કરનારા લોકો વધુ સ્માર્ટ હોય છે : અભ્યાસ

આપણે માનીએ છીએ સ્માર્ટ થવું હોય તો મગજને કસરત કરાવવી જોઈએ, પરંતુ એવું નથી.જ્યારે મગજ શાંત નથી હોતું ત્યારે એ સ્માર્ટ વર્ક નથી કરી શકતું. અમેરિકાની એક યુનિવર્સિટીની કોલેજના સાઈકોલોજિસ્ટોએ અટેન્શન ડેફિસિટ હાઈપર એક્ટિવિટી ડિસઓર્ડર નામની સાઈકો-સોશ્યલ તકલીફ ધરાવતાં બાળકો અને તેમની મેમરી વચ્ચેના સંબંધ બાબતે અભ્યાસ કરીને એક તારણ કાઢ્યું હતું કે જે લોકો નિયમિત એક્સરસાઈઝ કરે છે તેઓ વધુ સ્માર્ટ હોય છે બ્રેઈનમાં વધુ ઓક્સિજનવાળું લોહી પહોંચે તો મગજ કીએટિવ અને એક્ટિવ રહે છે.

એમાંય જ્યારે નાની ઉંમરે અટેન્શન ડેફિસિટ હાઈપર એક્ટિવિટી ડિસઓર્ડરની તકલીફ માટે જે બ્રેઈન સ્ટિમ્યુલન્ટ આપવામાં આવે છે એનાથી બ્રેઈનને લાંબા ગાળે નુકસાન જ થાય છે. ચંચળ અને અસ્થિર મગજનાં બાળકોને એક્સરસાઈઝ કરાવવાથી શરૂઆતના તબક્કામાં દવા જેટલી જ પોઝિટિવ અસર જોવા મળે છે.

આમ તો આ અભ્યાસ ચોક્કસ માનસિક સમસ્યા ધરાવકા લોકો પર થયો છે, પરંતુ ઈન જનરલ મગજને શાર્પ અને એક્ટિવ બનાવવું હોય તો એમાં પણ એક્સરસાઈઝથી એટલો જ ફાયદો થાય છે.

શિયાળમાં રહેવું છે હેલ્ધી તો ખાવ જામફળ

જામફળ ગળ્યુ અને સ્વાદિષ્ટ ફળ હોવાની સાથે-સાથે ઘણા રોગોની સારવાર પણ કરે છે. શિયાળામાં જામફળ ખાવાથી લાભ પણ થાય છે. દંત રોગો માટે જામફળ શરદી જેવી સમસ્યાઓમાં જામફળ સારું સિદ્ધ થાય છે. જામફળના પાન ચાવવાથી દાંતોમાં કીડા અને દાંત સંબંધિત રોગ પણ દૂર થઈ જાય છે. જામફળમાં વિટામિન એ અને બી પણ વધારે પ્રમાણમાં હોય છે. જામફળથી પાચન તંત્ર સારું રહે છે.. હવે આવો જાણીએ જામફળના ફાયદા

૧. જો તમને દાંતમાં દુખાવો થતો હોય તો જામફળના પાન તમને ઉપયોગી રહેશે. જામફળના પાન ચાવવાથી દાંત પણ હેલ્દી રહે છે અને દાંતોમાં સડન રહેતી નથી અને મોઢુ ફ્રેશ રહે છે.

૨. જામફળમાં કાર્બોદર વધારે માત્રામાં હોય છે જે શુગર પચાવામાં અને ઈંસ્યુલિન વધારવામાં મદદ કરે છે.

૩. જામફળમાં વિટામિન સી હોવાના કારણે આ શરીરની પ્રતિરોધક ક્ષમતા પણ વધારે છે.

૪. ભોજન કર્યા પછી તમે જામફળ ખાશો તો એ તમારા પાચન પણ ઠીક રહેશે.

૫. જામફળ ખાવાથી શરદી જેવી સમસ્યાઓ પણ ઠીક થઈ જાય છે.

૬. કબજિયાતની સમસ્યાથી બચવા માટે સંચળ સાથે જામફળનું સેવન કરવુ લાભકારી છે.

૭. જામફળમાં રહેલ પોટેશિયમ શરીરમાં સોડિયમની અસર ઓછું કરે છે જેથી બલ્ડ પ્રેશરના સંતુલન બની રહે છે. આ સિવાય આ શરીરમાં કોલેસ્ટ્રોલ ન સ્તર ઓછું કરે છે.

૮. જામફળમાં અયોડીન સારી માત્રામાં હોય છે. જેથી થાયરાઈડની સમસ્યામાં આરામ મળે છે. આથી શરીરના હાર્મોનલ સંતુલન પણ બન્યુ રહે છે.

૯. જામફળમાં વિટામિન બી સારી માત્રામાં હોય છે. સાથે એમાં નાયસિન પણ છે જે લોહીના સ્ત્રાવ વધારે છે. જેથી મગજ ઝડપથી કામ કરે છે.

૧૦. ગુલાબી જામફળમાં લાઈકોપીન ટામેટા કરતા વધુ માત્રામાં હોય છે જે ત્વચાને અલ્ટ્રાવાયલેટ કિરણોથી બચાવે છે. અને ત્વચાના કેંસરથી બચાવે છે.

પિસ્તા-સિંગદાણા ખાવાથી મગજ સતેજ બને છે : અભ્યાસ

કહેવાય છે કે યાદશકિત વધારવી હોય તો મામરો બદામ ખાઓ. જોકે હવે વૈજ્ઞાનિકોનું કહેવું છે કે મગજ તેજ કરવા માટે મોંઘીદાટ બદામ જ ખાવી જરૂરી નથી. એ જ કામ પિસ્તા અને સિંગદાણા જેવા તેલીબિયા પણ કરી શકે છે એ એ પણ બદામ કરતાં વધુ સારી રીતે. અમેરિકાના કેલિફોર્નિયામાં આવેલી લોમા લિન્ડા યુનિવર્સિટીના નિષ્ણાતોએ પાંચ નટ્સ વરાયટીની મગજની કામગીરી પર કેવી અને કેટલી અસર થાય છે એ નોંધતો પ્રયોગ કર્યો હતો. બદામ, કાજુ,સિંગદાણા, પિસ્તાં અને અખરોટ ખાવાથી મગજમાં તરંગોની એકિટવિટી પર થતા ફરકને નોંધવામાં આવ્યો હતો.

મગજની ઈલેક્ટ્રોએન્સેફેલોગ્રામ કરતાં પિસ્તાં ખાવાથી સૌથી વધુ મગજના તરંગો સ્ટ્રોન્ગ હોય છે. અભ્યાસકર્તાઓનું કહેવું છે કે તમામ પ્રકારનાં તેલીબિયામાંથી મગજમાં કુદરતી હિલીંગ એટલે કે રિપેરિંગ વર્ક થવાની પ્રક્રિયા ઝડપી બને છે. મગજ આપમેળે ખરાબ અને હાનિકારક ચીજોનો ખાતમો બોલાવીને સ્વરક્ષણ માટે તૈયાર થાય છે. અલગ-અલગ ડ્રાયફ્રૂટ્સથી મગજના નવ ભાગોમાં તરંગોની માત્રામાં વધારો થયો હતો. અભ્યાસકર્તાઓએ નોંધ્યુ હતું કે પિસ્તાં ખાવાથી મેમરી સાતે સંકળાયેલો ભાગ પણ સક્રિય થઈ ગયો હતો.

સંદેશ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કૂપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★ 'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂ. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂ. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

જન્મદિન મુબારક

નામ :..... પતિ/પિતા :.....
માતા : .....જ.તા. .....ઉ.વ.
પરિચયઃ .....
સરનામુ : .....
મોકલનારની સહી : .....

થરાદના...

પાના નં.૧ ચાલુ

મુળ રહે.અમદાવાદ થરાદને આ બનાવની જાણ થતાં તેમણે જૈનસમાજના આગેવાનોને જાણ કરતાં બધા એકઠા થઈ ગયા હતા.તેમણે આ અંગે થરાદ પોલીસને જાણ કરતાં પીઆઈ કેમેસ ચૌધરી પણ સ્ટાફ સાથે દોડી આવ્યા હતા.મંદીરમાં રહેલા ભંડારામાં અંદાજીત ૫૦ હજારની રોકડ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી.તસ્કરો દ્વારા દરવાજાને આગ લગાડી ખોલવાની તરકીબવાળા આ બનાવથી ચકચાર સાથે ભયની લાગણી પ્રસરવા પામી હતી.પોલીસે અરજી લઈ વધુ કાર્યવાહી હાથ ધરી હતી.જોકે સમગ્ર ઘટના સીસી ટીવી કેમેરામાં કેદ થઈ હોઈ તેમાં ચહેરો ઓળખાશે તો આરોપી સુધી પહોંચવાની શકયતા પોલીસે વ્યક્ત કરી હતી.પરંતું દેરાસરમાં લગાવેલા ૧૧ કેમેરા પણ ગત ૧૯ તારીખથી બંધ હોવાનું જાણવા મળ્યું હતું.

વડગામ વિધાનસભાના ...

પાના નં.૧ ચાલુ

હોવા સહિતની ચર્ચા કરતા સાંભળવા મળ્યા હતા. આથી અશ્વિનભાઈ પરમારે આ બંને શખ્સોની સાજીસથી પોતાની પ્રતિષ્ઠાને હાની પહોચી હોઈ તેમજ ચૂંટણીમાં આર્થિક, સામાજીક અને રાજકીય રીતે નુકશાન થયું હોઈ બંને શખ્સોને ખુલ્લા પાડી તેમની સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવે તે માટે એલસીબી પીઆઈને લેખિત રજૂઆત કરી છે.

ધાનેરાના વિવાદીત ...

પાના નં.૧ ચાલુ

દુકાનદારોને ઉશ્કેરીને આ સમગ્ર મામલે કોર્ટના દ્વાર ખખડાવ્યાં હતાં.શહેરમાં નવ નિર્માણ બિલ્ડીંગના કાર્યને રોકવા માટે અનેક "યત્નો હાથ ધરવામાં આવ્યાં હતાં. આ સમગ્ર મામલો કોર્ટમાં પહોંચતા કોર્ટે પોતાનો નિર્ણય સંભળાવ્યો હતો.

આ બાદ આગામી શુક્રવાર એટલે કે તારીખ ૨૯-૧૨ના રોજ ત્રિકોણીયાના નામે ઓળખાતા ડૉ. શ્યામ "સાદ મુખર્જી બિલ્ડીંગમાં આવેલી દુકાનોની હરાજી કરવાની વાત સામે આવતા અનેક સ્થાનિક નેતાઓના પેટમાં તેલ રેડાયું હોવાની વાતો પણ સામે આવી છે. એક તરફ આ બિલ્ડીંગમાં આવેલી દુકાનોની હરાજીથી નગર પાલિકાને મસમોટી રકમ થવાની છે. જ્યારે અમુક આગેવાનો દ્વારા આ શોપીંગ સેન્ટરની દુકાનોની હરાજી નહી કરવા માટે લોબિંગ પણ શરૂ કર્યું હોવાની વિગતો "ામ થઈ રહી છે. તો વળી બીજી તરફ આ શોપીંગ સેન્ટરની હરાજી પહેલા જ નવા વિવાદે પણ ચર્ચા જગાવી છે. આ શોપીંગ સેન્ટરમાં ખોટી રીતે અરજીઓ કરવામાં આવી હોવાની વાતો પણ સામે આવી છે.

પાલનપુરમાં ફાયરિંગ...

પાના નં.૧ ચાલુ

આવેલી રહીમી હોટલના કબજાને લઈને મુસ્લિમ કોમના બે જુથો લોહિયાળ જંગ ખેલાયો હતો. જેમાં સામસામે ફાયરિંગ થતાં ચાર વ્યક્તિઓને ઈજા થવા પામી હતી. આ ઘટનામાં પોલીસે માલણ ગામના અફઝલખાન ઉર્ફે લાલો નજીરખાન ઘાસુરા પાસેથી રિવોલ્વર કબ્જે લીધી હતી. જેના લાયસન્સ અંગેની તપાસ કરતાં આ રિવોલ્વર ઉપરાંત રાયફલ અને બાર બોર બંદૂક તેણે કાશ્મીરથી ગેરકાયદે લાવી હોવાની ચોંકાવનારી વિગત બહાર આવી હતી.

આ અંગે પાલનપુર શહેર પૂર્વ પોલીસ મથકના પી.આઈ.વાય. એમ. મિશ્રાએ ફરિયાદ નોંધાવતાં અફઝલ ઘાસુરા સામે આર્મ્સ એકટ કલમ ૨૫(૧)એ) મુજબ ગૂનો નોંધી પીએસઆઈ ટી. જે. દેસાઈ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

વડગામના મહેશ્વરી...

અનુસંધાન ૨ નુ ચાલુ..

દરમ્યાન જિલ્લા અંધત્વ નિયંત્રણ વિભાગમાં જાણ કરતા નિષ્ણાત ડૉક્ટરોની ટીમ દ્વારા ચક્ષુઓને અમદાવાદ સીવીલ હોસ્પિટલ ખાતે મોકલવામાં આવ્યા હતા તથા રણછોડજી મંદિર પરિસરની ધર્મશાળામાં યોજાયેલ"સમાજદર્શન"કાર્યક્રમમાં ગ્રામજનો-તાલુકાના અગ્રણીઓ-મહેશ્વરી સમાજના અગ્રણીઓ-વેપારીઓ એ સ્વ. ખજુરમલ રાઠીને શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા અને પિતાના ચક્ષુદાન કરવા બદલ ત્રણે પુત્રોનું વિશિષ્ટ સન્માન કરાયું હતું. પાટણના અવની ગ્રુપ દ્વારા ભજન સંધ્યા દ્વારા ભક્તિરસનું પાન કરાવ્યું હતું.

ડીસા ગાયત્રી...

અનુસંધાન ૨ નુ ચાલુ..

ભારતીય સંસ્કૃતી જ્ઞાન પરીક્ષા ૨૦૧૭ માં જિલ્લા સ્તરે ધો.૫ માં પ્રથમ ક્રમે ધાનેરા તાલુકાના સર્વોદય સ્કૂલના જશુ રમેશભાઈ ઠક્કર અને દ્વિતીયક્રમે દાંતીવાડા તાલુકાના ટી.કે.ડાંગી પ્રા.શાળાની ધ્રુવ વિષ્ણુપ્રસાદ રાવલે મેળ્યું ધો.૬ માં જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમે ડીસા તાલુકાની એન્જલ્સ સ્કૂલ ગુજરાતી મીડીયમના વિદ્યાર્થી મિતુલ રાકેશભાઈ પ્રજાપતિ તથા દ્વિતીયક્રમે રાધનપુર તાલુકાના શેઠશ્રી કે.આઈ.મોરખીયા પ્રા.શાળાના જય ચમનભાઈ સોની આવ્યા હતા. ધો.૭ માં પ્રથમ ક્રમે ધાનેરા તાલુકાના ધાનેરા મિશ્ર શાળા નં.૧ ના ઉપાબેન નારણભાઈ મેઘવલ અને દ્વિતિયક્રમે જયેશભાઈ મહાદેવભાઈ ખીલવાણા શ્રી એચ.જે.ગુડોલરામ પરમહંસ પ્રા.શાળા ધાનેરાએ મેળવેલ ધો.૮ માં પ્રથમ ક્રમે ડીસા તાલુકાના ઈન્દિરાનગર પ્રા.શાળા શમશેરપુરાના નિકિતાબેન ખેંગારભાઈ રબારી અને દ્વિતીય ક્રમે કંસારી પ્રા.શાળાના ગાયત્રીબેન માધાજી પ્રજાપતિએ મેળવ્યું હતું. ધો.૯ માં પ્રથમ ક્રમે ડીસા તાલુકાની હેતલબેન ગોપાલજી વાઘેલા, સર્વોદય વિવિધલક્ષી વિદ્યાલય, કાંટ અને દાંતા તાલુકાના અંજના ભગવાનભાઈ પરમાર સર ભવાનીસિંહ વિદ્યાલય, અંબાજીએ મેળવ્યું હતું ધો.૧૦માં પ્રથમક્રમે ધાનેરા તાલુકાની વિવેકાનંદ હાઈસ્કૂલના વિદ્યાર્થી પ્રથમ પ્રવિણભાઈ ઠક્કર અને દ્વિતીયક્રમે ડીસા તાલુકાની જાગૃતિ વિદ્યામંદિર શેરપુરાના વિપુલકુમાર વાઘજીભાઈ રબારીએ મેળવ્યું છે. ધો.૧૧ માં થરાદ તાલુકાના દિનેશભાઈ અભાભાઈ રાઠોડ ગાયત્રી વિદ્યાલય થરાદે પ્રથમક્રમ પ્રાપ્ત કર્યો જ્યારે દ્વિતીય ક્રમે ડીસા તાલુકાની સર્વોદય વિવિધલક્ષી વિદ્યાલય, કાંટના જીગરકુમાર માધાભાઈ પરમાર આવ્યા હતા. ધો.૧૨માં પ્રથમ ક્રમે ડીસા તાલુકાની આદર્શ વિદ્યાલય ભીલડીના હેતલ જયંતિભાઈ સુથારે મેળવ્યું હતું. અને દાંતીવાડા તાલુકાની બી.સી.ચૌધરી હાઈસ્કૂલ જેગોલના જયાબેન નરસિંહભાઈ ચૌધરીએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યુ હતું. મહાવિદ્યાલય કક્ષાના પ્રથમ વર્ષમાં વડગામ તાલુકાની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ વડગામના રમેશકુમાર ગંગારામ પ્રજાપતિએ પ્રથમ ક્રમ અને દ્વિતીય ક્રમ પ્રવિણભાઈ પોપટલાલ પરમાર, શ્રીમતિ ચંદનબેન એસ.એસ.શાહ બી.સી.એ.કોલેજ ડીસાએ મેળવ્યું હતું. મહા વિદ્યાલયના બીજા વર્ષમાં પ્રથમ ક્રમે પાલનપુર તાલુકાની શ્રી સી.એલ.પરીખ કોમર્સ કોલેજ પાલનપુરના હર્ષના પ્રવિણકુમાર જોષી અને દ્વિતીય ક્રમે ડીસા તાલુકાના બી.એસ.સી. કોલેજ રસાણાના પાયલબેન જેરૂપભાઈ પ્રજાપતિએ મેળવ્યું હતું. આ તમામ વિદ્યાર્થીઓને પધારેલ મહેમાનો દ્વારા ઈનામ અને પ્રમાણપત્ર આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

અહીં ઉલ્લેખનીય છે કે ઉપરોક્ત આવેલ તમામ વિદ્યાર્થીઓને રાજય સ્તરે ક્રમ નક્કી કરવા હેતુ તા.૩૧ ડીસે ૨૦૧૭ રવિવારના રોજ ગાયત્રી શક્તિપીઠ મહેસાણા ખાતે પુનઃ મુલ્યાંકન કસોટીનું આયોજન કરવામાં આવેલ છે. આ માટે વધુ વિગત માટે નજીકની શાળાકે શક્તિપીઠનો સંપર્ક કરવાનું જણાવવામાં આવેલ હતું.

લાખણીમાં એક...

અનુસંધાન ૨ નુ ચાલુ..

તેઓ ડ્યાઈ ગયા અને અંદરથી પણ વધુ રકેદકે હોવાથી તાત્કાલીક તેમણે પાડોશીઓને જગાડ્યા હતા. અને ત્યારબાદ સવાર થતાં સોસાયટીના રહીશો ભેગા થયા હતા. અને ત્યારે બીજા મકાનોને જોતા જે-જે મકાનો બંધ હતા તે તપાસ કરતાં ખ્યાલ આવ્યો કે બંધ બધાજ મકાનોના તાળા તુટેલા હોવાથી તેમણે તાબડતોબ ઘરમાલીકને જાણ કરતાં ઘરમાલીકો ઘરમાં તપાસ કરતાં ઘરમાંથી તિજોરીઓ તોડીને રોકડ રકમ અને સોના - ચાંદીના દાગીના નીચોરી થયાનું માલુમ પડ્યું હતું. જે અંગેની પોલીસ ફરિયાદ નોંધાવતા તાત્કાલિક પોલીસ ઘટના સ્થળે પહોચીને ડોગ સ્કોવોડ અને એફ.એસ.એલ.ની મદદ લઈને કાર્યવાહી ચાલુ કરેલ છે. ઠંડીના ચમકારા વચ્ચે ભરચક વિસ્તારમાં ચોરીની ઘટનાથી રહીશોમાં ફફડાટ વ્યાપી ગયેલ આથી રાત્રિના સુમારે પોલીસ પેટ્રોલિંગ સઘન બનાવે અને અજાણ્યા ઈસમોની તપાસ થાય તેવી જનતાની માંગ છે.

દીઓદરમાં કોંગ્રેસની...

અનુસંધાન ૩ નુ ચાલુ..

દીઓદર તાલુકા સંઘના પૂર્વ ચેરમેન માલજીભાઈ દેસાઈ,હીરાભાઈ રાજપૂત,પૂર્વ ધારાસભ્યશ્રી અનિલભાઈ માળી,પૂર્વ તા.પં. અધ્યક્ષ જબ્બરસિંહ વાઘેલા, કરસનભાઈ દેસાઈ, જગમાલભાઈ ચૌધરી, તા.પં. સદસ્ય કાળાભાઈ પટેલ, જોરાભાઈ દેસાઈ,કનુભાઈ પઢીયાર, દાઉદભાઈ મેમણ, ગોદાભાઈ રાજપૂત,રાજાભાઈ પટેલ, રાજુભાઈ દેસાઈ, ભલજીભાઈ રાજપૂત,ગયાભાઈ પટેલ, બળદેવભાઈ બારોટ, માનસુંગભાઈ પટેલ,સેવતિભાઈ ઠક્કર, મુકેશભાઈ ઠાકોર સહીત ઉપસ્થિત રહેલ.કાર્યક્રમનું સંચાલન સહ આભાર વિધી વાઘજીભાઈ જોષીએ કરેલ.આ પ્રસંગે વિશાળ સંખ્યામાં કોંગ્રેસના આગેવાનો-કાર્યકરો ઉપસ્થિત રહેલ.

વડગામમાં લાઈબ્રેરી શરૂ કરવામાં આવશે



તા પ્રતિ. વડગામ માદરેવતન વડગામ મથક ખાતે તાલુકાના શિક્ષિત બેરોજગારો ને સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા ગુજરાત સરકારની જુદી જુદી ભર્તીમાં લાભ મળે તે માટે વડગામના વતની યુવા સામાજીક કાર્યકર, બનાસકાંઠા જિલ્લા તલાટી મંડળના પ્રમુખ કિરણ કુમાર ડી વડગામના દ્વારા તા.૧૧ લુ ક ા મથક ખાતે લાઈબ્રે રી શરૂ કરવા ચ ક ા ગતિમાન કર્યા છે જેમાં પુસ્તકોનું દાન આપવા શિક્ષણ પ્રેમીદાતાઓને સહયોગ આપવા વિનંતી કરાઈ છે.

ગુજરાત : તીવ્ર ઠંડીનું મોજુ અકબંધ, નલિયામાં ૭.૬

અમદાવાદ સહિત રાજયભરમાં ફરી એકવાર તીવ્ર ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. આજે જુદા જુદા વિસ્તારમાં લઘુત્તમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ગઈકાલની સરખામણીમાં આજે તાપમાનમાં ઘટાડો થયો હતો. એકબાજુ અમદાવાદ શહેરમાં આજે લઘુત્તમ તાપમાન ઘટીને ૧૦.૧ ડિગ્રી થઈ હતું જે શનિવારના દિવસે ૧૬.૧ ડિગ્રી રહ્યું હતું. બીજા બાજુ ડિસામાં આજે ૧૧.૪ ડિગ્રી તાપમાન રહ્યું હતું. નલિયામાં લઘુત્તમ તાપમાન આજે આંશિકરીતે વધ્યું હતું અને ૭.૬ રહ્યું હતું. ગઈકાલના દિવસે ૬.૮ ડિગ્રી જેટલું નીચુ તાપમાન રહ્યું હતું. અમદાવાદ માટેની આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, આવતીકાલે લઘુત્તમ તાપમાનમાં આંશિક વધારો થઈ શકે છે. બીજી બાજુ સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. રાજયના અનેક વિસ્તારોમાં પારો ૧૧થી પણ નીચે પહોંચી ગયો છે. આજે જે વિસ્તારમાં પારો ૧૧થી નીચે પહોંચ્યો હતો તેમાં અમદાવાદ, ગાંધીનગર, અમરેલી, દિવ, કંડલા એરપોર્ટ, નલિયાનો સમાવેશ થાય છે. વાદળછાયુ વાતાવરણ પણ નહીં રહે તેવી શકયતા દેખાઈ રહી છે. અમદાવાદ સહિત રાજયભરમાં તીવ્ર ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. સવારથી જ લોકોએ ઠંડીનો અનુભવ કર્યો હતો. જમ્મુ કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં હિમવર્ષાની અસર પણ દેખાઈ રહી છે.

અરુણાચલ પ્રદેશ : બંને સીટ જીતી જવામાં ભાજપ સફળ

ઈટાનગર ભારતીય જનતા પાર્ટીએ અરુણાચલ પ્રદેશમાં યોજાયેલી પેટા ચૂંટણીમાં બંને બેઠકો ઉપર જીત મેળવી લીધી છે. જ્યારે બીજી બાજુ તૃણમુલ કોંગ્રેસે પશ્ચિમ બંગાળમાં શાહબાંગ બેઠકની પેટાચૂંટણી જીતી લીધી છે. ઈટાનગરથી પ્રાપ્ત અહેવાલ મુજબ ભાજપે અરુણાચલ પ્રદેશમાં બંને બેઠકો ઉપર જીત મેળવી છે. લિકાબાલી, પક્કેકેસાંગ વિધાનસભા બેઠકની પેટાચૂંટણી ભાજપે જીતી લીધી છે. આજે સવારે આઠ વાગે આ બે વિધાનસભા બેઠક માટે મતગણતરીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ભાજપ અને કોંગ્રેસ વચ્ચે મુખ્ય સ્પર્ધા હતી. ગુરુવારે ૨૧મી ડિસેમ્બરના દિવસે પેટાચૂંટણી માટે મતદાન યોજાયું હતું. ૬૮.૫ ટકા મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હત

રાધનપુર બાર એસોસિયેશનના હોદ્દેદારોની ચૂંટણી યોજાઈ

રાધનપુર

રાધનપુર બાર એસોસિયેશનના હોદ્દેદારોની ચૂંટણી યોજાઈ ગયી,જેમાં પ્રમુખ તરીકે મહેન્દ્રભાઈ જી.પંડ્યા,ઉપપ્રમુખ તરીકે મહેશભાઈ જે.ઠક્કર વિજેતા બન્યા હતા, જયારે મંત્રી તરીકે દિલીપ આર.પુજારા તેમજ સહમંત્રી તરીકે અલ્તાફભાઈ શેખને બિનહરીફ જાહેર કરવામાં આવ્યા હતા.આ ચૂંટણીમાં ચૂંટણી અધિકારી તરીકે રહીમભાઈ બલોચ તેમજ મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે ઈશ્વરભાઈ રબારીએ પ્રશંસનીય કામગીરી નિભાવી હતી.

પાટણ જિલ્લામાં સભા-સરઘસબંધી ફરમાવતા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ

પાટણ

પાટણ જિલ્લામાં તા.૨૫/૧૨/૧૭ ના રોજ નાતાલના તહેવારની ઉજવણી થનાર છે. જિલ્લાનાં તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં જાહેર સુલેહશાંતિનો ભંગ ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારૂ સાવચેતીના પગલાંની આવશ્યકતાની અનુગ્રહી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી બી.જી.પ્રજાપતિએ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની (સને. ૧૯૫૧ના ૨૨) ની કલમ-૩૭(૩) મુજબ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં તા.૧૬/૧૨/૧૭ ના ૦૦-૦૦ કલાકથી તા.૩૦/૧૨/૧૭ ના ૨૪-૦૦ કલાક સુધી કોઈપણ સરઘસ કે ચાર કરતાં વધુ વ્યકિતઓની મંડળી માટે તથા જિલ્લા સેવા સદન પાટણના પ્રમાઈસીસમાં તથા તેની આજુબાજુના વિસ્તારમાં સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ પરવાનગી મેળવ્યા સિવાય પરણા, ભુખ હડતાલ, રેલી કાઢી રેલીના સ્વરૂપે આવી આવેદનપત્ર આપવા મનાઈ ફરમાવી છે.

જિલ્લાના વિવિધ સંગઠનો/સંસ્થાઓ તથા કર્મચારીઓ ધરણા તથા ભુખ હડતાલ પર અત્રેની કલેકટર કચેરીએ ન બેસતા તેઓના પ્રશ્નો જે કચેરીને લગતા હોય તે કચેરીએ પ્રદર્શન કરવા જણાવ્યુ છે. તેમજ આ અંગેની મંજૂરી આપનાર સક્ષમ સત્તાધિકારીએ પણ તેઓની પરવાનગી આપતા હુકમમાં જે ખાતા કચેરીનો પ્રશ્ન હોય તે ખાતા કચેરીમાં બેસવાની પરવાનગી આપવામાં આવે છે. સ્પષ્ટ દર્શાવવા પડશે. વધુમાં જણાવ્યા મુજબ ફરજ ઉપર હોય તેવી વ્યકિતઓને..કોઈ લગ્નના વરઘોડાને.., કોઈ સ્મશાન યાત્રાને.,સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ મંજૂરી મેળવેલ સમારંભને સરઘરને લાગુ પડશે નહી. જેના ચુસ્ત અમલની તાકિદ કરવામાં આવી છે.

ઉત્તરાયણ દરમ્યાન નાયલોન-પ્લાસ્ટિક અને સીન્થેટીક મટીરીયલ્સના દોરા વાપરવા પર પ્રતિબંધ

પાટણ

પાટણના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બી.જી.પ્રજાપતિએ એક જાહેરનામા દ્વારા ઉત્તરાણમાં નાયલોન અને સીન્થેટીક દોરા વાપરવા પર પ્રતિબંધ મુકેલ છે. ઉત્તરાયણના તહેવાર દરમ્યાન સીન્થેટીક મટીરીલય ટોક્સીક મટીરીયલ (ઝેરી તત્વો) અથવા નાયલોન, પ્લાસ્ટિક જેવા સીન્થેટી કે ચાઈનીઝ મટીરીયલથી તૈયાર કરેલ પાકા દોરાથી ઉડાડવામાં આવતા પતંગોને કારણે માણસો અને પક્ષીઓ ઘાયલ થતા હોઈ તથા તેઓનું મૃત્યુ પણ થતું હોઈ, આ અટકાવવું જરૂરી જણાય છે. સરકારશ્રીના ઉપરોકત પત્રમાં એન્વાયરમેન્ટ પ્રોટેકશન એકટ-૧૯૮૬ ની કલમ-૫ હેઠળ કાર્યવાહી માટે સુચના આપવામાં આવેલ છે.

કોડ ઓફ ક્રિમીનલ પ્રોસીઝરની કલમ-૧૪૪ હેઠળ મળેલ સત્તાની રૂએ પ્લાસ્ટિક કે સીન્થેટીક મટીરીયલ કે તેવા ચાઈનીઝ પ્રકારના મટીરીયલથી બનેલ તથા નાયલોન દોરા અથવા ટોસીક મટીરીયલ (ઝેરી તત્વો) ના દોરાનો પતંગ ચગાવવા ઉપયોગ કરવા કે તે હેતુથી વેચાણ કરવા માટે પાટણ જિલ્લા કલેકટરની હુકમત હેઠળના સમગ્ર વિસ્તારમાં ઉત્તરાયણના તહેવારને અનુલક્ષીને તા.૧૧/૧૨/૧૮ ના કલાક ૦૦-૦૦ થી તા.૧૮/૦૧/૧૮ ના કલાક ૨૪-૦૦ સુધી બન્ને દિવસો સુધ્ધાંત પ્રતિબંધ ફરમાવેલ તેમજ આ દિવસોમાં સવારના ૬-૦૦ થી ૮-૦૦ તથા સાંજના ૫-૦૦ થી ૭-૦૦ દરમ્યાન પક્ષીઓની સક્રિયતાના સમયમાં પક્ષીઓને ઈજા થતી નિવરવા આ સમયમાં પતંગ નહી ઉડાડવા અપીલ કરવામાં આવે છે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ નો અધિનિયમ-૪૫) ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મહેસાણાઃ ઘરના આંગણામાં કચરો વાળતી મહિલાના ગળામાંથી દોરો લૂંટાયો

મહેસાણા

મહેસાણા શહેરના સથવારા વાસમાં ઘરની બહાર આંગણામાં કચરો વાળી રહેલી મહિલાના ગળામાંથી સોનાનો ૨૭ ગ્રામનો દોરો તોડી બાઈક પર આવેલા બે લુટારુ નાસી ગયા હતા. આ મામલે એ ડિવિજન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

શહેરના સથવારા વાસમાં રહેતાં વર્ષીબેન ધવલભાઈ દવે બપોરે ૧.૩૦ કલાકે ઘરની બહાર આંગણામાં કચરો વાળી રહ્યાં હતાં, ત્યારે પુરઝડપે બાઈક લઈને ધસી આવેલા અજાણ્યા બે વ્યકિતઓ વાતચીત કરવાનો ડોળ કરી તેમના ગળામાંથી સોનાનો ૨૭ ગ્રામનો દોરો તોડી ભાગ્યા હતા. એકાએક બનેલા ઘટનાથી ડરી ગયેલી મહિલાએ બૂમરાડ મચાવી મૂકી હતી.

પરંતુ સ્થાનિકો ભેગા થાય તે પહેલાં બાઈકર્સ ભાગી જવામાં સફળ રહ્યા હતા. આ બનાવને પગલે સ્થાનિક લોકોએ નજીકમાં આવેલી સર્વોદય બેંકની બહાર લગાવેલા સીસીટીવી કેમેરાના ફૂટેજની ચકાસણીમાં ભાગેલા બાઈકર્સ જોવા મળ્યા હતા, પરંતુ તેમની પૂંઠ દેખાતી હોઈ ઓળખ કરવી મુશ્કેલ બની હતી.

ભિલોડામાં ભૂંડ પકડવા બનાવેલા ગાળીયામાં દીપડો ફસાઈ ગયો

ભિલોડા

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના મઉ ભવાનપુર પાસેના જંગલમાં ભૂંડ પકડવા માટે બનાવેલા ગાળીયામાં દીપડો ફસાયો હતો. વન વિભાગના કર્મચારીએ દીપડાને ફસાયેલો જોતા તરત જ વનવિભાગના અધિકારીઓને જાણ કરી હતી. જિલ્લા ડીએફઓ, આરએફઓ સહિતના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી રેસ્કયુ કરી દીપડાને પાંજરે પુરી ભિલોડા પાસે આવેલી વાંસળી નર્સરીમાં પશુ ચિકિત્સકની દેખરેખ હેઠળ રાખવામાં આવ્યો હતો.

રાધનપુરમાં (ધો.૧૦) ઓછા પરિણામવાળી શાળાઓ માટે પરિણામ સુધારણા માટેનો વર્કશોપ યોજાયો

રાધનપુર

"હિંમત વિદ્યાનગર" સ્થિત શ્રી અમરજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી સરસ્વતી કન્યા વિદ્યાલય (કોલેજ કેમ્પસ) રાધનપુર ખાતે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, પાટણ દ્વારા ધો.૧૦ (જીજીઝ) ૩૦% થી ઓછા પરિણામવાળી શાળાઓ માટે પરિણામ સુધારણા માટેનો વર્કશોપ તા.૨૧-૧૨-૨૦૧૭ ને ગુરૂવારના રોજ પાટણ જિલ્લા શિક્ષણાધિકારી એસ.કે.વ્યાસના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો.

આ કાર્યક્રમની શુભ શરૂઆત શાળાની બાળાઓના સરસ્વતી વંદનાના વૃન્દગાનથી કરવામાં આવી. આ કાર્યક્રમમાં સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી રાયચંદભાઈ ઠક્કર, શાળાના આચાર્ય ગીતાબેન દેસાઈ, ઈ.આઈ.જે.ડી જોષી સાહેબ, ઈ.આઈ. રાજુભાઈ દેસાઈ, ઈ.આઈ. દિનેશભાઈ પ્રજાપતિ એ.ડી.આઈ. રમેશભાઈ સાપુ, એ.ડી.આઈ. બાબુભાઈ દેસાઈ, એ.ડી.આઈ. એસ. વી.ખરાડી વગેરે મહાનુભાવો તેમજ સંબંધિત શાળાના આચાર્યઓ તેમજ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમનું જિલ્લા શિક્ષણાધિકારી એસ.કે.વ્યાસ તેમજ મંચસ્થ મહાનુભાવો દ્વારા દિપપ્રાગટ્ય વડે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં એસ.કે.વ્યાસ તેમજ અન્ય પદાધિકારીગણ વડે ધો.૧૦ (જીજીઝ) ના ઓછા પરિણામવાળી શાળાઓનું રિઝલ્ટ કેવી રીતે ઉંચુ લાવી શકાય તેમ ખૂબ જ વિસ્તૃત તેમજ ઉંડાણપૂર્વક માહિતી તેમજ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનું સંચાલન બી.કે. ગઢવી દ્વારા કરવામાં આવ્યું હતું.

રાધનપુર કોલેજમાં વાણિજ્ય વ્યવસાય નિર્દશનનો ત્રિદિવસીય તાલિમ શિબિરનો પ્રારંભ

રાધનપુર

હિંમત વિદ્યાનગર સ્થિત શ્રી અમર જ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી નિકમજીભાઈ ચતવાણી આર્ટસ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજ, રાધનપુરમાં વાણિજ્ય વ્યવસાય નિર્દશન તાલીમ શિબીર હેમચંદ્રાચાર્ય નોર્થ ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા પ્રેરીત દિવસીય શિબીર ટ્રસ્ટના પ્રમુખ ડૉ.મહેશભાઈ મુલાણીના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગઈ. આ શિબિરમાં ઉદ્ઘઘાણક અને વક્તા તરીકે યુનિવર્સિટીના ઈ.સી મેમ્બર અને મોડાસા કોલેજના આચાર્ય ડૉ. સુધીર જોષી તથા વક્તા તરીકે ઈડર કોલેજના આચાર્ય એ.એમ.પટેલ તથા ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી રાયચંદભાઈ ઠક્કર, ઓનરરી સેક્રેટરી ડૉ.નવિનભાઈ ઠક્કર અને કોષાધ્યક્ષ પીરૂભાઈ પી.ઠક્કર તથા અતિથી વિશેષ અને વક્તા તરીકે મહેસાણા કોલેજના પ્રિ.ડૉ.જે.કે કટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના પ્રિ.ડૉ.સી. એમ. ઠક્કરે મહેમાનોને આવકારી શિબીરનો હેતુ જણાવેલ. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના ગાનથી કરવામાં આવી હતી. આ ત્રણ દિવસની શિબીરમાં ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના વિવિધ કોલેજના વિદાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ.સી.વી. રાવલે અને આભારવિધિ પ્રા.શ્રી કે.સી. ઠક્કરે કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કોમર્સના વિદ્યાર્થીઓ તથા સ્ટાફ મિત્રોએ ભારે જહેમત ઉઠાવી હતી.

રાધનપુરની શાળાના બાળકોએ શહીદ સૈનિકો માટે ફાળો એકત્ર કર્યો

રાધનપુર

રાધનપુર હિંમતવિદ્યાનગર કેમ્પસમાં આવેલી સરસ્વતી કન્યા વિદ્યાલયના બાળકોએ સશસ્ત્ર સેના ધ્વજદિન નિમિત્તે શહીદ સૈનિકોના પરિવારો માટે રૂ.૮૫૦૦ રોકડ ફાળો એકત્ર કરીને શાળાના આચાર્યા ગીતાબેન દેસાઈના માર્ગદર્શન હેઠળ આ ફાળો સૈનિકોના પરિવારોને પહોંચાડવા માટે સંસ્થાના પ્રમુખ મહેશભાઈ મુલાણી તેમજ મેનેજીંગ ટિરેક્ટર રાયચંદભાઈ ઠક્કરને સુપરત કર્યો હતો,આ ફાળો શહીદ સૈનિકોના પરિવારો સુધી પહોંચે તે માટે તજવીજ હાથ ધરવામાં આવી હતી.

કમલ ચકવર્તી

રાધનપુર તાલુકાની વિજયનગર પ્રાથમિક શાળામાં કવિઝ સ્પર્ધા યોજાઈ

રાધનપુર

રાધનપુર તાલુકાના વિજયનગર ગામે પ્રાથમિક શાળામાં બાળકોના સામાન્ય જ્ઞાનમાં વધારો થાય તે માટે કવિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું,જેમાં ધો.૬ થી ૮ ના ૨૦ વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો,આ સ્પર્ધામાં કુલ પાંચ ટીમો પાડવામાં આવી હતી.સમગ્ર સ્પર્ધાનું આયોજન શાળાના શિક્ષક નિલેષકુમાર બી.ગજજર દ્વારા કરવામાં આવ્યું હતું,અને સ્ટાફ દ્વારા સ્પર્ધાને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવવામાં આવી હતી, વિજેતા ટીમ તેમજ ભાગ લેનાર તમામ ટીમોને આચાર્ય દ્વારા ઈનામ આપવામાં આવ્યા હતા.

કમલ ચકવર્તી

ભાજપ દ્વારા વર્ગ વિગ્રહ ફેલાવવાનો પ્રયાસ : કિરીટ પટેલ

(હિ.સ.) પાટણ

પાટણના ધારાસભ્યના ધારાસભ્ય કિરીટ પટેલના કહેવાતા સોશિયલ મીડિયાના નિવેદન પર માલધારી સમાજના લોકોએ નારાજગી વ્યકત કરી છે અને તેમની સાથે વિરોધ વ્યકત કર્યો છે. માલધારી સમાજનું કહેવું છે કે કિરીટ પટેલે સોશિયલ મીડિયા પર માલધારી સમાજના માટે અપશબ્દો બોલવામાં આવ્યા છે.કહેવાતી રીતે તેમણે પાટણમાં રખડતી ગાયોના ત્રાસથી લોકોને બચાવવા માટે એક સભામાં કિરીટ પટેલે દંડો લઈને નિકળવાની વાત કરી હતી આથી માલધારી સમાજમાં નારાજગી ફેલાઈ છે.

જો કે બાદમાં કિરીટ પટેલે ખુલાસો કર્યો હતો કે તેમનું આ નિવેદન ગાયોને પાંજરામાં પુરવા માટેનું હતું કોઈ પણ સમાજના લોકો માટે આ નિવેદન ન હતું. તેમણે આ મામલા પર ભાજપ પર આક્ષેપ કરતાં કહ્યું હતું કે ભાજપ દ્વારા ખોટી વીડિયો કિલપ વાયરલ કરવામાં આવી છે અને ભાજપ વર્ગ વિગ્રહ ફેલાવવાનો પ્રયાસ કરી રહી છે. તેમણે જણાવ્યું હતું કે ઘણી બધી ગાયો જતી રહી છે અને થોડા આપણે કાચા પડયા નહિ તો બધી ગાયો જવા માટે ભેગી જ હતી પરંતુ વાંધો નહિં થોડી વ્યવસ્થા કરવામાં આવશે આજથી બે અઢી ત્રણ વર્ષ પહેલા અહિયા ભાજપની નગરપાલિકા હતી ત્યારે અમે પોતે ગાયો પકડવા માટે નિકળતા હતાં ત્યારે અમારા પર ફરિયાદ પણ થઈ હતી ફરીથી હવે અમે નક્કી કર્યું છે કે અમે કાલે કલેકટરને રજુઆત કરીશું.અને દંડો લઈને નિકળીશુ

ઉંઝામાં બોગસ બિલીંગની આશંકાના પગલે બે વેપારીઓ સામે ફરિયાદ

ઉંઝા

ઉંઝામાં માલની લેવડ દેવડ વિના માત્ર બિલીંગની પ્રવૃત્તિ કરી સરકારને કરોડો રૂપિયાનો ટેક્ષ મોટી સ્વરૂપે ચુના લગાવનાર બે વેપારીઓ સામે સેલ્સ ટેક્ષ વિભાગે ફરિયાદ દાખલ કરી છે. સાથે સાથે વેરા વસુલાત બાબતે પણ કેટલાક વેપારીઓ સામે પોલીસ ફરિયાદ દાખલ કરવા કાર્યવાહી હાથ ધરી છે.

ઉંઝામાં બોગસ બિલીંગની ગેરકાયદે પ્રવૃત્તિઓ થતી હોવાની આશંકાને પગલે સેલ ટેક્ષ વિભાગે તપાસ કરતાં પ્લાયવુડ તેમજ મશીનરીનો ધંધો કરતા વેપારીઓ ઝડપાતા કરોડોની કરચોરી કરી હોવાનું બહાર આવ્યું છે. હજુ તેઓની એસએસમેન્ટપ્રક્રિયા પૂર્ણ થયા બાદ કેટલા રૂપિયાનો ચુનો લગાવ્યો તે ચોક્કસ ખબર પડશે.

આ સંદર્ભે સેલ ટેક્ષ ઈન્સ્પેકટર ઉંઝા કચેરીના છગુજી રાજપૂતે આપેલ પોલીસ ફરિયાદ અનુસાર ઉંઝા હાઈવે પર કોર્ટ પાસે કંકુ કોમ્પલેકસમાં મેટ્રો એન્ટરપ્રાઈઝ (ઉમિયા ટ્રેડર્સ) નામની ફર્મના માલિક મિલવ ગુરુચરણસિંહે વર્ષ ૨૦૧૪ થી વેર નોંધણી કરાવી વર્ષ ૨૦૧૪/૧૫ , ૨૦૧૫/૧૬ તથા ૨૦૧૬/૧૭ દરમ્યાન માલની લેવડદેવડનો ભૌતિક ધંધો કર્યા વિના બોગસ બિલોની પ્રવૃત્તિ કરી કરચોરી કરી હોવાનું બહાર આવ્યું છે.

ઉપરાંત શહેરના ડાયમંડ કોમ્પલેકસમાં ગ્રાઉન્ડ ફલોર પર આવેલી મે.ઉદિત એન્ટરપ્રાઈઝના માલીક પટેલ પ્રમોદભાઈ મકતલાલે પણ બોગસ બિલીંગનો ધંધો કરી સરકારની આંખમાં ધૂળ નાંખી છે. સેલ્સ ટેક્ષ વિભાગે તેની ફર્મના નોંધણી નંબરે રદ કર્યા હોવા છતાં બિલ્ડીંગ મટીરીયલ્સના માલોની ફિઝીકલ લેવડ દેવડ કર્યા વીના માત્ર બિલીંગની પ્રવૃત્તિથી કરચોરી કર્યાની પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. બંને વેપારીઓ ભેમનગર અમદાવાદ ખાતે રહીને વેપાર માત્ર કાગળ - પેનથી કર્યા હોવાનું ખુલ્યું છે.

ગાયત્રી પરિવાર હરિદ્વાર દ્વારા લખાયેલ સંસ્કૃતિ જ્ઞાન પરિક્ષા

પાટણ

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર જ્ઞાંતિકુંજ હરિદ્વાર સંચાલિત દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલય હરિદ્વાર દ્વારા લેવાયેલ ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા ૨૦૧૭ માં પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકામાં શ્રીમતી ડીપી સોની શિશુવિહાર, વારાહીનો વિદ્યાર્થી પ્રથમ નંબર આવતાં વિદ્યાર્થીઓ વાલીઓ અને સમગ્ર વારાહીમાં અનેરા ઉત્સાહની લાગણી ફેલાયેલ છે. પોરણવાર તાલુકા અને જિલ્લા કક્ષાએ પ્રથમ અને દ્વિતીય ક્રમે આવનાર છાત્રોનો સન્માન સમારોહ તથા ગુરૂ દ્વારા લેવાયેલ ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા ૨૦૧૭ માં શ્રીમતી ડીપી સોની શિશુવિહાર વારાહીમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી કાપડિયા હર્ષિલ રાકેશભાઈ સમગ્ર સાંતલપુર તાલુકામાં પ્રથમ નંબર આવતાં વિદ્યાર્થીઓ વાલીઓ અને સમગ્ર વારાહીમાં અનેરા ઉત્સાહની લાગણી ફેલાયેલ છે. પોરણવાર તાલુકા અને જિલ્લા કક્ષાએ પ્રથમ અને દ્વિતીય ક્રમે આવનાર છાત્રોનો સન્માન સમારોહ તથા ગુરૂ ગરિમા શિબિર તા.૨૪ ડિસેમ્બર ૨૦૧૭ ને રવિવાર ના રોજ ગાયત્રી શક્તિપીઠ ડીસા ખાતે યોજવામાં આવેલ છે. નયનાબેન પ્રજાપતિ ધો.૬ ની વર્ગશિક્ષકાના અથાગ પ્રયત્નોને લીધે આ વિદ્યાર્થીએ સાંતલપુર તાલુકામાં પ્રથમ નંબર મેળવેલ છે એસપીસી, સીપીઓ, પ્રજાપતિ રાજેશકુમાર ,ચેતનદાન ગઢવી તથા શાળાના આચાર્ય દેવીસિંહ પરમારે પ્રથમ નંબર મેળવેલ વિદ્યાર્થી તથા શિક્ષિકા નયનાબેનને બિરદાવ્યા હતા.

રાધનપુરની કિડઝી સ્કૂલમાં નાતાલની ઉજવણી કરાઈ

રાધનપુર

રાધનપુર શહેરમાં ચાલતી કિડઝી ઈંગલિશ મીડીયમ સ્કૂલમાં નાતાલની ઉજવણી કરવામાં આવી હતી,શાળાના મકાનને લાઈટો વડે રોશન કરવામાં આવ્યું હતું, અને બાળકોની મમ્મીઓ સાથે બાળકોએ પણ કેક કાપીને ઉજવણી કરી હતી,નાના-નાના ભુલકાઓને શાંતાક્લોઝના વેશ પરિધાન કરાવીને એકટીવીટી કરાવવામાં આવી હતી, ભુલકાઓ અને તેમની મમ્મીઓએ અલગ-અલગ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો,શાળાના ડિરેક્ટર પ્રીતિબેન કોટક,મેનેજીંગ ડિરેક્ટર ઝલકબેન ઠક્કર, કોઓર્ડીનેટર પૂજાબેન ઠક્કર તેમજ સ્ટાફ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવવામાં આવી હતી.

કમલ ચકવર્તી

મહેસાણાઃ કાર ડિવાઈડર પર ચડી ઝાડ સાથે અથડાતાં એકનું મોત

અકસ્માતમાં ૧૫ માસનું બાળક, ૫ મહિલા સહિત ૭ને ઈજા

મહેસાણા- કડી

મહેસાણા- અમદાવાદ હાઈવે પર રાજપુર નજીક ટોરેન્ટ ફાર્મા કંપનીની સામેથી પસાર થઈ રહેલી કાર ડીવાઈડર ઉપર ચડી ઝાડ સાથે અથડાતાં કારમાં સવાર વૃદ્ધનું મોત નીપજ્યું હતું. જ્યારે ૧૫ માસના બાળક સહિત સાત જણાને ઈજા પહોંચી હતી. જેમને સારવાર માટે મહેસાણા સિવિલમાં લવાયા હતા. આ મામલે નંદાસણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. મહેસાણાના આખજના અરવિંદભાઈપટેલની ગાડીમાં બેસીને ગામના જ રણછોડભાઈ રબારી સહિતના પરિવારજનો શુક્રવારે બપોરે અમદાવાદના ડોકવમાં રહેતા સંબંધી બીમાર હોઈ તેમની ખબર પૂછવા નીકળ્યા હતા.

બપોરે એક વાગ્યાના અરસામાં કાર કડીના રાજપુર પાસે ટોરેન્ટ ફાર્મા કંપની સામેથી પસાર થતી હતી, ત્યારે ડિવાઈડર ઉપર ચડી ઝાડ સાથે અથડાઈ પડી હતી. આથી કારમાં સવાર લોકોને ગંભીર ઈજા થઈ હતી. જેમને ભેગા થયેલા લોકોની મદદથી કારમાંથી બહાર કાઢી સારવાર અર્થે મહેસાણા લવાયા હતા. જ્યાં ૬૫ વર્ષના જકશીભાઈ હીરાભાઈ રબારીને તબીબે મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે રણછોડભાઈ બબુભાઈ રબારીએ નંદાસણ પોલીસ મથકમાં કારચાલક સામે ફરિયાદ નોંધાવતાં હે.કો. જયરામભાઈએ તપાસ હાથ ધરી છે.

ઈજાગ્રસ્તોના નામ

૧. અંબાબેન બબુભાઈ રબારી
૨. ગીતાબેન દશરથભાઈ રબારી
૩. રણછોડભાઈ બબુભાઈ રબારી
૪. ગીતાબેન ગાભુભાઈ રબારી
૫. ગંગાબેન રણાભાઈ રબારી
૬. હયાત રબારી (૧૫ માસ)
૭. અરવિંદ કાંતિભાઈ પટેલ

ટાયર બાળવાના કેસમાં વિજાપુર પાસના ૩ કાર્યકરની ધરપકડ

મહેસાણા

ચાર મહિના પૂર્વે હાર્દિક પટેલની ધરપકડના વિરોધમાં વિજાપુર-વિસનગર રોડ પર આવેલા મોતીપુરા રેલવે ટ્રેક પર ટાયર સળગાવવાના કેસમાં પોલીસે પાસના ૩ આગેવાનોની ધરપકડ કરતાં મામલો પુનઃ ચર્ચાસ્પદ બન્યો છે. જોકે, કોર્ટે આગોતરા આપેલા હોઈ ત્રણેયને રૂ.૧૦ હજારના જામીન પર મુકત કરાયા હતા.પાટીદાર નેતા હાર્દિક પટેલની ધરપકડના વિરોધમાં ગત ૨૯ ઓગસ્ટના રોજ રાત્રે ૯-૩૦ વાગે વિજાપુરના મોતીપુરા રેલવે ફાટક પાસે ટાયરો સળગતો વીડિયો અને તસવીરો વોટ્સઅપ અને ફેસબુક ઉપર ફરતાં થતાં વિજાપુર પોલીસના એએસઆઈ ગોંડાલાલ મગનભાઈએ નોંધાવેલી ફરિયાદ અંતર્ગત ઘટના સ્થળેથી અભિજ રમેશભાઈ પટેલની ધરપકડ કરાઈ હતી.જ્યારે અન્યોને વોન્ટેડ બતાવ્યા હતા. પોલીસે રણાસણના દિપક વિઠ્ઠલભાઈ પટેલ, ખરડોના મયંક રમણભાઈ પટેલ અને મણીપુરના રૂપલ પટેલની ધરપકડ કરી હતી. પરંતુ ત્રણેયને કોર્ટે આગોતરા જામીન આપેલા હોઈ પોલીસે રૂ.૧૦ હજારના જામીન પર મુકત કર્યા હતા.

MACSY™

WAFERS | FRYUMS | NAMKEEN

હવે મેળવો
33%*
વધારે
એજ ઉત્તમ ગુણવત્તા
અને સ્વાદ સાથે

45
થી પણ વધારે
પ્રોડક્ટ્સ

*સ્કીમ માત્ર રૂ.૫ અને રૂ.૧૦ના પેક પર લાગુ

*આ સ્કીમ બાઉલ મસાલા ખટ્ટા મીઠા મીક્ષર તીખા મીઠા મીક્ષર ચાટપુરી ભાવનગરી ગાંઠીયા ભાખરવડી ઇન્ડીટોસ અને સક્કરપારા પર જ લાગુ

રીટેઇલર્સ અને ડીલર્સ-ડીસ્ટ્રીબ્યુર્સને
સૌથી વધુ માર્જીન આપતી
એક માત્ર કંપની

જોઇએ છે ડીલર્સ-ડીસ્ટ્રીબ્યુર્સ
તમામ તાલુકા પ્રમાણે

પૂછ-પરછ માટે :
+ 91 7575006717
www.macsyfoods.com
sales.macsyfoods@gmail.com
/ macsyfoods | macsy_foods
[સંપર્ક સમય : સવારે ૯-૩૦ થી સાંજે ૬-૩૦ સુધી]

Manufactured & Marketed By :
Torneto Foods International Pvt. Ltd.
Block No: 506, At. & Post : Virpur, Himatnagar Idar Highway Road,
Ta.: Himatnagar, Dist.: Sabarkantha - 383001. Gujarat (India)

TORNETO
FOODS INTERNATIONAL PVT. LTD.